દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 100 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ- ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 April 2024, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૭ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બીજા તબક્કામાં ૮૮ બેઠક માટે ૬૪.૩૫ ટકા મતદાન






**મતદાનનો ઉત્સાહ:** લોકસભાની બીજા તબક્કાની ચૂંટણીમાં શુક્રવારે ભારે ગરમી વચ્ચે આસામના બક્સા જિલ્લાસ્થિત તૂપિલિયા ગામમાં મહિલાએ કાંખમાં બાળક સાથે આવીને મતદાન કર્યું હતું. બીજી તસવીરમાં મોરિગાંવ જિલ્લામાં મતદાન કરવાની રાહ જોઈ રહેલા મતદાતાઓ સાથે સુરક્ષા અધિકારીઓ. ત્રીજી તસવીરમાં બેંગલૂરુના રાજેશ્વરીનગરસ્થિત મતદાન મથક ખાતે મતદારોએ મતદાન કરવા લાઈન લગાડી હતી. ચોથી તસવીરમાં મેરઠમાં એક વયોવૃદ્ધ મહિલાને મતદાન કરવા ઊંચકીને મતદાન મથકે લઈને જઈ રહેલી વ્યક્તિ. (એજન્સી)

નવી દિલ્હી: લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં ૧૩ રાજ્યની ૮૮ બેઠક માટે શુક્રવારે સરેરાશ ૬૪.૩૫ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કાની ચૂંટણીમાં વાયનાડ લોકસભા બેઠકનો પણ સમાવેશ થતો હતો. આ બેઠક પરથી કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સતત બીજીવાર ચૂંટણી લડી રહ્યા હતા. કેરળની તમામ ૨૦ બેઠક, કર્ણાટકની ૨૮માંથી ૧૪, રાજસ્થાનની ૧૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ પ્રત્યેકની આઠ, મધ્ય પ્રદેશની છ, આસામ અને બિહાર પ્રત્યેકની પાંચ, છત્તીસગઢ અને પ. બંગાળ પ્રત્યેકની ત્રણ તેમ જ મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીર પ્રત્યેકની એક બેઠક માટે શુક્રવારે મતદાન થયું હતું. બીજા તબક્કામાં આમ તો ૮૯ બેઠક માટે મતદાન થવાનું હતું, પરંતુ મધ્ય પ્રદેશની બેતુલ બેઠક પર બહુજન સમાજવાદી પક્ષના ઉમેદવારનું અવસાન થતાં હવે ત્યાં ત્રીજા તબક્કામાં મતદાન થશે.

ચૂંટણીપંચના જણાવ્યા અનુસાર બીજા તબક્કાની ચૂંટણીમાં ૧.૬૭ લાખ મતદાન કેન્દ્ર પર ૧૮ લાખ કરતા પણ વધુ મતદાન અધિકારીઓને ગોઠવવામાં આવ્યા હતા. આ તબક્કામાં ૧૫.૮૮ કરોડ કરતા પણ વધુ મતદાતા હતા જેમાં ૮.૦૮ કરોડ પુરુષ અને ૭.૮ કરોડ મહિલા ઉપરાંત ૫૯૨૯ તૃતીયપંથી મતદાતાઓનો સમાવેશ થતો હતો. ૩૪.૮ લાખ પ્રથમ વારના જ મતદાતા હતા તો ૨૦થી ૨૯ની વયજૂથના ૩.૨૮ કરોડ મતદાતા. ગરમી અને લૂને ધ્યાનમાં રાખીને ચૂંટણીપંચે બિહારના ચાર લોકસભા મતદારક્ષેત્રમાં મતદાન કેન્દ્ર પર મતદાનનો સમય વધારી દેવામાં આવ્યો હતો.

બીજા તબક્કાની ચૂંટણીમાં ૧૨૦૨ ઉમેદવાર મેદાનમાં હતા જેમાં ૧૦૯૮ પુરુષ અને ૧૦૨ મહિલાનો સમાવેશ થતો હતો.

સાંજે પાંચ વાગ્યા સુધીમાં થયેલા મતદાનના આંકડા

આસામ (૭૦.૬૬ ટકા), બિહાર (૫૨.૧૩ ટકા), છત્તીસગઢ (૭૨.૧૩ ટકા), જમ્મુ-કાશ્મીર ((૬૭.૨૨ ટકા), કર્ણાટક (૬૩.૯૦ ટકા), કેરળ (૬૩.૯૭ ટકા, મધ્ય પ્રદેશ (૫૪.૯૨ ટકા), મહારાષ્ટ્ર (૫૩.૫૧ ટકા), મણિપુર (૭૬.૦૬ ટકા), રાજસ્થાન (૫૯.૧૯ ટકા), ત્રિપુરા (૭૬.૨૩ ટકા), ઉત્તર પ્રદેશ (૫૨.૬૪ ટકા), પ. બંગાળ (૭૧.૮૪ ટકા).

મુખ્ય ઉમેદવારોમાં કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), ભાજપના તેજસ્વી સૂર્યા (કર્ણાટક), હેમા માલિની અને અરુણ ગોવિલ (ઉત્તર પ્રદેશ), કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી (વાયનાડ) અને શશી થરૂર (તિરુવનંતપુરમ), કર્ણાટકના નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમારના ભાઈ ડી. કે. સુરેશ (કૉંગ્રેસ), કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એચ. ડી. કુમારસ્વામી (જેડીએસ)નો સમાવેશ થતો હતો.

કેરળના વાયનાડની બેઠક પર રાહુલ ગાંધીની સામે ભાજપના કે. સુરેન્દ્રન અને સામ્યવાદી પક્ષના એની રાજા ચૂંટણીમાં ઊભા હતા. કેન્દ્રના પ્રધાન રાજીવ ચંદ્રશેખરનો તિરુવનંતપુરમ બેઠક પર મુકાબલો કૉંગ્રેસના શશી થરૂરની સાથે થયો હતો.

જમ્મુની લોકસભાની બેઠક પર ભાજપના જુગલ કિશોર અને કૉંગ્રેસના રમણ ભલ્લા ચૂંટણી લડ્યા હતા. કોટામાંથી બે વખત સાંસદ બનેલા ઓમ બિડલાની સામે કૉંગ્રેસના પ્રહ્‌લાદ ગુંજલ ઊભા હતા. જોધપુરમાં કેન્દ્રના પ્રધાન શેખાવતથી ચૂંટણી લડી રહ્યા હતા. (એજન્સી)■

## દરેક મતના ક્રોસ-વેરિફિકેશનની અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખી

▸ હારેલા ઉમેદવારે ઈવીએમની ચકાસણી માટે અઠવાડિયામાં અરજી કરવી પડશે ▸ બૅલટ પેપર ફરી શરૂ કરાવવાનો ઈનકાર

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે મતદાન માટેના મશીન (ઇવીએમ) દ્વારા અપાયેલા દરેક મતના વૉટર વૅરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેલ (વીવીપીએટી) સાથે ક્રોસ-વેરિફિકેશન કરવાની દાદ ચાહતી અરજી શુક્રવારે કાઢી નાખી હતી. આ ઉપરાંત, મતદાન મશીનને બદલે ફરી કાગળના મતદાનપત્ર (બૅલટ પેપર) દ્વારા મતદાન કરાવવાની દાદ ચાહતી અરજી પણ કાઢી નાખવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતની બૅન્ચે જણાવ્યું હતું કે ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ બીજા અને ત્રીજા ક્રમે રહેલા (હારેલા) ઉમેદવારોની વિનંતિને પગલે મતદાન મશીન (ઇવીએમ)ના ઉત્પાદકોના (જુઓ પાનું ૨) ▸▸

## ‘ઈવીએમનો વિરોધ કરનારાના મોઢા પર જોરદાર તમાચો’: મોદી

નવી દિલ્હી/પટણા: ઈવીએમ-વીવીપીએટી કેસ મુદ્દે આજે સુપ્રીમ કોર્ટે તમામ અરજીઓની ફગાવ્યા પછી એના અંગે બિહારમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે આજે જે ચુકાદો આપ્યો છે તેનાથી અમુક લોકોના સપના ચકનાચૂર થઈ ગયા છે.

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) મારફત નાખવામાં આવેલા મતોને વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ (વીવીપીએમટી) સ્લિપ મારફત સમગ્ર મતોની ચકાસણીની માગ કરતી તમામ અરજીઓને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી હતી. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની ખંડપીઠે ચૂંટણીમાં મતપત્રો પરત લેવાની માગણીને ફગાવી હતી. આ મુદ્દે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષની ઝાટકણી કાઢી હતી.

બિહારના અરરિયામાં એક ચૂંટણી સભાને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

## વિયેટનામની સંસદના વડાનું ભ્રષ્ટાચાર સંદર્ભે રાજીનામું

હેનોઇ: વિયેટનામ સરકારની સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ વિયેટનામ સંસદના વડા વુઓંગ દિન્હ હુઇએ રાજીનામું આપ્યું હતું.

તેમણે ભ્રષ્ટાચારના કેસ સંદર્ભે રાજીનામું આપ્યું હોવાનું કહેવાય છે. અગાઉ, અનેક સરકારી અધિકારીએ પણ હોદ્દા છોડવા પડ્યા હતા.

વુઓંગ દિન્હ હુઇએના સહાયક ફામ થાઇની અંગત હિત માટે સત્તાનો દુરુપયોગ કરવા બદલ ચાર દિવસ પહેલા ધરપકડ કરાઇ હતી.

સંસદના વડાએ આપેલું સ્વૈચ્છિક રાજીનામું વિયેટનામના સામ્યવાદી પક્ષે સ્વીકાર્યું હતું. તેમણે પક્ષના નિયમનો ભંગ કરીને આચરેલા ભ્રષ્ટાચારને લીધે પક્ષની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હોવાનો આક્ષેપ છે. ૬૭ વર્ષીય વુઓંગ દિન્હ હુઇ ત્રણ વર્ષ કરતાં વધુ (જુઓ પાનું ૨) ▸▸

## સોપોરમાં બે આતંકવાદી ઠાર : ચૂંટણીમાં વિક્ષેપ પાડવાનો ઈરાદો હતો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ઉત્તર કાશ્મીરના સોપોરમાં આખી રાત ચાલેલી અથડામણમાં બે અજ્ઞાત આતંકવાદી માર્યા ગયા હતા એવી માહિતી અધિકારીઓએ શુક્રવારે આપી હતી. આ આતંકવાદીનો બદઈરાદો ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપ પાડવાનો હતો. ઉક્ત માહિતી તેમની પાસે મળેલા દસ્તાવેજોના આધારે મળી હતી.

પોલીસના ટોચના અધિકારીએ કહ્યું હતું કે સોપોરના એક મોહલ્લા નૌપોરામાં એક ઓપરેશનમાં શુક્રવારે સવારે બે આતંકવાદીને ઠાર મરાયા હતા. આતંકવાદીઓની ઓળખાણ કરવાનો પ્રયાસ ચાલુ છે. હજી ઓપરેશન ચાલુ હોવાથી મૃતદેહો જમીન પર જ પડેલા છે.

ઓપરેશન દરમિયાન બે જવાન અને એક નાગરિકને ગોળી વાગી હતી. તેમનો તત્કાળ ઉપચાર કરવાથી તેમની હાલત સુધારા પર છે.

અધિકારીઓએ અગાઉ ગુરુવારે કહ્યું હતું કે લશ્કરની ૨૨ આરઆર, કેરિપુબ અને જમ્મુ અને કાશ્મીરની પોલીસની સંયુક્ત ટીમને વિસ્તારમાં આતંકવાદી સંતાયા હોવાની વિશ્વસનીય બાતમી મળતાં સોપોરના નૌપોરા ગામમાં ઘેરાબંધી અને શોધ અભિયાન ચાલુ કર્યું હતું.



**ઍન્કાઉન્ટર:** સપોરે જિલ્લાના નોવપોરા વિસ્તારમાં આતંકવાદીઓ સાથેની અથડામણ દરમિયાન સુરક્ષા અધિકારીઓ. (એજન્સી)

જેવી ટીમ શંકાસ્પદ સ્થાનમાં પહોંચી કે સંતાયેલા આતંકવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો આને પગલે અથડામણ શરૂ થઈ હતી. ઓપરેશન ચાલુ છે અને સુરક્ષા દળોએ અથડામણના સ્થળ તરફ જનારા રોડ સીલ કરી નાખ્યા હતા.

સોપોરની શૈક્ષણિક સંસ્થાઓને શુક્રવારે રજા અપાઈ હતી. વધારાના જિલ્લા મેજિસ્ટ્રેટે આ અંગેનો હુકમ બહાર પાડ્યો હતો.

અગાઉ સુરક્ષાદળોએ ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉડીમાં લશ્કર-એ-તોઈબાને સંલગ્ન એક આતંકવાદીને હથિયારો સાથે પકડ્યો હતો. તેની પાસે એક પિસ્તોલ, બે મેગેઝિન અને ૨૦ કારતૂસ મળ્યા હતા. પોલીસ અને લશ્કરની (જુઓ પાનું ૨) ▸▸

## કૉંગ્રેસના નેતાઓ મારો પ્રચાર કરવા આવ્યા નહોતા: કુંભાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની સુરત લોકસભા બેઠક સત્તાધારી ભાજપને ચરણે ધરી દેવામાં નિમિત્ત મનાતાં કૉંગ્રેસનાં રિજેક્ટેડ ઉમેદવાર નીલેશ કુંભાણી ભૂગર્ભમાં ઊતરી ગયાં બાદ આજે શુક્રવારે તેમણે વીડિયો વાયરલ કરીને કૉંગ્રેસના નેતાઓ પર આકરાં પ્રહારો કર્યા હતાં. કુંભાણીએ કહ્યું હતું કે, આજે મારો વિરોધ કરનારાં કૉંગ્રેસના નેતાઓ જ ફૂટી ગયાં હતા. મારાં ચૂંટણી પ્રચાર કે સભામાં પણ આવતા નહોતા.

વાયરલ કરેલા વીડિયોમાં કુંભાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત હાઈ કોર્ટમાં પિટીશન દાખલ કરવા માટે જવાનો હતો. મને કૉંગ્રેસના નેતાઓ બૂથની માહિતી પણ આપતા ન હતા, પ્રતાપ દુધાત મારો ફોન ઉપાડતા ન હતા, હું કૉંગ્રેસનો સૈનિક છું અને રહેવાનો છું. હું કૉંગ્રેસના મોટા નેતાઓના સંપર્કમાં હતો પણ મારી વાત કોઈએ માની ન હતી.તો એક પણ નેતાઓ મારા પ્રચારમાં કે સભામાં આવ્યા ન હતા. અત્યારે જે આગેવાનો (જુઓ પાનું ૨) ▸▸

## યુસીસીનો અમલ મોદીની ગેરેન્ટી: અમિત શાહ

નવી દિલ્હી: કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે ભાજપના નેતૃત્ત્વ હેઠળની કેન્દ્ર સરકાર યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો અમલ કરશે કેમ કે એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ગેરેન્ટી છે.

કૉંગ્રેસ પર્સનલ લૉની વકાલત કરી રહી હોવાનો પણ શાહે આક્ષેપ કર્યો હતો.

કેન્દ્રીય પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયા ભાજપના ઉમેદવાર તરીકે જ્યાંથી લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે એ મધ્ય પ્રદેશની ગુના લોકસભા બેઠક અંતર્ગત આવતા અશોકનગર જિલ્લાના પિપરાય વિસ્તારમાં એક ચૂંટણી સભાને સંબોધન કરતાં અમિત શાહે કહ્યું હતું કે રાહુલ બાબા લોકોને લલચાવવા તમે જે ઈચ્છો તે કરી શકો છો, પરંતુ જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અમે પર્સનલ લૉને અમલમાં મૂકવા નહીં દઈએ. આ અમારું વચન અને મોદીની ગેરેન્ટી છે કે જે રીતે ઉત્તરાખંડમાં કર્યું હતું તે (જુઓ પાનું ૨) ▸▸

## મોરબી ઝૂલતો બ્રિજ કેસ: હાઇ કોર્ટે ઓરેવાના એમડી જયસુખ પટેલને ખખડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઈ કોર્ટમાં મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિતોના પુનર્વસનને લઈ સુનાવણી ચાલી રહી છે. ઝૂલતો પુલ દુર્ઘટના મામલે હાઇ કોર્ટે ઓરેવાની ધૂળ કાઢી નાંખી હતી. સુનાવણી દરમિયાન ઓરેવા કંપનીએ બિનશરતી માફી માંગી છે. ત્યારે હવે ઝુલતો બ્રિજ તૂટવાનો મામલે તા.૧૯મીએ વધુ સુનવણી હાથ ધરાશે.

ઓરેવા કંપની તરફથી હાઈ કોર્ટમાં કોર્ટની કન્ટેમ્પ્ટ દાખલ કરવાની શો કોઝ નોટિસ અને કલેક્ટર દ્વારા પીડિતોને આપવાના વળતર અંગે એફિડેવિટ ફાઈલ કરવામાં આવી હતી. ગુજરાત હાઇ કોર્ટની ફટકાર બાદ ઓરેવાના એમ.ડી જયસુખ પટેલે સોગંદનામું દાખલ કર્યું હતું. શુક્રવારે ઓરેવા કંપનીના માલિક જયસુખ પટેલે હાઈ કોર્ટની માફી માંગી હતી. જયસુખ પટેલે કોર્ટમાં કહ્યું કે, અગાઉ કોર્ટના આદેશ બાદ સમયસર જવાબ ન આપી શક્યો તે બદલ માફી માંગુ છું. હાઇ કોર્ટના આદેશનું પાલન કરવા હું બંધાયેલો છું અને હંમેશાં પાલન કરીશ. ગુજરાત હાઇ કોર્ટે કંટેમ્પ્ટ કાર્યવાહી શા માટે શરૂ ન કરવી તે અંગે ખુલાસો કરવા નોટિસ આપી હતી. ઓરેવા વતી તેમના એકાઉન્ટે પણ હાઇ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું. પીડિતોને આપવામાં આવનાર આર્થિક વળતર અને તેની પદ્ધતિ મામલે સોગંદનામું કરાયું હતું. અત્યાર સુધી આપવામાં આવેલાં વળતર અને આગામી વળતર મામલે પણ સોગંદનામું કરાયું હતું. કોર્ટે ઓરેવા કંપનીને પૂછ્યુ હતું કે, પીડિતોના પરિવારને કાયમી વળતર અંગે તમે શું વિચાર્યું છે. કંપનીની સીએસઆર જવાબદારીઓનું શું. કંપની આ દુર્ઘટનામાં દોષિત છે. આ દોષ ક્ષમા યોગ્ય નથી. કંપનીએ પીડિતો માટે કંઈક વધારે કરવું પડે. આ સામાન્ય અકસ્માત કે, એક્ટ ઓફ ગોડ નથી. કંપનીએ જ્યારે બ્રિજનો કોન્ટ્રાક્ટ લીધો ત્યારે તેણે શ્રેષ્ઠ કામ કરવાની જરૂર હતી. તે તમારી જવાબદારી બને છે. કંપની તમામ જવાબદારીમાં નિષ્ફળ નીવડી છે. તમને બેનિફિટ ઓફ ડાઉટ મળી શકે તેમ નથી. તમે જાહેર મિલકત સાથે રમત રમી છે. પીડિતોને વધારે વળતર આપવાની તમારી જવાબદારી છે. કોર્ટમાં ઓરેવા કંપનીએ જણાવ્યું હતુ કે, દુર્ઘટના બાદ પીડિતો અને મૃતકોના પરિજનોને મળી કુલ ૧૪ કરોડ ૬૨નું ચુકવણું કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં આપવામાં આવનાર નાણાકીય વળતરનાં ચુકવણા માટે જિલ્લા કલેક્ટર સાથે વાટાઘાટો ચાલુ છે. પાંચ બાબતોને લઈને વળતર મામલે વાતચીત આગળ વધી રહી હોવાનું પણ સોગંદનામામાં ટાંક્યું છે. જેમાં દુર્ઘટનાના પીડિત વૃદ્ધો, વિધવા, પીડિત, અનાથ અને ઘાયલોને માનસિક સ્વાસ્થ્ય બાબતે ચર્ચાઓ કરાઈ છે. હાઇ કોર્ટના આદેશ બાદ ઓરેવા દ્વારા ટ્રસ્ટની રચના અંગે વ્યૂહરચના તૈયાર કરાઈ છે. કુલ સાત સભ્યો ધરાવતા “મોરબી સહાય સેવા પરિવાર ટ્રસ્ટ” ની રચનાનો ડ્રાફ્ટ તૈયાર કરાયો છે. ચાર ટ્રસ્ટી સરકારની ભલામણ અને ત્રણ ટ્રસ્ટી કંપની ભલામણ મુજબ કાર્યો કરશે. જ્યારે જ્યારે દુર્ઘટના પીડિતોને જરૂર પડશે ત્યારે આ ટ્રસ્ટ મદદ કરશે. દરેક નાણાંકીય વર્ષની શરૂઆતમાં પીડિતોને આપવામાં વળતર સહિતની નાણાંકીય સહાય ટ્રસ્ટ મારફતે કરવામાં આવશે. ટ્રસ્ટનો તમામ ખર્ચ ઓરેવા ઉઠાવશે. ■

## પાટણ બેઠકના ભાજપના ઉમેદવારના કાર્યાલયના ઉદ્‌ઘાટન કાર્યક્રમ પર ક્ષત્રિય સમાજનું હલ્લાબોલ

અમદાવાદ: બનાસકાંઠાના વડગામમાં ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન કાર્યક્રમનો ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરવામાં આવતા પાટણ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર ભરતસિંહ ડાભીએ મિટિંગ રદ કરવી પડી હતી. ક્ષત્રિય સમાજના હલ્લાબોલને પગલે પોલીસ અને યુવાનો વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસે ૧૦થી વધુ ક્ષત્રિય યુવાનોની અટકાયત કરી હતી. વડગામમાં પાટણ લોકસભાના ઉમેદવાર ભરતસિંહ ડાભીના હસ્તે વડગામ વિધાનસભાના કાર્યાલયના ઉદ્‌ઘાટનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટાણે ક્ષત્રિય સમાજના યુવકો સૂત્રોચ્ચાર સાથે ધસી આવ્યા હતા. કાર્યક્રમ સ્થળ નજીક વિરોધ વ્યક્ત કરી રહેલા યુવાનોને અટકાવાના પ્રયાસ કરવામાં આવતા પોલીસ અને યુવાનો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ઘટનાથી ઘડીભર નાસભાગ મચી ગઇ હતી. ભાજપ હાય હાય .... રૂપાલા હાય... હાયના નારા વચ્ચે પોલીસે ૧૦ જેટલા ક્ષત્રિય સમાજના યુવાનોની અટકાયત કરીને આસપાસના વિસ્તારમાં પણ પોલીસે વધારાનો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. બીજી તરફ આ ઘટનાની જાણ થતા જ પાટણ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીએ તત્કાળ પોતાની બેઠક રદ કરવાની ફરજ પડી હતી. ભાજપના આગેવાન પરષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજની મહિલાઓ વિશે ટિપ્પણી કરાતા રાજપૂત સમાજમાં રોષ ફેલાયો હતો. જેના પગલે ગુજરાત સાથે સાથે અન્ય રાજ્યોમાં પણ રૂપાલાનો વિરોધ કરી તથા રૂપાલાની ટિકિટ રદ કરવાનો વિરોધ ઉઠ્યો હતો. ત્યારે ભાજપ દ્વારા ટિકિટ રદ ન કરાતા રાજપૂત સમાજમાં વધુ વિરોધ ઊઠવા પામ્યો હતો. જેમાં હવે ભાજપ સાથે તેના ઉમેદવારોનો પણ વિરોધ શરૂ થયો છે. ■

**એકસ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા મુસ્લિમ મહિલાઓના હકોની વાત કેમ નથી કરતું?

**અમેરિકા** હજુય પોતે જગત જમાદાર હતું ને દુનિયાભરના દેશોને દબડાવતું એ જમાનામાં જ જીવે છે. પોતે કંઈ પણ કહેશે એટલે બીજા દેશો પોતાના પગ પકડતા આવશે એ ભ્રમમાંથી બહાર આવવા જ અમેરિકા તૈયાર નથી ને તેનો તાજો દાખલો ભારતમાં માનવાધિકાર ઉલ્લંઘન અંગે બહાર પડાયેલો રિપોર્ટ છે.

અમેરિકાના વિદેશ પ્રધાન એન્ટની બ્લિંકને દુનિયાના જુદા જુદા દેશોમાં માનવાધિકાર કાયદાના પાલનની સ્થિતિ પર બહાર પાડેલા ૮૦ પેજના રિપોર્ટમાં ચીન, બ્રાઝિલ, બેલારુસ, મ્યાનમાર સહિતના દેશોમાં માનવાધિકારોનો ભંગ થઈ રહ્યો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતને બીજા દેશમાં શું ચાલે છે તેની સાથે લેવાદેવા નથી પણ ભારત અંગે રિપોર્ટમાં શું છે એ ભારત માટે મહત્ત્વનું છે.

અમેરિકાએ ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે એવું કરીને ભારતમાં માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું આળ મૂકીને ભારતને સ્થિતિ સુધારવાની સલાહ આપી છે. મણિપુરથી માંડીને મુસ્લિમો સાથે વ્યવહાર સુધીના મુદ્દે અમેરિકાએ ડહાપણ ડહોળ્યું છે અને ભારતને સૂફિયાણી સલાહ આપી છે.

ભારતે ૮૦ પાનાના આ રિપોર્ટને ખોટો અને ભેદભાવપૂર્ણ ગણાવીને ફગાવી દીધો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તડ ને ફડ કરીને કહી દીધું છે કે, આ રિપોર્ટ દર્શાવે છે કે ભારતને લઈને અમેરિકાની સમજ યોગ્ય નથી તેથી અમે આ રિપોર્ટને કોઈ મહત્ત્વ આપતા નથી. મીડિયાએ પણ એ જ કરવું જોઈએ ને આ રિપોર્ટને મહત્ત્વ ના આપવું જોઈએ.

ભારતનું વલણ યોગ્ય છે કેમ કે અમેરિકા ભારતમાં મણિપુરથી માંડીને મુસ્લિમો સાથે વ્યવહાર સુધીના મુદ્દે માનવાધિકારના ઉલ્લંઘનના જે આક્ષેપો કરે છે એ વાસ્તવમાં ભારતના આંતરિક મુદ્દા છે ને તેને દુનિયાના બીજા દેશો સાથે કોઈ લેવાદેવા નથી. બીજું એ કે, અમેરિકાએ આ રિપોર્ટમાં જે પણ કહ્યું એ બધું પાણીમાંથી પોરા કાઢવા જેવું છે. કોઈ પણ પ્રકારના પુરાવા વિના માત્ર ને માત્ર ખોટી ભ્રમણાઓના આધારે ચિતરામણ કરી દેવાયું છે.

આ રિપોર્ટમાં અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કરી દાવો કર્યો છે કે, મણિપુરમાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. મણિપુરમાં મેતેઈ અને કુકી સમુદાય વચ્ચેના સંઘર્ષમાં માનવાધિકારોનું ઉલંઘન થયું છે. ૨૦૨૩માં ત્રણ મે અને ૧૫ નવેમ્બરની વચ્ચે ઓછામાં ઓછા ૧૭૫ લોકો માર્યા ગયા અને ૬૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા. લોકોનાં મોત અને વિસ્થાપન અંગેના આંકડા સાચા છે પણ તેને માનવાધિકાર ભંગ સાથે શું લેવાદેવા?

બે સમુદાયનાં લોકો સામસામે લડે ત્યારે તેમને રોકવાની સરકારની જવાબદારી છે. લોકો પોતે જ લડીને એકબીજાને નુકસાન કરતાં હોય એ ચલાવી ના લેવાય કેમ કે કોઈ સભ્ય સમાજ એ રીતે ટકે નહીં. મણિપુરમાં એવું થયું ને મણિપુરની સરકાર એ રોકી ના શકી એ તેની નિષ્ફળતા કહેવાય પણ એવું દુનિયામાં બધે બને છે. અમેરિકા અને તેના પોઠિયા જેવા યુરોપના દેશોમાં પણ આ રીતે તોફાનો થાય છે, લોકો મરે છે ને વિસ્થાપિત પણ થાય છે, તેને માનવાધિકારોનું ઉલ્લંઘન ના કહેવાય. જે લોકો લડે છે એ લોકો કરતાં વધારે કિંમત નિર્દોષ લોકો ચૂકવે છે એ અન્યાય કહેવાય ને તેનું નિરાકરણ લાવવું સરકારની ફરજ છે. મણિપુરની સરકાર એ ફરજ ના નિભાવી શકી તેમાં બેમત નથી પણ તેને આટલો મોટો મુદ્દો ના બની શકાય.

આ રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે, ભારતમાં સરમુખત્યારશાહી વધી છે. કોની સરમુખત્યારશાહી વધી છે તેનો સીધો ઉલ્લેખ નથી પણ મોદી સરકારનું નામ લેવાયું છે. મોદી સરકાર પત્રકારોને ચૂપ કરવાનો અને તેમને જેલમાં મોકલવાનો પ્રયાસ કરી રહી છે એવું કહેવાયું છે. જમ્મુ-કાશ્મીરના લોકોની અભિવ્યક્તિની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનું અને લોકોને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવા દેવામાં આવતો નથી એવું પણ કહેવામાં આવ્યું છે. ભારતમાં રાજકીય કેદીઓને ટ્રાયલ વિના અટકાયતમાં રાખવાનો ઉલ્લેખ છે.

આ અહેવાલમાં બીબીસીની મુંબઈ અને દિલ્હી ઓફિસો પરના દરોડાનો પણ ઉલ્લેખ છે. રીપોર્ટમાં દાવો કરાયો છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર એક ડોક્યુમેન્ટ્રી રિલીઝ કર્યા પછી બીબીસી પર કરચોરીની તપાસના બહાને દરોડા પાડવામાં આવ્યા હતા. ૬૦ કલાકના દરોડા દરમિયાન અધિકારીઓએ કંપનીની નાણાકીય બાબતો સાથે લેવાદેવા નહોતી એવા પત્રકારોના મોબાઈલ ફોન અને લેપટોપ પણ જપ્ત કરાયા હતા.

સવાલ એ છે કે, ભારતમાં સરમુખત્યારશાહી વધી છે તો અમેરિકા ભારત સાથેના સંબંધો વધારે મજબૂત બનાવવા કેમ ફાંફાં માર્યા કરે છે? ને આ દાવો એ રીતે પણ હાસ્યાસ્પદ છે કે અમેરિકા આખી દુનિયામાં પોતાના ઈશારે નાચતા સરમુખત્યારોને થાબડે છે, તેમની પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરે છે, તેમના અત્યાચારોને ગણકારતી નથી ને અહીં ભારતને સૂફિયાણી સલાહો આપે છે.

અમેરિકાના માનવાધિકાર રિપોર્ટમાં ભારતમાં રહેતા મુસ્લિમો અંગે કશું ના કહેવાયું હોય તો નવાઈ લાગે કેમ કે અમેરિકાનો એ પ્રિય વિષય છે. આ રિપોર્ટ પ્રમાણે, ભારતની ભાજપ સરકાર ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ કરી રહી છે અને ભારતમાં લઘુમતીઓ પર હુમલા વધ્યા છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યારથી અમેરિકા આ રેર્ડ વગાડે છે કેમ કે તેના કારણે મુસ્લિમ રાષ્ટ્રો રાજી થાય છે. એક ચોક્કસ લોબી દ્વારા ભારતમાં મુસ્લિમો પર હુમલા અંગે નિયમિત રીતે જૂઠાણાં ફેલાવાય છે ને એ જ લોકો બેસીને આ રિપોર્ટ બનાવી નાંખે છે.

જે લોકો ભારતમાં મુસ્લિમો અસાલમત હોવાની કે તેમની સાથે ભેદભાવ કરાતો હોવાની વાતો કરે છે એ લોકો યુનિફોર્મ સિવિલ કૃ. સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ કે નેશનલ સિટિઝન રજિસ્ટર જેવાં ઉદાહરણ આપે છે. વાસ્તવમાં આ બધું દેશમાં સમાનતા લાવવા માટે થઈ રહ્યું છે. મજાની વાત એ છે કે જે લોકો મુસ્લિમો સાથે ભેદભાવની વાતો કરે છે તેમને જ મુસ્લિમ સમાજના ભેદભાવો દેખાતા નથી. મુસ્લિમ સમાજમાં સ્ત્રીઓને દબાવીને રખાય છે, તેમના અધિકારો છિનવાય છે એ દેખાતું નથી.

અમેરિકાના રિપોર્ટમાં કદી દુનિયાભરના મુસ્લિમ દેશોમાં મહિલાઓની સાથે કરાતા ભેદભાવ, તેમની દયનિય હાલતની વાત સાંભળી? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), શનિવાર, તા. ૨૭-૪-૨૦૨૪, સંકષ્ટ ચતુર્થી, કલ્પાદિ

- ભારતીય દિનાંક ૭, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી, પછી મૂળ.
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૭ સુધી (તા. ૨૮મી), પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૪-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૭ (તા. ૨૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૧૨, રાત્રે ક. ૧૯-૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૨-૧૨. વિંછુડો સમાપ્તિ ક. ૨૮-૨૭. સૂર્ય ભરણી નક્ષત્રમાં ક. ૧૨-૫૬. વિષ્ટિક. ૦૮-૧૮ સુધી. કલ્પાદિ, દુર્ગાદેવી રથોત્સવ (અંજરાલે-રત્નાગિરી)
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ તર્પણ શ્રાદ્ધ. સંકષ્ટી વ્રત ઉપવાસ, ગણપતિને ચંદ્રોદય પછી ચંદ્રદેવતા અને ગણપતિનું પૂજન કરી દુર્વા ચઢાવી. એકટાણાનું ભોજન લેવું, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ઈન્દ્રપૂજા, શનિ-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા. જન્મકુંડળીમાં ચંદ્રના મંગળ-શનિ-રાહુ-સૂર્ય સાથેના અશુભ યોગો હોય, મન અશાંત રહેતું હોય તથા સંઘર્ષમય જીવન હોય તો સંકષ્ટી વ્રત ઉપવાસ નિયમ પાલન, ગણેશ પૂજા, નિત્ય ગણેશ ભક્તિ લાભદાયી પુરવાર થાય છે.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ કાર્યરત રહેનારા ચંદ્ર-બુધ ત્રિકોણ ભાષાઓના જાણકાર, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ (કૃત્તિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

### ચૂંટણીના ચમકારા

# લોકો મતદાન કરવા બળદગાડાં અને વ્હિલચેરમાં મતદારમથક પહોંચ્યા

નવી દિલ્હી : શુક્રવારે લોકસભાના બીજા તબક્કાની ચૂંટણીમાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૮ બેઠકો પર મતદાન થયું હતું. કુટુંબની ત્રણ પેઢી પોલિંગ બુથમાં મતદાન પર પહોંચી હતી. લોકો મતદાન કરવા બળદગાડા અને વૃદ્ધો વ્હિલચેરમાં બેસીને મતદારમથકે પહોંચ્યા હતા.

- ★ બેંગલૂરુમાં અમુક રેસ્ટોરાંએ મતદાન કરનાર લોકોને મફત કે કીફાયતી દરે ઢોસા, લાડુ, કોફી અને બીજા ખાદ્યપદાર્થો આપવાની જાહેરાત કરી હતી અને આને લીધે આવી રેસ્ટોરાંની બહાર લાંબી કતાર જોવા મળી હતી.
- ★ છત્તીસગઢના કાંકેર મતદારક્ષેત્રમાં પોલિંગ બૂથ મંડપની જેમ શણગારવામાં આવ્યું હતું અને એમાં લગ્નની પરંપરાગત વિધિઓનું પ્રદર્શન કરાયું હતું. અનેક વર અને કન્યા પરંપરાગત લિબાસ પહેરીને કાંકેર, રાજનંદગાંવ અને મહાસમુદ મતદારક્ષેત્રમાં મતદાન કરવાં આવ્યાં હતાં.
- ★ ઉત્તર પ્રધેશના બુલંદશહરમાં મહિલા મતદાતાઓ બળદગાડીમાં બેસીને અને ઢોલ વગાડીને મતદાન કરવા પોલિંગ બૂથમાં આવ્યાં હતાં.
- ★ રાજસ્થાનના કોટા-બુંદી સંસદીય મતદારક્ષેત્રમાં ૧૦૮ વર્ષનાં ભૂરી બાઈને મતદાન કરાવવા તેમના કુટુંબીજનો વ્હિલચેરમાં બેસાડીને ગુંજારા પોલિંગ બૂથમાં લઈ આવ્યા હતા. બીજી બાજુ જમ્મુ અને કાશ્મીરમાં રિઆસીમાં ૧૦૨ વર્ષના વૃદ્ધ હાજી કરામદીને મતદાન કર્યું હતું.
- ★ જાલોરના સંકાંડના પોલિંગ સ્ટેશનમાં એક પુરુષ, તેમના પુત્ર અને પૌત્રીઓ એમ ત્રણ પેઢી મત આપવા સથે પોલિંગ સ્ટેશનમાં આવી હતી. તેઓએ બૂથના સેલ્ફી પોઈન્ટ પર ફોટો પડાવ્યા હતા.
- ★ અમુક ગ્રામવાસીઓએ પ્રાથમિક સુવિધા અને વિકાસ કાર્યના અભાવના વિરોધમાં ચૂંટણીનો બહિષ્કાર કર્યો એના ત્રણ દાખલા જોવા મળ્યા હતા. મહારાષ્ટ્રના પરભણી મતદારક્ષેત્ર, ઉત્તર પ્રદેશના મથુરા લોકસભા મતદારક્ષેત્ર અને ત્રિપુરા પૂર્વના મતદારક્ષેત્રના અમુક મતદારોએ મતદાન કર્યું નહોતું.
- ★ ચર્મરાજનગર જિલ્લામાં હાથથી વણેલા રેશમના પરંપરાગત વસ્ત્રોને પ્રોત્સાહન આપવા આઠ મહિલા ચૂંટણી અધિકારીઓએ ખાસ તૈયાર કરેલી સાડી પહેરી હતી. સાડીમાં એવું લખાણ હતું કે 'ચુનાવવા પર્વ દેશદા ગર્વ' (ચૂંટણીનું પર્વ, દેશનું ગૌરવ).
- ★ ભાજપનાં ઉમેદવાર નવનીત રાણા અને તેમના વિધાનસભ્ય પતિ રવિ રાણા અમરાવતીમાં મત આપવા મોટરસાઈકલ સવારી કરીને આવ્યાં હતાં. (એજન્સી) ■

# કન્નડ ફિલ્મ ઉદ્યોગના સ્ટાર મતદાન કરવા ઉમટયા

બેંગલૂરુ : સેન્ડલવુડના કલાકારો આ વખતે ૨૬ એપ્રિલે ચૂંટણીમાં મતદાન કરવા આગળ આવ્યા હતા. એ પણ ચકીત કરનારી વાત નથી કે જે કલાકારો હોવાની સાથે રાજકીય એક્ટિવીસ્ટ છે તેમણે પહેલ કરી હતી. પ્રકાશ રાજે મતદાન શરૂ કર્યું કે તરત જ મતદાન કરવા પહોંચી ગયા હતા. બેંગલૂરુ સેન્ટ્રલ મતદાર ક્ષેત્રના સેન્ટ જોસેફ ઈન્ડિયન હાઈસ્કૂલના મતદાર મથકમાં મતદાન કર્યા બાદ રાજે કહ્યું હતું કે મારો મત મને જેમનામાં શ્રદ્ધા છે એના માટે હતો. બીજું, પક્ષોના ચૂંટણી ઢંઢેરામાં મુદ્દાઓ માટે હતો. મેં નફરત અને દેશને વિભાજિત કરનારા લોકોની વિરુદ્ધ મત આપ્યો હતો. મેં મારા મતદાર ક્ષેત્રના સારા પ્રતિનિધિ ચૂંટવા મત આપ્યો હતો

માંડયાના કૉંગ્રેસ ઉમેદવાર વેંકટરામન ગૌડા માટે પ્રચાર કરી રહેલા એકટર દર્શન ઉર્ફે સ્ટાર ચંદ્રુએ બેંગલૂરુ ગ્રામીણ મતદારક્ષેત્રના રાજરાજેશ્વરી નગરમાં મતદાન કર્યું હતું. જોકે મતદાન કર્યા બાદ ટીપ્પણી કર્યા વગર તે જતો રહ્યો હતો. પોતાનો રાજકીય પક્ષ સ્થાપનાર એકટર અને રાજકારણી ઉપેન્દ્રે કથીરગુપ્પે (બેંગલૂરુ સાઉથ)માં મતદાન કર્યા બાદ કહ્યું હતું કે તમે તમારા દેશ, રાજ્ય અને બાળકો માટે મતદાન કરો. આ લોકશાહીનો મોટો દિવસ છે. દરેકે આનો આદર કરવો જોઈએ. બેંગલૂરુમાં સરેરાશ ૭૦ ટકા મતદાન થાય છે. જો બાકીના ૩૦ ટકા મત આપે તો આ સાચી લોકશાહી હશે. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ માટે પ્રચાર કરનાર એક્ટર કિચા સુદીપે આ વખતે પ્રચાર તો નહોતો કર્યો પરંતુ બેંગલૂરુ સાઉથના જેપી નગરમાં મતદાન શરૂ થયું એટલે મતદાન આપવા પહોંચી ગયો હતો. તેણે લોકોને મતદાન કરવાની અપીલ કરી હતી.

દરમિયાન એકટર ગણેશ તેની પત્ની શિલ્પા સાથે રાજરાજેશ્વરી નગરમાં મતદાન કરવા લાબી કતારમાં ઊભો હતો. તેણે કહ્યું હતું કે જો લાઈન લાંબી હોય તો પણ કંઈ વાંધો નથી. આપણે થોડી ધીરજ રાખવી જોઈએ. આ નાગરિક તરીકેની આપણી જવાબદારી છે.

કન્નડાની ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ફર્સ્ટ ફેમિલી સદાશિવ નગર (બેંગલૂરુ ઉત્તર)માં પૂર્ણપ્રજના એજ્યુકેશન સેન્ટરમાં મતદાનની શરૂઆતમાં મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચી ગઈ હતી. એકટર અને પ્રોડ્યુસર રાઘવેન્દ્ર રાજકુમાર, તેમના પુત્રો અને એકટર યુવા અને વિનય રાજકુમાર તેમ જ દિવંગત એકટર પુનીત રાજકુમારનાં પત્ની અશ્વિનીએ બૂથમાં મતદાન કર્યું હતું.

સુપરસ્ટાર યશ તેની પત્ની રાધીકા પંડિત સાથે બેંગલૂરુ સાઉથમાં બપોર પછી મતદાન કરવા આવ્યો હતો.

એકટર ધ્રુવ સરજાએ પત્રકારોને કહ્યું હતું કે જો લોકને મતદાન કરવા વતન જવું પડે તો જવું જોઈએ. સુપરસ્ટાર ઋષભ શેટ્ટીએ તેના વતન દક્ષિણ કન્નડમાંથી સંદેશો મોકલાવ્યો હતો. તેણે આ સંદેશામાં મતદાન કરવાનો સંકેત આપતું તર્જની આંગળી પરનું કાળું ટપકું દેખાડ્યું હતું. તેણે કહ્યું હતું કે મતદાન એ આપણો અધિકાર નહીં ફરજ છે. તેનો સાળો અને સુપરસ્ટાર રક્ષિત શેટ્ટી ઉડુપીમાં મતદાન કરતો નજરે પડ્યો હતો.

કર્ણાટકમાં ૨૬માંથી ૧૪ બેઠકમાં શુક્રવારે મતદાન થયું હતું. (એજન્સી) ■

# સુપ્રીમના ચુકાદા બાદ વીવીપીએટી ફરી કેન્દ્રસ્થાને

નવી દિલ્હીઃ ઈવીએમ મારફતે થનારા પ્રત્યેક મતનું વૉટર વેરિફિયેબલ પેપ ઑડિટ ટ્રેઈલ (વીવીપીએટી) મારફતે સંપૂર્ણ ક્રોસ વેરિફિકેશન કરવાની માગણી કરતી અરજી શુક્રવારે નકારી કાઢતાં (વીવીપીએટી) ફરી કેન્દ્રસ્થાને આવી ગયું છે.

ચૂંટણી પ્રક્રિયાની ચકાસણીમાં પારદર્શિતા આણવા અને વીવીપીએટી મશીનનો ઉપયોગ કરવા વર્ષ ૨૦૧૩માં કન્ડક્ટ ઑફ ઈલેક્શન રૂલ્સ ૧૯૬૧માં સુધારો કરવામાં આવ્યો હતો. નાગાલૅન્ડ નોકસેન વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં વીવીપીએટીનો સૌપ્રથમવાર ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એક ઈવીએમ માટે એક બૅલટ યુનિટ, એક કંટ્રોલ યુનિટ અને એક વીવીપીએટી જરૂરી હોય છે.

પ્રતિ બેલટ યુનિટ રૂ. ૭,૯૦૦, પ્રતિ કંટ્રોલ યુનિટ રૂ. ૯.૮૦૦ અને પ્રતિ વીવીપીએટી રૂ. ૧૬,૦૦૦ મળીને ઈવીએમની કુલ અંદાજિત કિંમત થાય છે.

વધુ પારદર્શિતા માટે વર્ષ ૨૦૧૯માં વિધાનસભાના પ્રતિ મતદારક્ષેત્રમાંથી અડસટ્ટે પસંદ કરવામાં આવેલા પાંચ મતદાનમથકમાંથી વીવીપીએટી સ્લિપ ઈવીએમ કાઉન્ટ સાથે મૅચ કરવામાં આવી હતી. ચૂંટણી પંચના જણાવ્યાનુસાર અત્યાર સુધીમાં ભાગ્યે જ તેમાં મિસમૅચ જોવા મળ્યું છે. બૅલેટ યુનિટ પર મતદાર તરીકે ઉમેદવાર માટે કરવામાં આવેલા મતદાન બદલ મહિલા કે પુરુષ મતદાતા વીવીપીએટીની નાની વિન્ડો પર સાત સેકન્ડ માટે ઉમેદવારના પક્ષના ચૂંટણી પ્રતીક સાથેની સ્લિપ જોઈ શકે છે.

ત્યાર બાદ સ્લિપ બાસ્કેટમાં જતી રહે છે. ભારત ગુપ્ત મતદાનના સિદ્ધાંતમાં માનતું હોવાને કારણે મતદાતા આ સ્લિપ તેની સાથે ઘરે લઈ જઈ શકતો નથી.

ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપન્કર દત્તાની ખંડપીઠે જુદા જુદા બે ચુકાદા આપી ચૂંટણીમાં ફરી બૅલેટ પેપરનો ઉપયોગ કરવાની માગણી સહિતની આ મામલે દાખલ કરવામાં આવેલી તમામ અરજી નકારી કાઢી હતી.

ખંડપીઠે ચૂંટણીપંચને પ્રતીકને લૉડ કરવા ઉપયોગમાં લેવાતા ઈવીએમ યુનિટને સિલ કરી ૪૫ દિવસ માટે સ્ટ્રોન્ગ રૂમમાં મૂકી દેવાનો આદેશ આપ્યો હતો.

મતદાન માટે ઉપયોગમાં લેવાતા ઈવીએમ અને વીવીપીએટી સ્લિપને ૪૫ દિવસ માટે સ્ટ્રોન્ગ રૂમમાં રાખવાનો ખંડપીઠે આદેશ આપ્યો હતો.

ચૂંટણી પરિણામના ૪૫ દિવસની અંદર કોઈપણ વ્યક્તિ ચૂંટણીને પડકારતી અરજી હાઈ કોર્ટમાં દાખલ કરી શકે એમ હોવાને કારણે જો કોર્ટ અરજીની સુનાવણી માટે ચૂંટણીનો રેકોર્ડ માગી શકે એમ હોવાને કારણે મતદાન માટે ઉપયોગમાં લેવાતા ઈવીએમ અને વીવીપીએટી સ્લિપને ૪૫ દિવસ માટે સ્ટ્રોન્ગ રૂમમાં રાખવામાં આવે છે.

પરિણામ જાહેર કરવામાં આવ્યાના સાત દિવસ બાદ ફી ભરીને વેરિફિકેશનની અરજી કરી શકાય છે. ■

# તેલંગણામાં ૧૦૦ કરોડથી વધુની સંપત્તિ સાથે આઠ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

હૈદરાબાદઃ તેલંગણામાં આઠ જેટલા લોકસભા ઉમેદવારોએ તેમની કૌટુંબિક જંગમ અને સ્થાવર સંપત્તિ રૂ. ૧૦૦ કરોડથી વધુની કિંમતની જાહેરાત કરી છે. જેમાં ચેવેલ્લા સેગમેન્ટના ભાજપના ઉમેદવાર કે વિશ્વેશ્વર રેડ્ડી રૂ. ૪,૫૬૮ કરોડ સાથે યાદીમાં ટોચ પર છે.

નોંધપાત્ર રીતે ચૂંટણીમાં ટોચના ત્રણ સૌથી અમીર ઉમેદવારો ચેવેલ્લા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ચેવેલ્લાના કૉંગ્રેસના ઉમેદવાર રણજીત રેડ્ડી ૨૩ કરોડના કરજ સાથે રૂ. ૪૩૫.૩૩ કરોડની કૌટુંબિક સંપત્તિ જાહેર કર્યા પછી બીજા સ્થાને રહ્યા છે. તેમના પરિવાર પાસે ૨૯૪.૩૩ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ છે જ્યારે ૧૪૧ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. ત્રીજુ સ્થાન ચેવેલ્લાના બીઆરએસ ઉમેદવાર કાસાની જ્ઞાનેશ્વરના કબજામાં છે. જેમણે તેમના પરિવારની કુલ રૂ. ૨૨૮.૪૬ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિ જાહેર કરી હતી. હૈદરાબાદ લોકસભા મતવિસ્તારમાંથી ભાજપ ઉમેદવાર કે માધવી લથાએ તેમની કૌટુંબિક સંપત્તિ રૂા. ૨૧૮.૩૮ કરોડ રૂપિયા જાહેર કરી છે. તેના પરિવાર પર ૨૭ કરોડ રૂપિયાનું કરજ છે. માધવી લાથા હૈદરાબાદ મતવિસ્તારમાં એઆઇએમઆઇએમના વડા અસદુદ્દીન ઓવૈસી અને કૉંગ્રેસના સમીર વલીઉલ્લાહ સામે ટકરાશે. ખમ્મમ લોકસભા મતવિસ્તારના બીઆરએસ ઉમેદવાર નમા નાગેશ્વર રાવએ તેમના પરિવારની જંગમ અને સ્થાવર રૂ. ૧૫૫.૮૯ કરોડની સંપત્તિ જાહેર કરી હતી. ઝહીરાબાદ સેગમેન્ટના ભાજપના ઉમેદવાર બી. બી. પાટીલ પાસે રૂ. ૧૫૧.૬૮ કરોડની કૌટુંબિક સંપત્તિ છે. ઝહીરાબાદથી બીઆરએસ ટિકિટ પર ચૂંટણી લડી રહેલા કામી મલ્લેશે ૧૪૫.૩૩ કરોડ રૂપિયાની કૌટુંબિક સંપત્તિ જાહેર કરી છે.

નિઝામાબાદના વર્તમાન ભાજપના સાંસદ ડી અરવિંદે રૂ. ૧૦૯.૮૯ કરોડની સંપત્તિ અને રૂ. ૩૦.૬૭ કરોડનું કરજ જાહેર કર્યું છે. તેમનો મુકાબલો બીઆરએસના બાજીરેડ્ડી ગોવર્ધન અને કૉંગ્રેસના ટી જીવન રેડ્ડી સાથે થશે. વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામા મુજબ ૩૦થી વધુ ઉમેદવારોએ ૧૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. તેલંગણામાં ૧૭ લોકસભા બેઠકો માટે ૧૩ મેના રોજ ચૂંટણી યોજાશે. નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૫ એપ્રિલ હતી અને નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૨૯ એપ્રિલ છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### દરેક મતના ક્રોસ-વેરિફિકેશન

ઇજનેરો મશીનના માઇક્રોકન્ટ્રોલરને તપાસી શકશે. તેણે જણાવ્યું હતું કે ચૂંટણીના પરિણામ જાહેર થાય, તે પછી સાત દિવસમાં જ (હારેલા) ઉમેદવારોએ મતદાન મશીનના માઇક્રોકન્ટ્રોલર તપાસવા માટે જરૂરી ફી ભરીને વિનંતિ કરવી પડશે. જો ઇવીએમ સાથે ચેડાં થયા હોવાનું માલૂમ પડશે, તો ફરિયાદ કરનારા ઉમેદવારને તેણે ભરેલી ફી પાછી અપાશે. મતદાન મશીનના ત્રણ એકમ (યુનિટ) - બૅલટ યુનિટ, કન્ટ્રોલ યુનિટ અને વૅરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેલ (વીવીપીએટી) હોય છે. આ ત્રણે માઇક્રોકન્ટ્રોલર સાથે જોડાયેલા હોય છે. હાલમાં ચૂંટણી પંચ વિધાનસભાના દરેક મતક્ષેત્ર દીઠ પાંચ મતદાન મથકમાંના મતદાન મશીન (ઇવીએમ) સાથે તેના વૅરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેલ (વીવીપીએટી)ની સ્લિપને સરખાવે છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ઇવીએમમાંના દરેક મતનું વીવીપીએટી સાથે ક્રોસ-વેરિફિકેશન કરવાથી ચૂંટણીની યંત્રણા સામે બિનજરૂરી સંશય ઊભો કરશે. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ દીપંકર દત્તાની બનેલી બૅન્ચે જણાવ્યું હતું કે લોકશાહીમાં બધી સરકારી સંસ્થાઓ વચ્ચે આપસમાં વિશ્વાસ પેદા કરવાની જરૂર છે. અમે આ કેસમાં કરાયેલી બધી અરજીને કાઢી નાખીએ છીએ. સર્વોચ્ચ અદાલતની આ બૅન્ચ વતી ચુકાદો વાંચતા ન્યાયાધીશ ખન્નાએ ચૂંટણી પંચને ઇલેક્ટ્રોનિક વૉટિંગ મશીનોમાં ચિહ્નો લૉડ કરવા માટે વપરાયેલા યુનિટ્સ ચિહ્નો લૉડ કર્યા બાદ ૪૫ દિવસ સ્ટ્રોંગ રૂમમાં રાખવાનો આદેશ આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે ચૂંટણી પંચ વૅરિફાયેબલ પેપર ઑડિટ ટ્રેલ (વીવીપીએટી) સ્લિપની ગણતરી કરવા માટે વપરાયેલા મતદાન મશીનની ચકાસણી કરી શકશે. આ ઉપરાંત, રાજકીય પક્ષોના ચિહ્નોની સાથે 'બાર કૉડ' વાપરવા અંગે પણ નિર્ણય લઇ શકશે. અગાઉ, બૅન્ચે સંબંધિત સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે અમે (સર્વોચ્ચ અદાલત) ચૂંટણીપ્રક્રિયાનું નિયંત્રણ કરી ન શકીએ અને મતદાન મશીનની ક્ષમતા અંગે ઊભી કરાતી કોઇ શંકાને પગલે આદેશ આપી ન શકીએ. સર્વોચ્ચ અદાલતમાં આ કેસમાં અરજી કરનારા વિવિધ અરજદારમાં બિનસરકારી સંસ્થા - એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સનો પણ સમાવેશ થાય છે. લોકસભાની સાત તબક્કાની ચૂંટણી ૧૯ એપ્રિલે શરૂ થઇ હતી અને ચોથી જૂને પરિણામ જાહેર કરાશે. આ ચૂંટણીનો બીજો તબક્કો ૨૬ એપ્રિલ, શુક્રવારે યોજાયો હતો. (એજન્સી) ■

### ઈવીએમનો વિરોધ

સુપ્રીમ કોર્ટનો ચુકાદો વિપક્ષના ચહેરા પર જોરદાર લપડાક છે. હવે આ લોકો મોંઢું ઊંચું કરીને જોઈ શકશે નહીં. આજનો દિવસ લોકશાહી માટે શુભ દિવસ-વિજય દિવસ છે. જૂના દિવસો પાછા આવશે નહીં. ગઠબંધનના દરેક નેતાએ દેશની જનતાની માફી માગવી જોઈએ. વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટે આજે જે કહ્યું છે એનાથી વિપક્ષના સપના ચકનાચૂર થયા છે. કોર્ટે બેલેટ પેપર ફરી પાછા આવશે નહીં. અમુક લોકો ઈવીએમને બદનામ કરવાની કોશિશ કરી રહ્યા છે, જ્યારે જે લોકોએ પણ ઈવીએમને બદનામ કરવાની કોશિશ કરી છે એ લોકોના મોંઢા પર પણ સુપ્રીમ કોર્ટે તમાચો માર્યો છે. આજે લોકતંત્ર માટે વિજય દિવસ છે. આ મુદ્દે વડા પ્રધાન મોદીએ કહ્યું કે આજે પૂરી દુનિયા ભારતમાં લોકશાહીની, ભારતની ચૂંટણી પ્રક્રિયાની, ચૂંટણીમાં ટેક્નોલોજીના ઉપયોગની પ્રશંસા કરી રહી છે, ત્યારે આ લોકો પોતાના અંગત સ્વાર્થ માટે ઈવીએમને બદનામ કરવામાં વ્યસ્ત હતા. આ લોકોએ લોકતંત્રને વિશ્વાસઘાત કરવાની કોશિશ કરી છે. ■

### વિયેટનામ

સમયથી વિયેટનામની રાષ્ટ્રીય ધારાસભાના અધ્યક્ષ હતા. વિયેટનામમાં રાષ્ટ્રીય ધારાસભાના અધ્યક્ષ પ્રમુખ, વડા પ્રધાન અને સામ્યવાદી પક્ષના વડા પછી ચોથા ક્રમના શક્તિશાળી નેતા ગણાય છે.

ભૂતપૂર્વ પ્રમુખ વો વૅન થુઓંગે પણ ગયા માર્ચમાં આવા સંજોગમાં જ રાજીનામું આપ્યું હતું. (એજન્સી) ■

### કુંભાણી

વિરોધ કરે છે તે ફુટી ગયા હતા. ૨૦૧૭માં મારી ટિકિટ આવી અને કપાઇ ગઈ ત્યારે ભાજપમાંથી મને ઓફર હતી કે ભાજપમાં જોડાઈ જાવ અથવા અપક્ષ લડો અથવા કૉંગ્રેસના વિરોધમાં નિવેદન આપો, તેમ છતાં મેં કૉંગ્રેસ પાર્ટીને નુકસાની જાય તેવું નિવેદન આપ્યું ન હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, ઉમેદવારીપત્ર રદ થવાના આખા મામલામાં કુંભાણીની ભૂમિકા શંકાસ્પદ જણાતાં કૉંગ્રેસે આજે શુક્રવારે તેમને પક્ષ વિરોધ પ્રવૃત્તિ કરવા સબબ છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા હતા. સુરત લોકસભા કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ બાકીના તમામ ઉમેદવારોએ પણ ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સુરતની બેઠક પરથી બિનહરીફ વિજયી થયા હતા. ■

### અમિત શાહ

જ રીતે અમે દેશભરમાં યુસીસીને અમલમાં મૂકીશું. વર્ષ ૨૦૧૯માં મોદી સરકારે એક જ ઝાટકે બંધારણની કલમ ૩૭૦ રદ કરી હતી. રાહુલ બાબા ડરતા હતા કે બંધારણની કલમ ૩૭૦ રદ કરવામાં આવશે તો લોહીની નદીઓ વહેશે, પરંતુ રાહુલ બાબા આ કૉંગ્રેસ સરકાર નથી. એ લોકોમાં એક પથ્થર ફેંકવાની પણ હિંમત નહોતી એમ જણાવતાં શાહે કહ્યું હતું કે અમારી સરકારે દેશને આતંકવાદ અને નક્સલવાદથી મુક્ત કરાવ્યો છે. મધ્ય પ્રદેશને પણ અમે આ દૂષણથી મુક્ત કરાવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### સોપોરમાં બે આતંકવાદી ઠાર

આઠમી રાષ્ટ્રીય રાઈફલ્સને બાતમી મળતાં ઉડીના કમલકુટ મંડયાના ક્ષેત્રમાં સંયુકત પેટ્રોલિંગ શરૂ કર્યું. આ દરમિયાન એક પદયાત્રીની ગતિવિધિ શંકાસ્પદ માલૂમ પડી. સુરક્ષા દળોને જોઈને ઈસમે ત્યાંથી ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ સર્તક દળોએ તેને પકડી પાડ્યો. પ્રારંભિક પૂછપરછમાં તેણે પોતાની ઓળખાણ ફારુખ અહમદ ખોકરના પુત્ર સલામદ્દીન ખોકર અને કાલસી કમલકૂટના નિવાસી તરીકે આપી હતી. તેના પાસેથી હથિયારો મળતાં પોલીસે કેસ નોંધ્યો હતો. ■

# વડોદરામાં અમિત શાહનો ત્રણ કિલોમીટરનો રોડ શો યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચારનો ધમધમાટ શરૂ થઈ ગયો છે શનિવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ વડોદરા ખાતે ઝંઝાવાતી પ્રચાર કરવા આવવાના છે. જેને પગલે હાલ પાર્ટી તેમજ તંત્ર દ્વારા પુરજોશમાં તૈયારીઓ કરવામાં આવી રહી છે. અમિત શાહનો ત્રણ કિ.મી. લાંબો રોડ શો યોજાશે. જેમાં તેમની સાથે માત્ર ઉમેદવાર જ હાજર રહેશે.

જેમ જેમ ચૂંટણીના મતદાનની તારીખો નજીક આવી રહી છે તેમ તેમ છેલ્લા દિવસો સુધી ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચારની કામગીરીએ વેગ પકડ્યો છે. ભાજપ દ્વારા પોતાના ઉમેદવારોને ચૂંટણીમાં જીત અપાવવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત શનિવારે વડોદરા ખાતે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા તેમના ઉમેદવારો માટે પ્રચાર કરવામાં આવશે. વડોદરામાં ચૂંટણી પ્રચાર માટે અમિત શાહ ત્રણ કિલોમીટરનો રોડ શો કરશે. જેમાં અમિત શાહ સાથે વાહનમાં ફક્ત ઉમેદવાર જ હાજર રહેશે. જ્યારે અન્ય ધારાસભ્યો સહિતના આગેવાનોએ રોડ શોમાં ચાલવું પડશે. અમિત શાહનો આ રોડ શો પ્રતાપનગર રણમુક્તેશ્વર મંદિરથી ખંડેરાવ માર્કેટ સુધી યોજાશે. અને આ રોડ શોના રૂટના રોડ પર રંગોળીઓ કરી ઉત્સવ જેવો માહોલ સર્જાશે. બીજી તરફ કેન્દ્રીય ગૃહપ્રધાનના આ પ્રચાર રેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ રોડ શો શાંતિપૂર્વક માહોલમાં પૂર્ણ થાય તેના માટે વડોદરા શહેર પોલીસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત માંડવી સહિત રૂટ વિસ્તારમાં શહેર પોલીસ સહિત એસઆરપીની બે કંપની તૈનાત રહેશે. લોખંડી સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રોડ શોનું આયોજન કરાયું છે. ■

# કચ્છના ખડીરમાં ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાનો કાફલો રાજપૂત યુવાનોએ અટકાવ્યો

## ક્ષત્રિયોની લડાઈમાં મુસ્લિમો પણ થશે સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:આગામી લોકસભાની સામાન્ય ચૂંટણીના મતદાનને હવે જ્યારે ગણતરીના જ દિવસો બાકી રહ્યા હોઈ દરેક પક્ષના ઉમેદવારો સ્ટાર પ્રચારકોના કાફલા સાથે ગામે ગામ રઝળપાટ કરીને આજના યુગના સ્માર્ટ મતદારોને રીઝવવા મથામણ કરી રહ્યા છે ત્યારે રાજકોટની લોકસભા બેઠકના ભાજપના 'જિદ્દી' ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા વિરૂદ્ધ રાજપૂત ક્ષત્રિય સમાજે સમગ્ર ગુજરાતમાં વિરોધ આંદોલન ફરી શરૂ કર્યું છે અને રૂપાલા સહિત ગુજરાતમાં ભાજપના ઉમેદવારોને મત નહીં આપવાના સંકલ્પ સાથે ઠેર ઠેર ભાજપના ઉમેદવારોનો વિરોધ કરાઈ રહ્યો છે. ભાજપ સામેના વિરોધની આગ કચ્છની પાકિસ્તાન સરહદે આવેલા છેલ્લાં ગામ એવા રાપરના ખડીર અને અમરાપર સુધી પહોંચી ચૂકી છે.

કચ્છ બેઠકના ભાજપના ત્રીજી વખતના ઉમેદવાર વિનોદ ચાવડાનો કાફલો રાપરના ગામોમાં પ્રચાર માટે નીકળ્યો હતો એ દરમ્યાન ખડીર અમરાપરમાં રસ્તા પર જ રાજપૂત સમાજના યુવાનોના ટોળાંએ એકઠાં થઈ ચાવડાના કાફલાને આગળ જતાં અટકાવવા પ્રયાસ કર્યો હતો. પોલીસે બળપ્રયોગ કરીને ટોળાંને હટાવ્યાં બાદ ચાવડાનો કાફલો પોલીસ રક્ષણ સાથે મંદ ગતિએ આગળ વધતાં રોષે ભરાયેલાં રાજપૂત યુવકોએ ભાજપ અને પોલીસ વિરોધી નારા પોકાર્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૯૦ના દાયકાથી ભાતીગળ કચ્છ જિલ્લો ભાજપનો ગઢ ગણાય છે, પરંતુ રાજપૂતોએ આ ગઢને ધરાશાયી કરવા વિવિધ સમાજનો સહારો લેવાનું આયોજન કર્યું છે. રાજપૂતોએ આ ગઢને ધરાશાયી કરવા હવે મુસ્લિમ સમાજ પાસે મદદ માંગી છે. શુક્રવારે ભુજમાં કૉંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલણના ચૂંટણી પ્રચાર કાર્યાલયના પ્રારંભ પ્રસંગે બોલતાં મુસ્લિમ આગેવાન અને કૉંગ્રેસના અગ્રણી નેતા હાજી જુમા રાયમાએ ભાજપની નીતિ રીતિ પર વેધક પ્રહાર કરી જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ક્ષત્રિયોના સાથથી ભાજપના ગઢને ધરાશાયી કરવા મુસ્લિમ સમાજનું એક વિશાળ સંમેલન યોજવામાં આવશે. ■

# આખરે સુરત બેઠકના ભૂ.પુ. ઉમેદવાર કુંભાણી કૉંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં સુરત બેઠકની ચર્ચા થઈ રહી છે. આ બેઠક પર ભાજપ બિનહરીફ બન્યું છે. કોંગ્રેસના ઉમેદવાર નીલેશ કુંભાણીના ટેકેદારોનો વિવાદ અને બાકીના ૮ અપક્ષ ઉમેદવારો ખસી જતા સુરત બેઠક સીધેસીધી રીતે ભાજપને ફાળે ગઈ છે. જોકે, સુરત લોકસભા બેઠક પર હાઈ વોલ્ટેજ ડ્રામા હજી પણ ચાલી રહ્યો છે. સુરત લોકસભાનાં કૉંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી કોંગ્રેસ પક્ષમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની શિસ્ત સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચાના અંતે નીલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તમને કોંગ્રેસ પક્ષે સંસદની ટિકિટ આપી હતી. સૌરાષ્ટ્રના અનેક પાટીદારો તથા અન્ય સૌરાષ્ટ્રના લોકો કે જેઓ સુરત સ્થિત થયા છે તેમના પ્રતિનિધિ તરીકે તમે અવાજ ઉઠાવો તેવી ગણતરી પક્ષની હતી. તમારા ફોર્મને રદ થવાની બાબતમાં તમારી સંપૂર્ણપણે નિષ્કાળજી અથવા ભારતીય જનતા પાર્ટી સાથે તમારું મેળાપીપણું હોવાની પરિસ્થિતિ સ્પષ્ટ દેખાઈ આવી હતી. આમ છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તમે આવીને પૂરી સ્પષ્ટતા કરી શકો અને તમારો પક્ષ રજૂ કરી શકો તે માટે શિસ્ત સમિતિએ તમને સમય આપ્યો હતો. તમો નાટ્યાત્મક રીતે ગાયબ છો અને તમે કોઈપણ જાતનો તમારા પક્ષે ખુલાસો કરેલ નથી, જેથી પક્ષે છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો હોવાનું સમિતિએ જણાવ્યું હતું. ■

# સુરતના બે પાટીદારો યુવા નેતાઓએ હવે આપ છોડીને ભાજપ ભણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપનારાં સુરતના બે યુવા પાટીદાર ચહેરા હવે ભાજપમાં જોડાશે. અલ્પેશ કથેરિયા અને ધાર્મિક માલવિયા હવે ભાજપમાં જોડાશે. ભાજપ દ્વારા આમંત્રણપત્રિકા બહાર પાડવામાં આવી છે. જેમાં શનિવારે આ બંન્ને પાટીદાર નેતાઓ ભાજપમાં જોડાશે તેવું લખવામાં આવ્યું છે.

ભાજપ દ્વારા પ્રસિદ્ધ થયેલી પત્રિકામાં જણાવવામાં આવ્યુ છે કે, શનિવારે રાતે પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની હાજરીમાં અલ્પેશ પટેલ અને ધાર્મિક માલવિયા સુરત ખાતે ભાજપમાં જોડાશે. આ પ્રસંગમાં સુરતના લોકસભા બેઠકના ઉમેદવાર મુકેશ દલાલ, નિરંજન ઝાંઝમેરા, પ્રફુલ પાનશેરીયા, મુકેશ પટેલ અને દક્ષેશ માવાણી પણ હાજર રહેશે.

અલ્પેશ કથેરિયા ૨૦૨૨માં સુરતની વરાછા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. તે સમયે ભાજપના કુમાર કાનાણી સામે હાર મળી હતી. અલ્પેશ કથેરિયા રાજીનામું આપવાનું કારણ સામાજિક કાર્યો કરવાનું આપ્યું છે. બીજી તરફ ધાર્મિક માલવિયાની ઓલપાડ બેઠક પરથી મુકેશ પટેલ સામે વિધાસભા ચૂંટણીમાં હાર થઈ હતી. આ બન્ને નેતાઓએ હજુ સુધી કઈ પાર્ટીમાં જોડાશે તે અંગે સ્પષ્ટતા નથી કરી. પરંતુ તેઓ રાજકારણ સાથે સંકળાયેલા રહેશે તેવી ચર્ચાઓ થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અલ્પેશ કથેરિયા અને ધાર્મિક માલવિયા બન્ને પહેલા આમ આદમી પાર્ટીમાં હતા. તે બંન્ને ૨૦૨૨માં લોકસભાની ચૂંટણી લડી ચૂક્યા છે અને તેમણે હારનો સામનો કરવો પડ્યો હતો. આ પહેલા પણ પાસ આગેવાનો ભાજપમાં જોડાય તેવી અટકળો હતી. ગુજરાતની લોકસભાની ચૂંટણી પહેલા પાસ કન્વીનર રહી ચૂકેલા હાર્દિક પટેલ ભાજપમાં જોડાયા ત્યારે તેમની નજીકના સાથીઓ પણ ભાજપમાં આવશે તેવી અટકળો લગાવવામાં આવી રહી હતી. જોકે, તે સમયે અલ્પેશ અને ધાર્મિક જેવા આપના નેતાઓએ પાર્ટી છોડવાનો ઈનકાર કરી દીધો હતો. ■

# ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલે પોતાના મત વિસ્તારમાં પ્રચાર શરૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહેતા ઉમેદવારોએ જોરશોરથી પ્રચાર પણ શરૂ કરી દીધો છે. શુક્રવારે નવસારીમાં ભાજપના ઉમેદવાર સી.આર.પાટીલના પ્રચાર માટે બાઈક રેલીનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના નેતા અને કાર્યકરો જોડાયા હતા.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન આગામી ૭મી મેના દિવસે યોજાવાનું છે ત્યારે હવે મતદારો સુધી પહોંચવા માટે ભાજપ અને કૉંગ્રેસે એડી ચોટીનું જોર લગાવ્યું છે. શુક્રવારે નવસારીમાં સી. આર. પાટીલનો પ્રચંડ પ્રચાર શરૂ થયો છે. નવસારીમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગણદેવી ચીખલી અને ખેરગામ તાલુકામાં જુદા જુદા આગેવાનો દ્વારા સી. આર. પાટીલનું સ્વાગત કરવામાં આવશે. ગણદેવી તાલુકાના બીલીમોરા નજીક આવેલા આતલીયા ગામથી શરૂ થયેલી આ વિશાળ બાઇક રેલી જુદા જુદા વિસ્તારોમાં ફરી. ખેરગામ તાલુકામાં જઈ સમાપન થયુ હતું. ■

# ગાંધીનગર લોકસભા બેઠકમાં ચૂંટણી ખર્ચમાં કૉંગ્રેસના ઉમેદવાર ભાજપ કરતાં આગળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર લોકસભા બેઠક ઉપર ભાજપ અને કૉંગ્રેસ સહિત કુલ ૧૪ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. જેમાં લોકસભાની ચૂંટણીના ફોર્મ ભર્યા બાદ ઉમેદવારો દ્વારા કરવામાં આવેલા ખર્ચનો પ્રથમ વખતનો હિસાબ રજૂ કરવાનો હતો. જેમાં ભાજપના ઉમેદવાર અને દેશના ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા એક લાખથી વધુનો જ્યારે કૉંગ્રેસના રાષ્ટ્રીય સચિવ સોનલબેન પટેલ દ્વારા અત્યાર સુધીમાં સાત લાખ ઉપરાંતનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતમાં ચૂંટણી ખર્ચના મામલે કૉંગ્રેસના ઉમેદવાર ભાજપ કરતાં આગળ છે. ખર્ચનો પહેલો હિસાબ ગત ૨૩મી એપ્રિલ સુધીમાં રજુ કરવા જણાવવામાં આવ્યું હતું.

ગાંધીનગર લોકસભા બેઠક ઉપર ભાજપ અને કૉંગ્રેસ સહિત કુલ ૧૪ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. ઉમેદવારો દ્વારા પ્રચાર શરૂ કરી દેવાયો છે. ઉમેદવારો દ્વારા પ્રચાર પાછળ કેટલો ખર્ચ કરવામાં આવી રહ્યો છે તેની ઉપર એક્સપેન્ડીચરની ટીમ નજર રાખી રહી છે. ભાજપ દ્વારા હાલમાં જોરશોરથી વિવિધ પ્રકારના સંમેલનો અને બેઠકો કરવામાં આવી રહી છે. કૉંગ્રેસના ઉમેદવાર પણ પ્રચારમાં લાગી ગયા છે. બંને ઉમેદવારોએ પોતાનો પ્રથમ તબક્કાનો ખર્ચનો આંકડો રજૂ કર્યો હતો, ભાજપના ઉમેદવાર અમિત શાહે નામાંકન કર્યું ત્યારથી અત્યાર સુધીમાં રૂ. ૧,૦૫,૦૧૪ જેટલો ખર્ચ કર્યો છે. જ્યારે કૉંગ્રેસ મામલે ભાજપના ઉમેદવાર કરતાં આગળ નીકળી ગયા છે. તેમણે જે હિસાબ રજુ કર્યો છે તે મુજબ તેમના દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૭,૩૬,૮૨૬ જેટલો ખર્ચ કર્યો હોવાનું જાહેર કર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી પ્રચારમાં પક્ષ માટે ખર્ચની કોઈ મર્યાદા નથી, પરંતુ ઉમેદવાર માટે ૭૦ લાખની મર્યાદા નક્કી કરેલી છે. ચૂંટણીમાં મની પાવરના ઉપયોગને નિયંત્રિત કરવા માટે આ ખર્ચ મર્યાદા ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવતી હોય છે. ચૂંટણી પંચના નિયમો અનુસાર ઉમેદવારોએ નામાંકન કર્યું ત્યારથી જ એક ડાયરીમાં રોજિંદા ખર્ચનો પાઈ-પાઈનો હિસાબ રાખવાનો હોય છે. અને સમયાંતરે તેને ખર્ચના ઓબ્ઝર્વર સમક્ષ રજૂ કરવાનો હોય છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર વિભાગના ખર્ચ નિયંત્રણ ઓબ્ઝર્વર જનાર્દન એસ.એ. છે. ■

# ગુજરાતમાં વાતાવરણમાં પલટોઃ અનેક વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે રાજ્યમાં ભરઉનાળે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં શુક્રવાર વહેલી સવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો.

સુરત, વલસાડ, નવસારી, ભાવનગર, દાહોદ, છોટાઉદેપુર, મહિસાગર સહિતના જિલ્લાઓમાં વહેલી સવારે કમોસમી વરસાદ પડ્યો હતો, માવઠાના પગલે રાજ્યના માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લી જણસોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યમાં આગ ઝરતી ગરમી પડી રહી છે. અને આગામી દિવસોમાં ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં વધારો થવાની શક્યતાની વચ્ચે અચાનક રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો.

રાજ્યના સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં શુક્રવાર વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને ધીમી ધારે કમોસમી વરસાદ વરસ્યો હતો.

સુરત શહેરના ભટાર, વેસુ, પાલ સહિતના વિસ્તારોમાં છુટાછવાયાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં આ ઉપરાંત નવસારી જિલ્લાના બીલીમોરા શહેરમાં કમોસમી વરસાદ પડ્યો હતો.

વલસાડ જિલ્લામાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. માવઠાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વલસાડ જિલ્લામાં કેરીના પાકમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

તાપી જિલ્લામાં અને વ્યારા સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. મધ્ય ગુજરાતના વડોદરા, દાહોદ, છોટા ઉદેપુર અને મહિસાગર જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. વડોદરાના ડભોઇના ગ્રામ્ય વિસ્તારમાં વરસદ પડ્યો હતો.

મહિસાગર જિલ્લામાં લુણાવાડા, ખાનપુર, કડાણા, વિરપુર, બાલાસિનોર અને સંતરામપુર પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. મધ્ય અને દક્ષિણ ગુજરાતની જેમ સૌરાષ્ટ્રના ભાવનગર શહેરમાં શુક્રવારે વહેલી સવારથી વાતાવરણમાં પલટો આવ્યો હતો.

શહેરના અનેક વિસ્તારમાં ભર ઉનાળે ધીમીધારે કમોસમી વરસાદ વરસ્યો હતો. માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ■

# ભાજપ સમર્થનમાં અમદાવાદથી ગાંધીનગર સુધીની ૨૮મીથી એનઆરઆઇ કાર રેલી યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૨૮મી એપ્રિલના રોજ અમદાવાદથી સુરત સુધી એક કાર રેલી યોજાશે. આ કાર રેલી અમદાવાદ રિવરફ્રન્ટ ખાતેથી પ્રારંભ થઇ સુરત ખાતે સમાપન થશે અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તમામ એનઆરઆઇ અને એનઆરજીનું સ્વાગત કરી મુલાકાત કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમર્થનમા વિદેશમા વસતા ભારતીય નાગરિકો ગુજરાતમા કાર રેલીનુ આયોજન કર્યુ છે.

આ કાર્યક્રમ અંગે વિદેશ સંપર્ક વિભાગના કન્વીનરશ્રી દિગંત સોમપુરાએ જણાવ્યુ હતુ કે આગામી લોકસભા ચૂંટણીને પગલે વિદેશમાં રહેતા ભારતીયોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમર્થનમા કાર રેલીનુ આયોજન કર્યું છે.

વિદેશમાં રહેતા મૂળ ભારતીય લોકો દ્વારા આગામી ૨૮મી એપ્રિલના રોજ અમદાવાદથી સુરત સુધી એક કાર રેલી યોજાશે. આ કાર રેલીમાં ૧૦૦ જેટલી કારમા મૂળ ભારતીય કે જે વિદેશમાં વસવાટ કરે છે તે લોકો જોડાશે છે.

આ કાર રેલી અમદાવાદ રિવરફ્રન્ટ ખાતેથી પ્રારંભ થઇ સુરત ખાતે સમાપન થશે. ■

# ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ૩૦થી ૪૯ની વય જૂથના ૨.૧૮ કરોડ મતદારો નિર્ણાયક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ૫ બેઠકો માટેની પેટા-ચૂંટણી ૭મેના રોજ યોજાવાની છે. જેના ઉમેદવારી પત્રો ભરવાની, ચકાસણી અને પરત ખેંચવાની સંપૂર્ણ પ્રક્રિયા પૂરી થયા બાદ હવે લોકસભા માટે કુલ ૨૬૬ અને વિધાનસભા માટે કુલ ૨૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં બાકી રહ્યા છે. દરમિયાનમાં ભાજપ-કૉંગ્રેસ સહિતના પક્ષો-અપક્ષોનો ચૂંટણી પ્રચાર પણ વેગ પકડી રહ્યો છે. એકબાજુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તો બીજીબાજુ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિતના સ્ટાર પ્રચારકોના ચૂંટણી પ્રચારના કાર્યક્રમોને પણ આખરી ઓપ અપાઈ ચૂક્યા છે. આ તમામ રાજકીય ધામધૂમ બાદ આખરે તો રાજકીય પક્ષોનો મુખ્ય આશય પોતાની તરફેણમાં વોટ વધારવા અને બેઠકો જીતવાનો જ હોય છે અને તે રીતે દરેક વયજૂથના મતદારો પોતાના ઉમેદવારને વોટ આપવા ખેંચાય તે મુજબનો એક્શન પ્લાન અમલમાં મુકાય છે. આ વખતે ગુજરાતમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરુષ અને ૨,૪૧,૫૦,૬૦૩ મહિલા મળીને કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો નોંધાયા છે. જેમાંથી ચૂંટણીમાં સૌથી વધુ નિર્ણાયક ભૂમિકા ૩૦થી ૩૯ અને ૪૦થી ૪૯ વર્ષની વય-જૂથના પરિપક્વ પ્રકારના મતદારોની રહેશે.

ચૂંટણી પંચના જાહેર કર્યા મુજબ ગુજરાતના કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોમાંથી ૧૮થી ૧૯ વર્ષની વય-જૂથના કુલ ૧૨.૨૦ લાખ મતદારો નોંધાયા છે. જ્યારે ૨૦થી ૨૯ વર્ષની વય જૂથના ૧.૦૩ કરોડ મતદારો છે. આમ, એકંદરે ૧૮થી ૨૯ વર્ષ વય-જૂથના યુવાન કક્ષાના કુલ ૧.૧૬ કરોડ મતદારો છે. જ્યારે રાજ્યમાં સૌથી વધુ ૩૦થી ૩૯ અને ૪૦થી ૪૯ વર્ષની વયજૂથના મતદારોની કુલ સંખ્યા ૨.૧૮ કરોડ મતદારો જેટલી છે. જ્યારે ૫૦થી ૫૯ અને ૬૦થી ૬૯ વર્ષની વય જૂથના કુલ ૧.૨૮ કરોડ મતદારો છે. આમ, તમામ વય-જૂથના મતદારોમાં ૩૦થી ૪૯ વર્ષની વયા-જૂથના મતદારોની સંખ્યા સૌથી વધુ એટલે કે ૨.૧૮ કરોડ જેટલી છે. ગત ૨૦૧૯ની ચૂંટણીમાં ગુજરાતમાં ૬૪.૧૧ ટકા મતદાન થયું હતું અને એમાંથી ભાજપને ૬૨ ટકા તથા કોંગ્રેસને ૩૨ ટકા વોટ મળ્યા હતા અર્થાત દરેક ૧૦૦ વોટમાંથી ભાજપને ૬૨ અને કોંગ્રેસને ૩૨ ટકા વોટ હાંસલ થયા હતા. આ વખતે જો ભાજપને દરેક બેઠક ઉપર પાંચ લાખની લીડ મેળવવી હોય તો કુલ સરેરાશ મતદાન ૭૦ ટકાથી વધુ થાય તે અત્યંત આવશ્યક છે.

ભાજપના દાવા પ્રમાણે યુવા મતદારોએ તેમની તરફેણમાં વોટિંગ કર્યું હતું. ગુજરાતમાં છેલ્લા ૧૯૯૫થી વચ્ચેના એકાદ-બે વર્ષને બાદ કરતાં સતત ૨૯ વર્ષથી ભાજપની સરકાર શાસનમાં છે એટલે ૨૯ વર્ષ સુધીની વય-જૂથના મતદારોએ તો ગુજરાતમાં ભાજપ સિવાય અન્ય કોઈ પક્ષની સરકારનું શાસન જ જોયું નથી એટલે તેઓ ભાજપની તરફેણમાં મતદાન કરે તે સમજી શકાય તેવો દાવો છે, પરંતુ રાજ્યમાં આ યુવા મતદારોની સંખ્યા અન્ય વય-જૂથના મતદારોની સંખ્યા કરતાં ખૂબ ઓછી છે. વાસ્તવમાં આ વખતે ચૂંટણીના પરિણામને અને ઉમેદવારોની લીડમાં સૌથી મોટી ભૂમિકા ૩૦ વર્ષથી ૫૦ વર્ષ સુધીના મતદારો ભજવશે. એની તરફેણમાં એવી દલીલ કરાય છે કે, રાજ્યમાં ૧૮થી ૨૯ વર્ષ સુધીના ૧.૧૬ કરોડ યુવા મતદારોની સામે ૩૦થી ૪૯ વર્ષની વય-જૂથના પરિપક્વ અને સમજુ મતદારોની સંખ્યા ૨.૧૮ કરોડ જેટલી છે. જો, આ વખતે પણ લોકસભાની ચૂંટણીમાં ૬૦ ટકાથી વોટિંગ થાય તો આ પરિપક્વ મતદારોનું મતદાન જેની તરફેણમાં મોટા પ્રમાણમાં થશે તે રાજકીય પક્ષ અને તેના તે ઉમેદવારની જીત તથા મોટી લીડનો ફેંસલો થશે. ■

# અમદાવાદમાં પચીસ હથિયારો સાથે પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ૨૫થી વધુ ગેરકાયદે હથિયારો ગુજરાત એટીએસે કબજે કરી હથિયાર રેકેટ સાથે સંકળાયેલા પાંચ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે ગુનો નોંધી અન્ય રાજ્યમાંથી હથિયાર સપ્લાય કરનારની વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરમાં હથિયાર રેકેટ સાથે સંકળાયેલા આરોપીની ધરપકડ કરાતા ૨૫ પિસ્ટલ અને ૯૦ કારતૂસ સાથે પાંચની ધરપકડ કરી હતી. જેમાં મુન્નાવર પાસેથી હથિયાર ગુજરાત સપ્લાય થતા હતા. તેમાં ટ્રાવેલ્સમાં ડ્રાઈવર સાથે સંડોવણી રાખી હથિયારની હેરાફેરી કરતા હતા.

તેમાં સુરેન્દ્રનગર અને અમરેલીમાંથી હથિયાર કબજે કર્યા હતા. આરોપી શિવમ મધ્ય પ્રદેશથી ગુજરાતમાં હથિયાર લાવતો હતો. જેમાં શિવમ ૩૦ હજારમાં હથિયાર લાવી ૫૦ હજારમાં વેચતો હતો. નારોલ પાસેથી શિવમ, મનોજ પાલીસે પાંચ પિસ્તોલ જપ્ત કરી હતી. પ્રથામિક તપાસમાં કરતા ૨૦ હથિયાર ત્રણ મહિનામાં ગુજરાતમાં આપ્યા હતા. પોલીસે અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગરમાંથી પણ હથિયાર જપ્ત કર્યા હતા. ચાર આરોપી પાસેથી ૨૦ હથિયાર, ૭૦ કારતૂસ કબજે કરાયા હતા.

ગેરકાયદે હથિયારને પગલે ગુજરાત એટીએસએ ૨૫થી વધુ ગેરકાયદે હથિયાર કબ્જે કર્યા હતા. જેમાં હથિયાર રેકેટ સાથે સંકળાયેલા આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# વડોદરામાં ૬૬ લાખના નશાકારક કફ સિરપ કેસનો આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા શહેર પોલીસની ટીમે એનડીપીએસ એક્ટ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અગાઉ અમદાવાદ ગ્રામ્યના કોઠ પોલીસ સ્ટેશનમાં કોડેઇનયુક્ત નશાકારક કફ સિરપની ૫૯૦ નંગની બોટલો કે જેની કિંમત કુલ રૂ.૮૮,૫૦૦ની છે તેની હેરાફેરીના ગુનામાં તેમ જ બાજવા રેલવે સ્ટેશનની સામે આવેલ મહેશ્વરી ભુવનના ગોડાઉન નંબર-૦૬ જવાહરનગર માંથી ૧૫ ફેબ્રુઆરીના રોજ પોલીસ દ્વારા કોડેઇનયુક્ત નશાકારક કફ સીરપની બોટલોના કુલ ૩૬૭ નંગ બોક્ષ મળી આવ્યા હતા. જેમાં ૪૪,૦૪૦ નંગ બોટલ હતી. જેની કિંમત રૂપિયા ૬૬,૦૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી. આ ગુનામાં આરોપી લક્ષ્મીપુરા રોડ ખાતે રહેતા રાજેશભાઇ જયંતિલાલ પટેલની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી હતી. કાર્યવાહી દરમિયાન પોલીસ તપાસમાં એ સમયે બહાર આવ્યું હતું કે, બાજવામાં સિરપનું ગોડાઉન ધરાવનાર રાજેશ પટેલ પોતે દવાઓના ડીલર છે. ફાર્મા કંપનીઓ પાસેથી સ્ટોકમાં દવાઓ મેળવીને કેમિસ્ટને દવાઓ પૂરી પાડે છે. તેઓ પાસે દવાઓ વેચવાનું લાઈસન્સ પણ છે. ■

# રાજ્યમાં સાત દિવસ કાળઝાળ ગરમી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગરમી પડી રહી છે. રાજ્યમાં સૌથી વધું તાપમાન શુક્રવારે વલ્લભ વિદ્યાનગરમાં નોંધાયું હતું. રાજ્યમાં બપોરે ૨થી ૪ દરમિયાન અસહ્ય તાપ હોવાથી રોડ-રસ્તા પર પણ લોકોની અવર-જવર ઓછી નજરે પડી હતી. હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૭ દિવસ ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે અને તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં વલ્લભ વિદ્યાનગરમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. જ્યારે અમદાવાદમાં તાપમાન ૪૧.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. જ્યારે વડોદરામાં ૪૧ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. ■

# ગરમીએ લોકોની તબિયત બગાડીઃ પેટમાં દુઃખાવાના ૧,૦૨૪ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે અમદાવાદ શહેરમાં ૧૧ એપ્રિલથી ૨૧ એપ્રિલ સુધીમાં ગરમીના કારણે પેટમાં દુખાવો, , માથું દુખવું, ચક્કર આવવા, ભારે તાવ આવવો જેવા કુલ ૪૪૬૮ કેસો નોંધાયા છે. જેના પગલે શહેરનું મનપા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં ગરમીના કારણે સૌથી વધુ પેટમાં દુખાવાના ૧૦૨૪ અને ૯૧૫ કેસ બેભાન થવા અને ચક્કર આવવાના જ્યારે ૬૫૩ કેસ ભારે તાવના નોંધાયા છે. શહેરમાં મણિનગર પુષ્પકુંજ ચાર રસ્તા, શાહઆલમ, વસ્ત્રાલ પાંજરાપોળ ચાર રસ્તા અને અમરાઈવાડી નાગરવેલ હનુમાન ચાર રસ્તા પાસે વોટર સ્પ્રિન્કલર લગાવવામાં આવ્યા હતા.

શહેરમાં૧૩ જેટલા એમટીએસ બસ ડેપો અને ૧૬૪ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પર પીવાના પાણી અને ઓઆરએસ રાખવામાં આવ્યા છે. એપ્રિલ મહિનામાં ૪૧ જેટલા લોકોને ગરમીની અસર થતા સારવાર આપવામાં આવી હતી. શહેરમાં આગામી તા.૨૭મી અને તા.૨૮ એપ્રિલના રોજ ગરમીનો પારો ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતા છે. ■

# રનસંગ્રામ IPL-2024

## ‘હું એમએસ ધોની છું...પ્લીઝ મને ૬૦૦ રૂપિયા મોકલો, પરત મોકલી દઈશ’

### સંભાળજો, માહીના નામે ઑનલાઇન સ્કૅમ ચાલે છે

ચેન્નઈઃ ક્રિકેટનો ફીવર અત્યારે ચરમસીમાએ છે અને એમએસ ધોની શક્યતઃ કરીઅરની છેલ્લી ટૂર્નામેન્ટ રમી રહ્યો છે ત્યારે તેના નામે ઑનલાઇન થવાની પણ સંભાવના રહે એટલે તેના ચાહકોએ સ્કૅમની જાળમાં ન ફસાઈ જવાય એની કાળજી રાખવી પડે. એ તો ઠીક, પણ બનાવટી ધોની બનીને પણ કૌભાંડ થઈ શકે એ તાજેતરમાં ધ્યાનમાં આવ્યું છે.

એક સ્કૅમર (કૌભાંડકારી)એ પોતે એમએસ ધોની છે એવું બતાવીને લોકો પાસેથી પૈસા ખંખેરી રહ્યો છે. સોશિયલ મીડિયામાં શૅર કરાયેલા એક સ્ક્રીનશૉટ મુજબ ઇન્સ્ટાગ્રામના એક યુઝરને આ મુજબનો મૅસેજ મળ્યો હતોઃ ‘હાય...હું એમએસ ધોની છું. મારા પ્રાઇવેટ અકાઉન્ટમાંથી આ મૅસેજ મોકલી રહ્યો છું. હું અત્યારે રાંચી શહેરની બહારના એક વિસ્તારમાં છું અને હું મારું વૉલેટ ઘરે ભૂલી ગયો છું. શું તમે ફોનપે દ્વારા મને ૬૦૦ રૂપિયા ટ્રાન્સફર કરશો કે જેથી હું બસમાં ઘરે પહોંચી શકું. હું ઘરે પહોંચીશ કે તરત જ તમને પરત મોકલી દઈશ.’

આ સ્કૅમને લગતું ટ્વીટ વાઇરલ થયું છે અને એને શુક્રવાર સાંજ સુધીમાં સાડાત્રણ લાખથી વધુ વ્યૂઝ મળી ગયા હતા.

ટ્વિટરના એક યુઝરે લખ્યું છે, ‘આ સ્કૅમરે પોતાની સત્યતા ક્યાં પુરવાર કરી છે એ તો બતાવો.’

બીજો યુઝર લખે છે, ‘હાં યાર...રિયલ ધોની જેવો જ દેખાય છે...ક્યૂઆર કોડ ક્યાં છે?’

ત્રીજો યુઝર લખે છે, ‘ક્યા ક્યા દેખના પડ રહા હૈ.’

ચોથા યુઝરે પણ બહુ સરસ લખ્યું છે. ‘એક શરતે ૬૦૦ રૂપિયા મોકલું, જો તું ૨૦૫૦ની સાલ સુધી રિટાયર ન થવાનો હોય તો જ.’ ■




## કોલકાતાની ૧૮ સિક્સર અને ૨૨ ફોરઃ ઈડનમાં ખડકી દીધો ૨૬૧નો હાઈએસ્ટ સ્કોર

કોલકાતાઃ ઈડન ગાર્ડન્સમાં પંજાબ કિંગ્સ સામે કોલકાતા નાઇટ રાઇડર્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૬૧ રન બનાવીને યજમાન ટીમને ૨૬૨ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. કોલકાતાના બૅટર્સે કુલ ૧૮ સિક્સર અને બાવીસ ફોર ફટકારી હતી. ૨૬૧ રન ઈડનમાં હવે હાઈએસ્ટ સ્કોર છે.

ઓપનર્સ ફિલ સૉલ્ટ (૭૫ રન, ૩૭ બૉલ, છ સિક્સર, છ ફોર) અને સુનીલ નારાયણ (૭૧ રન, ૩૨ બૉલ, ચાર સિક્સર, નવ ફોર)ની જોડીએ શરૂઆતથી ધમાકા પર ધમાકા કર્યા હતા અને ૧૩૮ રનની વિક્રમી ઓપનિંગ ભાગીદારી કરી હતી.

નારાયણ ૧૧મી ઓવરમાં લેગ-સ્પિનર રાહુલ ચાહરનો શિકાર થયો એ સાથે કોલકાતાનું રનમશીન ધીમું પડતું ગયું હતું અને આ ઓપનર્સ બાદ બીજી કોઈની પણ હાફ સેન્ચુરી નહોતી થઈ. સૉલ્ટને સૅમ કરૅને ક્લીન બોલ્ડ કર્યો હતો.

વેન્કટેશ ઐયરે ૨૩ બૉલમાં બે સિક્સર અને ત્રણ ફોરની મદદથી ૩૮ રન, કૅપ્ટન શ્રેયસ ઐયરે ૧૦ બૉલમાં ત્રણ સિક્સર અને એક ફોરની મદદથી ૨૮ રન અને આન્દ્રે રસેલે ૧૨ બૉલમાં બે સિક્સર, બે ફોર સાથે ૨૪ રન બનાવ્યા હતા. શ્રેયસે હરીફ સુકાની સૅમ કરૅનની એક ઓવરમાં ત્રણ છગ્ગા અને એક ફોર સહિત ૨૩ રન બનાવ્યા હતા. રિન્કુ સિંહ ફક્ત પાંચ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. પંજાબના છ બોલર્સમાંથી અર્શદીપ સિંહે બે વિકેટ તેમ જ સૅમ કરૅન, રાહુલ ચાહર અને હર્ષલ પટેલે એક-એક વિકેટ લીધી હતી. રબાડાને બાવન રનમાં અને હરપ્રીત બ્રારને ૨૧ રનમાં વિકેટ નહોતી મળી.

અનફિટ શિખર ધવનની ગેરહાજરીમાં પંજાબના કૅપ્ટન સૅમ કરૅને ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. જોકે ત્યારે એવું લાગ્યું કે જેમ દિલ્હીના રિષભ પંતે બે અઠવાડિયા પહેલાં હૈદરાબાદને બૅટિંગ આપીને ભૂલ કરી હતી અને પૅટ કમિન્સની ટીમ ૨૬૬ રન બનાવી ગઈ હતી એમ કોલકાતાની ટીમ આ મૅચમાં ૨૮૭ રનનો આઇપીએલ-રેકૉર્ડ તોડશે અથવા ૩૦૦ રન સુધી પણ પહોંચી શકશે. ■


ફિલ સૉલ્ટ અને સુનીલ નારાયણની જોડીએ શરૂઆતથી ધમાકા પર ધમાકા કર્યા હતા અને ૧૩૮ રનની વિક્રમી ઓપનિંગ ભાગીદારી કરી હતી. (iplt20.com)

## ઇંગ્લૅન્ડના વિલ જૅક્સે ઑસ્ટ્રેલિયાના કૅમેરન ગ્રીનને ‘ભાઈ’ કહીને સંબોધ્યો

હૈદરાબાદઃ ૨૦૦૮માં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શરૂઆત થઈ એ પહેલાં આંતરરાષ્ટ્રીય મૅચોમાં હરીફ ખેલાડીઓ વચ્ચે ખૂબ ગંભીર મજાક-મસ્તી અને ટૉન્ટિંગ થતા હતા. બીજી રીતે કહીએ તો સ્લેજિંગ એટલું બધુ થતું કે ક્યારેક તો અમ્પાયરે ખેલાડીઓને ચેતવણી આપવી પડતી હતી. ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ સ્લેજિંગ કરવામાં માસ્ટર હતા. ઇંગ્લૅન્ડના અમુક ખેલાડીઓ પણ ઊણા ઉતરે એવા નહોતા. ભારત સામેની મૅચમાં પાકિસ્તાનના ખેલાડીઓ પણ ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરતા હતા.

જોકે આઇપીએલની શરૂઆત થઈ જેમાં દેશ-વિદેશના ખેલાડીઓ ભારત આવીને વિવિધ ટીમોમાં ભળીને સાથે રમવા લાગ્યા એની સકારાત્મક અસર ઇન્ટરનૅશનલ ક્રિકેટ પર પડી હતી. સ્લેજિંગનું પ્રમાણ ધીમે-ધીમે ઓછું થતું ગયું અને આઇપીએલને કારણે વિશ્વભરના ખેલાડીઓમાં ભાઈચારો વધી ગયો.

અહીં આપણે એવા ભાઈચારાની જ વાત કરવાની છે. ઇંગ્લૅન્ડનો પચીસ વર્ષીય સ્પિનિંગ ઑલરાઉન્ડર વિલ જૅક્સ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી)ની ટીમમાં છે અને પેસ બોલિંગ ઑલરાઉન્ડર કૅમેરન ગ્રીન પણ એ જ ટીમમાં છે. ગુરુવારે બેન્ગલૂરુની ટીમે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને ૩૫ રનથી હરાવી દીધું હતું. સતત છ પરાજય બાદ બેન્ગલૂરુએ પહેલી વાર વિજય જોયો એટલે એના ખેલાડીઓ બેહદ ખુશ હતા. વિલ જૅક્સે એ મૅચમાં છ રન બનાવ્યા હતા, પણ ટ્રેવિસ હેડની સૌથી મહત્ત્વની વિકેટ લીધી હતી. કૅમેરન ગ્રીને અણનમ ૩૭ રન બનાવ્યા હતા તેમ જ હિન્રિચ ક્લાસેનનો શાનદાર કૅચ પકડવા ઉપરાંત પૅટ કમિન્સ અને ભુવનેશ્વર કુમારની વિકેટ પણ લીધી હતી.

કૅમેરન ગ્રીને પોતાનો જે આનંદ ઇન્સ્ટાગ્રામ પર વ્યક્ત કર્યો હતો એમાં તેનો ‘ભાઈચારો’ સ્પષ્ટ દેખાતો હતો. ગ્રીને લખ્યું, ‘દોસ્તો, આપણે પાછા વિનર્સ લિસ્ટમાં આવી ગયા એનાથી ખૂબ આનંદ થઈ રહ્યો છે, ખરુંને?’ જવાબમાં વિલ જૅક્સે લખ્યું, ‘યસ, ગ્રીનભાઈ.’

આરસીબીએ એક્સ (ટ્વિટર) પર ‘ગ્રીનભાઈ...જૅક્સભાઈ’ના સંબોધન સાથે બન્ને ખેલાડીઓના ભાઈચારાને તેમ જ સમગ્ર ટીમ-વર્કને બિરદાવ્યા હતા.

આઇપીએલમાં બે વિદેશી ખેલાડીએ હિન્દીમાં કે ભારતની પ્રાદેશિક ભાષામાં એકમેક સાથે વાર્તાલાપ કર્યો હોય એવો આ પહેલો બનાવ નથી. હૈદરાબાદના કૅપ્ટન પૅટ કમિન્સે તાજેતરમાં થોડું તેલુગુમાં બોલ્યો હતો અને ‘પુષ્પા’ ફિલ્મને લગતો એક ફેમસ પોઝ આપીને ચાહકોને ખુશ કર્યા હતા.

બેન્ગલૂરુએ સાત વિકેટે ૨૦૬ રન બનાવ્યા બાદ હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૧ રન બનાવી શકી હતી. બેન્ગલૂરુના રજત પાટીદાર (૫૦ રન, ૨૦ બૉલ, પાંચ સિક્સર, બે ફોર)ને સૌથી અસરદાર ઇનિંગ્સ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ■






## ક્રિસ ગેઇલે નિવૃત્ત રનર ઉસેન બોલ્ટને પડકારતા કહ્યું, ‘મારી સામે ૧૦૦ મીટરની રેસ જીતી બતાવ’





દુબઈઃ આઇપીએલ પછી ક્રિકેટની બીજી મોટી સ્પર્ધા તરત જ રમાશે અને એનું યજમાન અમેરિકા ઉપરાંત વેસ્ટ ઇન્ડિઝ પણ છે.

જૂનમાં આ બે દેશમાં સંયુક્ત રીતે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ રમાવાનો છે અને દુબઈમાં હેડ ક્વૉર્ટર ધરાવનાર આઇસીસીએ જ એનું કાઉન્ટડાઉન અત્યારથી શરૂ કરી દીધું છે.

વેસ્ટ ઇન્ડિઝના એક ટાપુ જમૈકાના બે દિગ્ગજ રમતવીરો અત્યારે વિશ્વકપને લઈને ન્યૂઝમાં છે. એક છે ક્રિસ ગેઇલ અને બીજો છે ઉસેન બોલ્ટ.

૩૭ વર્ષના બોલ્ટને આઇસીસીએ ટી-૨૦ વર્લ્ડ કપ માટે બ્રૅન્ડ ઍમ્બેસેડર બનાવ્યો છે, જ્યારે રિટાયર્ડ ક્રિકેટર ગેઇલ વેસ્ટ ઇન્ડિઝની ટીમ સાથે કોઈને કોઈ રીતે સંકળાયેલો રહેશે.

આપણે જાણીએ છીએ કે ‘યુનિવર્સ બૉસ’ તરીકે ઓળખાતો ૪૪ વર્ષનો ગેઇલ આક્રમક બૅટર હતો, જ્યારે ૩૭ વર્ષીય બોલ્ટ વિશ્વનો ફાસ્ટેસ્ટ રનર હજી પણ છે. ‘લાઇટનિંગ બોલ્ટ’ તરીકે જાણીતો આ દોડવીર ૯.૫૮ સેકન્ડમાં ૧૦૦ મીટરની દોડ પૂરી કરવાનો વિશ્વવિક્રમ ધરાવે છે અને વિક્રમજનક આઠ વાર ઑલિમ્પિક્સનો ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો છે. ૨૦૦ મીટરમાં પણ બોલ્ટના જ નામે ૧૯.૧૯ સેકન્ડનો વર્લ્ડ રેકૉર્ડ છે.

હવે વાત એવી છે કે ગેઇલે મજાકમાં ઉસેન બોલ્ટને રિટાયર થયા પછી હવે ૧૦૦ મીટરની દોડમાં પોતાની સામે જીતી બતાવવાની ચૅલેન્જ આપી છે. ગેઇલે તેને મસ્તીમાં કહ્યું છે, ‘હું પૂરપાટ દોડતો હોઈશ ત્યારે મારા પગ નીચેથી જે રેતી ઉડતી હશે એને તું (બોલ્ટ) પાછળથી જોઈ રહ્યો હોઈશ.’

કેટલાકને ખબર નહીં હોય કે ઉસેન બોલ્ટ નાનો હતો ત્યારે તેને ફાસ્ટ બોલર બનવાની ખૂબ ઇચ્છા હતી, પણ રનિંગમાં તેનામાં વધુ કાબેલિયત અને ક્ષમતા હતી. તે સ્કૂલમાં ક્રિકેટ મૅચ રમતો અને લાંબા રન-અપ પર જે ઝડપથી દોડતો એ જોઈને તેના ક્રિકેટ-કોચે તેને સલાહ આપી કે તું ક્રિકેટર બનવા કરતાં રનર બનીશ તો વધુ સફળ થઈશ.

બોલ્ટે તેમની સલાહ માનીને દોડવાની પ્રૅક્ટિસ શરૂ કરી દીધી અને એ પછી જે બન્યું એ ઇતિહાસ આપણી સામે જ છે.

થોડા વર્ષ પહેલાં એક ફ્રેન્ડલી ક્રિકેટ મૅચમાં બોલ્ટે ક્રિસ ગેઇલની વિકેટ લઈને બધાને ચોંકાવી દીધા હતા.

બોલ્ટે એ જ વિકેટ લીધી એને ધ્યાનમાં રાખીને હવે ગેઇલે તેને પડકારતા કહ્યું છે કે ‘તેં મારી વિકેટ લીધી તો હું હવે તને રનિંગમાં હરાવી દઈશ.’ આઇસીસીએ ગેઇલ-બોલ્ટ વચ્ચેની આ મસ્તીમજાકવાળી ચૅલેન્જનો વીડિયો શૅર કર્યો છે.

વીડિયોમાં ગેઇલે મજાકમાં બોલ્ટ વિશે કહ્યું છે, ‘તે હજી પણ મારાથી ડરે છે. ૧૦૦ મીટરના ટ્રૅક પર તે મને જોવા જ નથી માગતો. હું પણ બહુ સારો રનર છું.’

બોલ્ટે જવાબમાં કહ્યું, ‘આપણે બધા સારી રીતે જાણીએ છીએ કે રનિંગ બિટવિન ધ વિકેટ્સમાં ગેઇલ ખાસ કંઈ દોડી જ નહોતો શક્તો. તે ઝડપથી દોડીને રન લઈ જ નહોતો શક્તો.’

ગેઇલે બોલ્ટને સામા જવાબમાં કહ્યું, ‘તે ખોટું બોલે છે. મેં દોડીને ઘણી વાર એક, બે અને ત્રણ રન લીધા છે. ક્યારેક દોડીને ચાર રન પણ લીધા છે. એટલે હું બોલ્ટને પડકાર ફેંકુ છું કે તારા રનિંગ સ્પાઇક્સ તૈયાર કરી લેજે.’

ગેઇલે બોલ્ટના બૉલમાં જ્યારે વિકેટ ગુમાવી હતી એ ઘટનાની વાત વીડિયોમાં કરી છે. તેણે કહ્યું, ‘એ ચૅરિટી મૅચ હતી. બોલ્ટ મને એક બાઉન્સર ફેંક્યો હતો. એ પછી મેં કમબૅક કરીને ફટકાબાજી શરૂ કરી દીધી હતી. તેની બોલિંગમાં મેં બે સિક્સર અને થોડી ફોર ફટકારી હતી. જોકે તેના એક બૉલમાં મારા બૅટની ઇન્સાઇડ એજ વાગી ગયા પછી બૉલ સ્ટમ્પ્સ પર આવ્યો અને હું ક્લીન બોલ્ડ થઈ ગયો હતો.’ ■

## ફિન્ચે પણ મજાકમાં કહ્યું, ‘ધોની વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી સાથે વર્લ્ડ કપમાં જોવા મળી શકે’

ચેન્નઈઃ જૂન મહિનાના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમમાં વિકેટકીપર-બૅટરના સ્થાન માટે જોરદાર હરીફાઈ છે. ઇશાન કિશનનો ચાન્સ બહુ જ ઓછો છે, પરંતુ રિષભ પંત તેમ જ સંજુ સૅમસન, કેએલ રાહુલ અને ‘ટૉક ઑફ ધ ટાઉન’ દિનેશ કાર્તિકમાંથી કોઈ એકની પસંદગી નક્કી છે. જોકે કૅપ્ટન, વિકેટકીપર અને બૅટર ત્રણેયની એકસાથે જવાબદારી સંભાળીને વિશ્વના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર તરીકેની નામના મેળવનાર મહેન્દ્રસિંહ ધોનીનું નામ પણ વર્લ્ડ કપની ટીમ માટે ચર્ચામાં છે. ભલે સત્તાવાર રીતે ધોનીનું નામ નહીં ચર્ચાતું હોય, કારણકે તે રિટાયર થઈ ગયો છે, પણ તેના કરોડો ચાહકો ઇચ્છતા જ હશે કે ધોની વર્લ્ડ કપમાં રમે.

ચેન્નઈ સુપર કિંગ્સના ધોનીને આઇપીએલની વર્તમાન સીઝનમાં બહુ ઓછા બૉલ રમવા મળ્યા છે, પણ એમાં તે ધમાકેદાર રમ્યો છે. જાણીએ તેનો પર્ફોર્મન્સઃ ધોનીની આઠમાંથી છ મૅચમાં બૅટિંગ આવી છે, તમામ છ મૅચમાં તે અણનમ રહ્યો છે, તેણે ૩૫ બૉલમાં ૯૧ રન બનાવ્યા છે, અણનમ ૩૭ રન તેનો હાઇએસ્ટ સ્કોર છે, ૨૬૦.૦૦ તેનો અદ્ભુત સ્ટ્રાઇક-રેટ છે અને તેણે આઠ છગ્ગા તથા આઠ ચોક્કા માર્યા છે.

ધોની ૨૦૦૭માં લાંબા વાળ રાખતો હતો અને ત્યારે તેની સુકાનમાં ભારતે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો. યોગાનુયોગ, હાલમાં તે લૉન્ગ હેર સાથે જ આઇપીએલમાં રમી રહ્યો છે.

હવે મૂળ વાત પર આવીએ. વીરેન્દર સેહવાગે તાજેતરમાં મજાકમાં કહ્યું હતું કે ‘ધોની બહુ સારા ફૉર્મમાં છે. તેને જૂનના વર્લ્ડ કપમાં વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી આપવી જોઈએ.’

ઇરફાન પઠાણ અને વરુણ આરૉન પણ વીરુના મંતવ્ય સાથે સંમત છે. ત્રણેયે ધોની વિશે એક સંયુક્ત ઇન્ટરવ્યૂ દરમ્યાન આ પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

એ તો ઠીક, પણ આઇપીએલમાં નવ ટીમ વતી રમી ચૂકેલા ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન આરૉન ફિન્ચને પણ લાગે છે કે ‘ધોની વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી સાથે વર્લ્ડ કપમાં જોવા મળી શકે’

૪૨ વર્ષના ધોનીને જો વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી મળે તો તે કદાચ સ્વીકારે પણ નહીં, કારણકે તેના સ્થાને કોઈ યુવા ખેલાડીનો ટીમમાં સમાવેશ થાય એવું જ તે ઇચ્છતો હશે. બીજું, ભારતમાં પાકિસ્તાન જેવું નથી કે કોઈ ફેમસ ખેલાડી નિવૃત્તિ જાહેર કરી દે ત્યાર બાદ થોડા સમય પછી રિટાયરમેન્ટ પાછું ખેંચી લે.

જોકે જૂનના ટી-૨૦ વર્લ્ડ કપમાં ધોની જો કોઈ કારણસર રમે તો કંઈ ખોટું પણ નથી. ભારતની પહેલી ચાર મૅચ (લીગ મૅચો) આયરલૅન્ડ, પાકિસ્તાન, અમેરિકા અને કૅનેડા સામે રમાશે અને એમાં ખાસ કરીને ધોનીની બૅટિંગની જરૂર માત્ર પાકિસ્તાન સામે (રવિવાર, નવમી જૂન) જ થશે. ત્યાર બાદ ભારતીય ટીમ આગળ વધશે તો ધોનીની જરૂર ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, સાઉથ આફ્રિકા જેવી મજબૂત ટીમો સામે પડશે. ટી-૨૦ વર્લ્ડ કપ કેવી રીતે જીતવો એ ધોની બહુ સારી રીતે જાણે છે

ચીફ સિલેક્ટર અજિત આગરકર અને તેની કમિટી હાલમાં ભારતીય ટીમ નક્કી કરી રહ્યા હશે, કારણકે બે-ચાર દિવસમાં આઇસીસીને ૧૫ ખેલાડીની ટીમનું લિસ્ટ આપી દેવાનું છે.

એના પરની વિચારણામાં આગરકર હાલમાં ધોનીના મુદ્દે વિચારમાં તલ્લીન હોય તો નવાઈની વાત ન કહેવાય. ■

## હૈદરાબાદને કેવી રીતે હરાવવું એ બેન્ગલૂરુએ બીજી ટીમોને બતાવી દીધુંઃ મૉર્ગન

હૈદરાબાદઃ ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ઇઓન મૉર્ગને કહ્યું છે કે સનરાઇઝર્સ હૈદરાબાદને કેવી રીતે હરાવવું એ રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુએ આઇપીએલની બાકીની ટીમોને બતાવી દીધું છે. ગુરુવારે ફાફ ડુ પ્લેસીના સુકાનમાં બેન્ગલૂરુની ટીમે સનરાઇઝર્સને એના જ હોમ-ગ્રાઉન્ડ હૈદરાબાદમાં જે પ્રભુત્વથી હરાવી દીધું એ બદલ બેન્ગલૂરુની ટીમની પ્રશંસા કરી હતી. બેન્ગલૂરુએ ટૉસ જીતીને બૅટિંગ લીધી હતી અને સાત વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા જેમાં પાટીદારના પાંચ સિક્સર અને બે ફોર સાથે બનેલા ૫૦ રન તથા કોહલીના ૫૧ રનનો સમાવેશ હતો. હૈદરાબાદની ટીમ ટાર્ગેટ ચેઝ કરવામાં નબળી સાબિત થઈ. એણે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૧ રન બનાવ્યા અને બેન્ગલૂરુની ૩૫ રનથી જીત થઈ હતી. બેન્ગલૂરુએ ખાસ કરીને સ્પિનર્સના આક્રમણથી હૈદરાબાદને અંકુશમાં રાખ્યું હતું.પાટીદારને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો.

હૈદરાબાદે પાવરપ્લેની ઓવર્સની અંદર જ ચાર વિકેટ ગુમાવી દીધી હતી. મૉર્ગને કહ્યું છે કે ‘લક્ષ્યાંક મેળવવા જતાં પિચ કેવી હશે એ જોતાં અને ચેઝ કરવાનું આવ્યું એ હૈદરાબાદને ન ફાવ્યું. દિલ્હીમાં તેમના માટે માર્ગ બહુ મોકળો હતો અને તોતિંગ સ્કોર (૨૬૬/૭) કર્યા પછી જીતી ગયા. મોટા ભાગે (પ્રથમ બૅટિંગમાં) મોકળો માર્ગ રહ્યો એમાં તેઓ (હૈદરાબાદના ખેલાડીઓ) વિજયી થયા છે.’ મૉર્ગને એવું પણ કહ્યું કે ‘હૈદરાબાદની ટીમને કેવી રીતે પરાજય તરફ મોકલવી એ આરસીબીએ બીજી ટીમોને શીખવી દીધું છે.’ ■

## બ્રાઝિલના ૫૮ વર્ષના ફૂટબોલર રોમારિયોએ બે દાયકા બાદ મેદાન પર ઊતરીને બે ગોલ કરી દીધા!

### વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબૉલ ખેલાડીને આવતા મહિને પુત્ર સાથેની મૅચમાં રમવું છે

સાઓ પોઉલોઃ જાન હૈ તો જહાન હૈ...રમતના મેદાન પર ઉંમર ક્યારેય બાધારૂપ નથી હોતી....આવું બ્રાઝિલના એક ભૂતપૂર્વ ફૂટબોલરને અચૂક લાગુ પાડી શકાય.

૧૯૯૪માં બ્રાઝિલ ફિફા વર્લ્ડ કપ જીત્યું હતું અને એના હીરો રોમારિયોએ બે દિવસ પહેલાં (બે દાયકાના લાંબા સમયગાળા બાદ) મેદાન પર કમબૅક કર્યું હતું.

રોમારિયો ૫૮ વર્ષના છે. એક મૅચ માટેની પ્રૅક્ટિસ ચાલી રહી હતી અને રોમારિયો મેદાન પર ઊતર્યા અને ગણતરીની મિનિટોમાં સાથી ખેલાડીઓની વચ્ચે સેટ થઈ ગયા હતા અને ઉપરાઉપરી બે ગોલ કરી દીધા હતા.

‘રિયો ડિ જાનેરો ક્લબ અમેરિકા’ નામની ક્લબ ટીમના પ્રમુખ રોમારિયોએ પ્રૅક્ટિસમાં ખૂબ થાકી ગયા પછી પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, ‘અમારી આ ટીમ આ વર્ષે સેકન્ડ ડિવિઝન ચૅમ્પિયનશિપમાં રમવાની છે અને આ ટીમમાં મારો પુત્ર રોમારિન્યોનો પણ સમાવેશ છે.

પુત્ર સાથે પ્રૅક્ટિસ કરવાની અને રમવાની મારી ઇચ્છા છે. ઘણા રમતવીરોનું આવું સપનું હોય છે. બાસ્કેટબૉલ લેજન્ડ લીબ્રૉન જેમ્સ આવતા વર્ષે એનબીએમાં તેના પુત્ર સાથે રમવા માગે છે. રિવાલ્ડોને પણ એ મોકો મળ્યો હતો. મારે પણ મારા દીકરા સાથે મૅચમાં રમવું છે. હું વર્ષો પછી મેદાન પર ઊતર્યો એટલે આ ઓચિંતી પ્રૅક્ટિસ બાદ ખૂબ થાકી ગયો છું. કોઈએ મને સ્ટ્રેચરમાં સૂવડાવીને લઈ જવો પડશે. હું આખી ચૅમ્પિયનશિપ તો નહીં રમું, પણ અમુક મૅચોમાં થોડી મિનિટો માટે રમીશ જ.

રોમારિયોએ બન્ને ગોલ તેની આગવી સ્ટાઇલમાં કર્યા હતા. પેનલ્ટી બૉક્સમાં ગોલપોસ્ટની ખૂબ નજીકથી તેણે જોરદાર કિક મારીને બૉલને નેટમાં મોકલી દીધો હતો.

રોમારિયો હવે રાજકારણી છે. ૧૯૯૦ના દાયકામાં તેઓ વિશ્વના ટોચના ફૂટબોલર્સમાં ગણાતા હતા. ૧૯૯૪માં બ્રાઝિલે વર્લ્ડ કપની ફાઇનલમાં ઇટલીને ૦-૦ની ડ્રૉ બાદ પેનલ્ટી શૂટઆઉટમાં ૩-૨થી હરાવીને ટાઇટલ જીતી લીધું હતું. ત્યારે બ્રાઝિલની ટીમના બીજા જાણીતા ખેલાડીઓમાં રોનાલ્ડો (આખું નામ રોનાલ્ડો લુઇસ નઝારિયો દ લિમા), ટૅફરેલ (ગોલકીપર), યૉર્ગિન્યો, બેબેટો, ડુન્ગા (કૅપ્ટન), ઝિન્યો, કફુ, માર્સિયો સૅન્ટોસ, વિયોલા અને લીઓનાર્ડોનો સમાવેશ હતો. ■







**ઈડન ગાર્ડન્સની બહાર ચોકીપહેરોઃ** કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમની બહાર ગઈ કાલે કોલકાતા-પંજાબ વચ્ચેની મૅચ વખતે પ્રેક્ષકોનો ધસારો થયો એ પહેલાં બહાર સલામતીનો પાક્કો બંદોબસ્ત રખાયો હતો. (iplt20.com)

# આઈઆઈટીનો વિદ્યાર્થી ટ્રેનમાંથી પડ્યો, મુંબ્રા ખાડીમાંથી મૃતદેહ મળ્યો

થાણેઃ પટનાના પચીસ વર્ષીય આઇઆઇટીના વિદ્યાર્થીએ ગુરુવારે સવારે ડોંબિવલીથી થાણે જતી ટ્રેનમાં મુસાફરી કરતી વખતે જીવ ગુમાવ્યો હતો.

મૃતકની ઓળખ અવધેશ રાજેશ દુબે તરીકે થઇ હોઇ તે ડોંબિવલીના ઠાકુરવાડી વિસ્તારમાં રહેતો હતો. દિવા અને થાણે વચ્ચે તે ટ્રેનમાંથી પડ્યો હતો અને તેનો મૃતદેહ મુંબ્રા નજીક ખાડીમાંથી મળ્યો હતો.

થાણે ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ને અકસ્માત કેવી રીતે થયો તેની ચોક્કસ વિગત મળી નથી. અવધેશ દુબે ગુરુવારે કોઇ કામ માટે મુંબઈ સેન્ટ્રલ ખાતે નાયર હોસ્પિટલ જઇ રહ્યો હતો ત્યારે આ અકસ્માત થયો હતો.

થાણે જીઆરપીનાં સિનિયર ઇન્સ્પેક્ટર અર્ચના દુસાનેએ જણાવ્યું હતું કે અમને એક પ્રવાસીએ કોલ કરીને માહિતી આપી હતી કે એક વ્યક્તિ ટ્રેનમાંથી ખાડી નજીક પડી ગઇ છે.

આથી અમારી ટીમ મુંબ્રા રેલવે ટ્રેક નજીક પહોંચી હતી, જ્યાં દુબે ખાડીમાં કાદવમાં ફસાયેલો નજરે પડ્યો હતો. તેને ખાડીમાંથી બહાર કાઢતા પંદર મિનિટ લાગ્યા હતા. દુબેને બાદમાં નજીકની હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અકસ્માત કેવી રીતે થયો તેનું વિશ્લેષણ કરવા અમે નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાના પ્રયાસ કરી રહ્યા છીએ. ■

# પીએસયુ બૅન્ક દ્વારા જારી કરાયેલો એલઓસી મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘનઃ હાઈ કોર્ટ

મુંબઈઃ કાયદાકીય જોગવાઈની ગેરહાજરીમાં પબ્લિક સેક્ટર બૅન્ક (પીએસયુ - જાહેર ક્ષેત્રની બેંક)ના કહેવાથી લોન નહીં ચૂકવનારા લેણદારો (ડિફોલ્ટ બોરોઅર્સ) વિરુદ્ધ લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવા એ વ્યક્તિના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે એમ બોમ્બે હાઈ કોર્ટે જણાવ્યું છે. એલઓસી જારી કરવાની બૅન્કને સત્તા આપતા કેન્દ્રના નિર્ણયને રદબાતલ કરી ૨૩ એપ્રિલે અદાલતે આ મુજબનું નિરીક્ષણ જાહેર કર્યું હતું. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ માધવ જામદારની ખંડપીઠે લોન નહીં ચૂકવનારા લેણદારો તેમજ આવા લેણદારો માટે ગેરેન્ટર બનેલા લોકો સામે એલઓસી જારી કરવાની સત્તા પીએસયુ બૅન્કના ચેરમેન મેનેજીંગ ડિરેક્ટર્સ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર આપવા અંગે કેન્દ્ર સરકારે બહાર પાડેલા ઓફિસ ઓફ મેમોરેન્ડમને ગેરબંધારણીય ઠેરવ્યા હતા. શુક્રવારે ઉપલબ્ધ થયેલા ૨૮૯ પાનાના ચુકાદામાં બેંચે કહ્યું હતું કે કારોબારી કાયદાને બદલી શકે નહીં અને કારોબારી કોઈપણ ઘટનામાં બંધારણનું ઉલ્લંઘન કરી શકે. ■

# ભિવંડીમાં દુકાનમાંથી 300 કિલો ગૌમાંસ જપ્ત

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં આવેલી દુકાનમાંથી પોલીસે ૩૦૦ કિલો ગૌમાંસ જપ્ત કર્યું હતું અને પ્રતિબંધિત માંસ ગેરકાયદે સંગ્રહ કરવા બદલ બે જણની ધરપકડ કરાઇ હતી.

ભિવંડીમાંની દુકાનમાં પોલીસે ગુરુવારે તપાસ કરી હતી, જેમાં રૂ. ૭૬,૦૦૦નું ગૌમાંસ મળી આવ્યું હતું, એમ સબ-ઇન્સ્પેક્ટર સાહેબરાવ ગાયકવાડે જણાવ્યું હતું.

આરોપીઓએ કથિત રીતે ગાયની કતલ કરી હતી અને તેનું માંસ વેચ્યું હતું. આ પ્રકરણે આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ) ■

# અટલ સેતુને વાહનચાલકોનો ઠંડો પ્રતિસાદ

મુંબઈઃ છેલ્લા ત્રણ મહિનામાં અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવાશેવા સી-બ્રિજ પરથી ૨૧ લાખ ૯૨ હજાર ૪૬૬ વાહનો પસાર થયા છે. આ બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકતી વખતે એમએમઆરડીએ એક દિવસમાં ૭૦,૦૦૦ વાહનો ચાલવાનો દાવો કર્યો હતો, પરંતુ વાસ્તવમાં દરરોજ માત્ર ૨૦ થી ૨૧ હજાર વાહનો જ પસાર થાય છે. મુંબઈથી નવી મુંબઈનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપવા માટે એમએમઆરડીએ દ્વારા બનાવવામાં આવેલો ૨૧.૮૦ કિમીનો દેશનો આ સૌથી સી-લાંબો બ્રિજ ૧૩ જાન્યુઆરીએ વાહનોની અવરજવર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જો કે આ બ્રિજ પર અપેક્ષિત સંખ્યામાં વાહનોની અવરજવર નથી. ઉદ્ઘાટન પછી એક મહિનામાં આઠ લાખ ૧૩ હજાર ૭૭૪ વાહનો એટલે કે દરરોજના ૨૭ હજાર વાહનો દોડતા હતા. પરંતુ હવે તેમાં ઘટાડો થયો છે. હાલમાં રોજના ૨૦ થી ૨૧ હજાર વાહનો દોડી રહ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૧ એપ્રિલ સુધીના ત્રણ મહિનામાં માત્ર ૨૧ લાખ ૯૨ હજાર ૪૬૬ વાહનો દોડ્યા હતા. અટલ સેતુ પર દરરોજના ૭૦,૦૦૦ વાહનો દોડવાની અપેક્ષા હોવા છતા આ આંકડો સરેરાશ ૨૧,૦૦૦થી આગળ વધ્યો નથી.

ટોલ વધારે હોવાને કારણે અટલ સેતુ પર વાહનોની સંખ્યા ઓછી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત બંને છેડે પુલને જોડતો લિંક રોડ અધૂરો છે. આથી રોડ ટેક્સ ઘટાડવાની સાથે બંને રોડ વહેલી તકે પૂર્ણ કરવાની જરૂર છે.

# વેઈટિંગ ટિકિટ કેન્સલેશનમાં હવે કપાશે ઓછા પૈસા

## પ્રવાસીઓને રાહત આપવા રેલવેનો નિર્ણય

મુંબઈઃ ભારતીય રેલવેની ગણતરી દુનિયાભરના વિશાળ અને જટિલ કહી શકાય એવા રેલવે નેટવર્કમાં કરવામાં આવે છે. છેલ્લાં કેટલાય વર્ષોમાં ભારતીય રેલવેમાં ઘણા બધા પરિવર્તન આવ્યા છે અને આ પરિવર્તન બાદ પણ ભારતીય રેલવેમાં કેટલાક એવા નિયમો હતા કે જે લાંબા સમયથી ચાલ્યા આવ્યા હતા અને એને બદલવાની જરૂર હતી.

ભારતીય રેલવે દ્વારા વેઈટિંગ ટિકિટ કેન્સલેશનના ચાર્જિસ સંબંધિત નિયમમાં ફેરફાર કર્યા છે અને એને કારણે પ્રવાસીઓને રાહત થશે. હવે વેઈટિંગ અને આરએસી ટિકિટ કેન્સલેશનમાં રેલવે દ્વારા કોઈ અલગથી ચાર્જ નહીં લેવામાં આવે.

રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલા આ નવા નિયમમાં જો કોઈ ટિકિટ વેઈટિંગમાં હશે કે આરએસી હશે તો આવી ટિકિટ પર સર્વિસ ચાર્જના નામે વધારે પૈસા નહીં લેવામાં આવે.

## અગાઉ લેવામાં આવતા હતા સર્વિસ ચાર્જ

નવા નિયમ અનુસાર હવે નક્કી કરવામાં આવેલા ૬૦ રૂપિયા જ કાપવામાં આવશે. સ્લિપર ક્લાસમાં આ રકમ ૧૨૦ રૂપિયા તો થર્ડ એસીમાં ૧૮૦ રૂપિયા, સેકન્ડ એસીમાં ૨૦૦ રપિયાનો ચાર્જ કાપવામાં આવશે. વાત કરીએ ફર્સ્ટ એસી માટે ૨૪૦ રૂપિયાનો ચાર્જ વસુલવામાં આવશે. રેલવે પહેલાં વેઈટિંગ અને આરએસી ટિકિટ કે પછી બીજી ટિકિટ કેન્સલ થતાં સર્વિસ ચાર્જ અને કન્વિનિયન્સ ફી તરીકે મસમોટી રકમ વસૂલતી હતી. રેલવેને આ જ રીતે તગડી કમાણી થતી હતી, જ્યારે પ્રવાસીઓને નુકસાન થતું હતું, પરંતુ હવે રેલવે દ્વારા આ માટે રકમ નિર્ધારિત કરી દેવામાં આવી છે.

## આરટીઆઈ બાદ લેવાયો નિર્ણય

ઝારખંડના એક આરટીઆઈ એક્ટિવિસ્ટે આ અંગે એક આરટીઆઈ દાખલ કરી હતી અને ટિકિટ કેન્સલેશન ચાર્જીસ અંગે ફરિયાદ કરી હતી.

તેમણે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે રેલવે ટિકિટ કેન્સલેશનના ચાર્જથી જ મસમોટી કમાણી કરી રહી છે.

આને કારણે રેલવેને તો કમાણી થઈ રહી છે, પણ પ્રવાસીઓને નુકસાન થઈ રહ્યું છે. આરટીઆઈ એક્ટિવિસ્ટે ૧૯૦ રૂપિયાની ટિકિટ બુક કરી હતી અને એ વેઈટિંગમાં હતી. રેલવેએ કેન્સલેશન બાદ એમને ૯૫ રૂપિયાનું જ રિફન્ડ આપ્યું હતું.

રેલવે દ્વારા લેવામાં આવેલા આ નવા નિર્ણયથી પ્રવાસીઓને ચોક્કસ જ રાહત અનુભવાશે.

# એફઆઈસીસીઆઈની મહિલા પાંખ દ્વારા 'લીડ હર' કાર્યક્રમનું આયોજન

મુંબઈઃ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (એફઆઇસીસીઆઇ) એફએલઓની મુંબઈ મહિલા પાંખ દ્વારા મુંબઈના જીઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે શનિવારે, ૨૭ એપ્રિલ ૨૦૨૪ના દિવસે 'લીડ હર' નામનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

કાર્યક્રમના વક્તા છે લેખક અશ્વિન સાંઘી. તેઓ સાહસિક ઉદ્યોજકથી સફળ લેખક સુધીની તેમના પ્રવાસના અનુભવ આપણી સમક્ષ રજૂ કરશે. આ નિમિત્તે 'બિયોન્ડ પેજીસ' નામના ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અતિથિ સહભાગી થશે. 'બિગ બોસ'ના ઉદઘોષક અને મોટિવેશનલ સ્પીકર વિજય વિક્રમ સિંહ સાથે અતિથિ ચર્ચા કરશે.

સાંઘીના વક્તવ્ય ઉપરાંત 'વીવિંગ ધ ફ્યુચર - વન થ્રેડ એટ અ ટાઈમ' વિષય પર પેનલ દ્વારા ચર્ચા કરવામાં આવશે. એમાં ટેક્સટાઈલ અને ફેશન ઈન્ડસ્ટ્રી વિશે રજૂઆત થશે. પેનલિસ્ટ અને ચીફ ગેસ્ટ છે પ્રતિષ્ઠિત ફેશન ડિઝાઈનર નીતા લુલ્લા, ટેક્સ્ટાઇલ કમિશનર રૂપ રાશિ મહાપાત્રા તેમજ ફેશન અને ટેક્સટાઈલ સંશોધનના નિષ્ણાત રસિકા વાકલકર અને ફેશન ડિઝાઈનર સંગીતા ખાતીવાડા. સમગ્ર સત્રનું સંચાલન નિખિલ થંપી કરશે. કાર્યક્રમમાં હાજર રહેલાઓના મનોરંજન માટે સ્ટેન્ડઅપ કોમેડિયનની પણ હાજરી હશે. ■

# ઘાટકોપરમાં ટેમ્પોચાલકની મારપીટ કરી રૂપિયા પડાવ્યાઃ ચાર આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર વિસ્તારમાં આંબેડકર જયંતીને નામે ફાળો માગ્યા બાદ ટેમ્પોચાલક અને તેના સાથીદારની મારપીટ કરી રૂપિયા પડાવવા અને ધમકી આપવા બદલ પંતનગર પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ વૃષભ ઉર્ફે વરુણ ગજાનન અહિરે, સૂરજ ખેરવાર, સાહિલ પઠારે અને રાહુલ બત્રા તરીકે થઇ હોઇ અદાલતે તેમને ૨૯ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પંતનગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ વિલાસ ગાયકવાડે જણાવ્યું હતું કે આરોપી વૃષભ ઉર્ફે વરુણ, રાહુલ અને સાહિલ વિરુદ્ધ ગુના દાખલ છે. આરોપી વૃષભને તાજેતરમાં આઠ મહિના માટે તડીપાર કરવાનો આદેશ અપાયો હતો.

વિક્રોલીમાં રહેતો વકીલ અહમદ હાશમી ગુરુવારે ઇલેક્ટ્રોનિક સામાનની ડિલિવરી કરવા ટેમ્પોમાં જઇ રહ્યો હતો ત્યારે સમતા જિમખાના નજીક આરોપીઓ આવ્યા હતા અને તેમણે આંબેડકર જયંતીને નામે ફાળો માગ્યો હતો. બાદમાં એક આરોપીએ હાશમીની મારપીટ કરી હતી અને રૂપિયા પડાવ્યા હતા. બાદમાં હાશમીના સાથીદાર અભિષેક કદમ તથા ઇલેક્ટ્રોનિક સામાન લેવા આવેલા ઓમકાર કાળેને પણ તેમણે માર માર્યો હતો. એ સમયે મદદ માટે એકઠા થયેલા લોકોને પણ આરોપીઓએ ધમકાવ્યા હતા. આ ઘટના બાદ હાશમીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો અને આરોપીઓને રમાબાઇ આંબેડકર નગરથી ઝડપી પાડવામાં આવ્યા હતા. ■

# થાણેમાં ત્રણ દુકાનો બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે જિલ્લાના મુંબ્રામાં શિળફાટા પાસે ત્રણ દુકાનોમાં આગ લાગવાની દુર્ઘટના શુક્રવારે બની હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. પરંતુ દુકાનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ મુંબ્રામાં શિળફાટા પાસે નાઈસ સિટી સામે મુંબ્રા-પનવેલ રોડને લાગીને આવેલી એક દુકાનમાં શુક્રવારે સવારના આઠ વાગ્યાની આસપાસ અચાનક આગ ફાટી નીકળી હતી. આગની ચપેટમાં અન્ય બે દુકાનો પણ આવી ગઈ હતી. આમ આગની દુર્ઘટનામાં કુલ ત્રણ દુકાનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

દુકાનમાં આગ લાગવાની જાણ થતા જ ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને લગભગ એક કલાકની જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગમાં કોઈ જખમી થયું નહોતું. પરંતુ મેડિકલ સ્ટોરની સાથે ડેકોરેટ શોપ અને ચિકન શોપની દુકાન બળીને ખાખ થઈ ગઈ હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. પરંતુ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# દારૂના નશામાં ટેમ્પો હંકારી રાહદારીઓ, બાઇકર્સને અડફેટમાં લીધાઃ બેનાં મૃત્યુ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં દારૂના નશામાં ટેમ્પો હંકારી રાહદારીઓ અને બાઇકર્સને અડફેટમાં લેતાં બે જણનાં મોત થયાં હતાં, જ્યારે છ જણ ઘવાયા હતા. ઘાયલોમાનાં અમુકની હાલત નાજુક છે, એમ પોલીસે જણાવ્યું હતું.

વાડા વિસ્તારમાં બુધવારે રાતના આ અકસ્માત થયો હતો અને બાદમાં પોલીસે ટેમ્પો ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

ટેમ્પોએ પ્રથમ રાહદારીઓ અશોક કલિંગડા (૩૬) તથા અજિંક્ય બેંડે (૩૫)ને અડફેટમાં લીધા હતા અને બંનેના ઘટનાસ્થળે મોત થયાં હતાં. ડ્રાઇવરે બાદમાં બાઇકર્સને ટક્કર મારી હતી, જેમાં છ જણને ઇજા પહોંચી હતી.

અકસ્માતમાં ઘવાયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| રંજક | સુતારી ઓજાર |
| રંજાડ | કાણું |
| રંદો | આનંદદાયક |
| રંજ | નુકસાન |
| રંધ્ર | વસવસો |

### ઓળખાણ પડી?



રોયલ બંગાળ ટાઈગરનું ઘર તરીકે ઓળખાતું બાંધવગઢ રાષ્ટ્રીય ઉદ્યાન દેશના કયા રાજ્યમાં સ્થિત છે એ જાણો છો? આ ઉદ્યાનમાં પંખીની પણ અનેક જાત જોવા મળે છે.

અ) હિમાચલ પ્રદેશ બ) મધ્ય પ્રદેશ ક) પશ્ચિમ બંગાળ ડ) રાજસ્થાન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ર | ૨ બ | ડ | ૩ ગો | ૪ ટા | ળા | ■ | ૫ ગૃ | ૬ હ |
| ર | ■ | ર | ■ | ૭ વા | લિ | ■ | ■ | ૮ હ | વે |
| ૯ મા | ૧૦ ર | ફ | ૧૧ ત | ■ | ૧૨ ચા | ૧૩ દ | ૧૪ વા | સ્થ | લી |
| ૧૫ ગ | જા | ■ | ૧૬ બ | ૧૭ સ | ■ | ૧૮ ગો | દ | ■ | ■ |
| ર | ■ | ૧૯ અ | ડ | વા | ણા | ■ | ૨૦ વિ | ર | ૨૧ હ |
| મ | ■ | ■ | કી | ■ | ■ | ૨૨ સે | વા | ■ | વા |
| ■ | ૨૩ ખા | ડી | ■ | ૨૪ સા | ૨૫ રો | ■ | ૨૬ દ | ૨૭ સ | મા |
| ૨૮ ફે | ર | ■ | ૨૯ અ | ચા | ન | ૩૦ ક | ■ | ૩૧ વા | ન |
| ૩૨ ર | વ | ■ | સ | ■ | ■ | સ | ■ | સા | ■ |
| ૩૩ વ | ણ | જા | ર | ણ | ■ | ૩૪ ક | ળ | ત | ર |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

**આડી ચાવી**

૧. પ્રસંગોપાત, કદી કદી (૬)
૬. દાળમાં ખટાશ માટે નાખો (૩)
૯. સૂઝ, સમજ (૪)
૯-અ.ફટાફટ, ઝટપટ (૫)
૧૦. દાર્શનિક મત, રાજનીતિ (૨)
૧૧. પૃથ્વી, ધરતી (૨)
૧૨. ટાંકણી (૨)
૧૩. મર્યાદા વિના, અતિશય (૪)
૧૪. સારા (૨)
૧૫. કચકચ (૪)
૧૮. શરીર, તન (૨)
૨૦. તબલાનો એક તાલ (૪)
૨૨. ભૂતકાળ, ગયેલું (૨)
૨૩. રસ ધરાવનાર (૩)
૨૫. છૂટ્ટી, વેકેશન (૨)
૨૬. યથાશક્તિ રસ --- કરાવ્યું (૨)
૨૯. મા (૨)
૩૦. રિસાવું તે (૪)
૩૨. ઝંઝટ, ઉઠવેઠ, ઉપાધિ (૪)
૩૩. મધુર રસ (૪)

**ઊભી ચાવી**

૧. અગ્નિરૂપી ચાદર (૬)
૨. બારી (૪)
૩. નસ (૨)
૪. માલિકને વફાદાર (૬)
૫. રખડપટ્ટી (૫)
૬. 'ક્વોટા'ને ગુજરાતીમાં --- કહે (૨)
૭. રાહુ, માથા વિનાનું શરીર (૩)
૮. રાત્રિનો મધ્ય ભાગ (૪)
૧૩-અ. ખેંચાખેંચી, તકરાર (૪)
૧૬. પાણી ટપકવાનો અવાજ (૨)
૧૭. હરોળ (૩)
૧૯. આ સમયમાં ઘણાં લગ્ન થાય (૫)
૨૧. એક શર્મિલો છોડ (૪)
૨૪. શિર, માથું (૨)
૨૭. પુરાવો, સાબિતી, ગુણોત્તર (૩)
૨૮. પ્રચાર, જાહેરાત, ફેલાવો (૩)
૩૦. નષ્ટ, બરબાદ, પાપજનક (૨)
૩૧. ઘણું બધું (૨)

### ગુજરાત મોરી મોરી રે

બહારથી જોતી વખતે કિલ્લો કે કિલ્લાની દીવાલ જેવી લાગતી બોરસદની વાવ ગુજરાતના કયા જિલ્લામાં છે એ જણાવો. એનું બાંધકામ ૫૦૦ વર્ષ પહેલા થયું હતું.

અ) જૂનાગઢ બ) ભાવનગર ક) આણંદ ડ) મહેસાણા

### જાણવા જેવું

રાષ્ટ્રીય ઉદ્યાનો (National Parks) અને અભયારણ્યો (Sanctuaries): વાઇલ્ડ લાઇફ એક્ટ, ૧૯૭૨ હેઠળ રાજ્ય સરકારને પર્યાવરણના રક્ષણ કે વિકાસ માટે અથવા તેના વન્યજીવનની જાળવણી અર્થે રાજ્યના કોઈપણ પ્રદેશને રાષ્ટ્રીય ઉદ્યાન કે અભયારણ્ય તરીકે જાહેર કરવાની સત્તા મળે છે. દેશમાં ૪૪૮ અભયારણ્યો અને ૮૮ રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલાં છે.

### સુડોકુ-૫૦૭૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૭ | | ૬ | | | ૨ |
| | | | ૩ | | ૨ | | | |
| | ૫ | ૭ | | | | ૬ | ૩ | |
| ૬ | ૯ | ૮ | | | | ૨ | ૧ | ૭ |
| | | | ૨ | | ૮ | | | |
| ૭ | ૨ | ૩ | | | | ૫ | ૮ | ૪ |
| | ૬ | ૪ | | | | ૧ | ૯ | |
| | | | ૧ | | ૪ | | | |
| ૮ | | | ૯ | | ૫ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૭૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૧ |
| ૮ | ૬ | ૪ | ૫ | ૧ | ૭ | ૯ | ૨ | ૩ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ | ૪ | ૮ | ૫ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૭ | ૫ | ૮ | ૪ | ૨ |
| ૭ | ૮ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ | ૫ | ૯ |
| ૪ | ૯ | ૫ | ૩ | ૮ | ૨ | ૧ | ૭ | ૬ |
| ૬ | ૪ | ૩ | ૭ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ |
| ૯ | ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૩ | ૭ |
| ૫ | ૭ | ૮ | ૨ | ૩ | ૧ | ૬ | ૯ | ૪ |

### ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

કાશ્મીર જવાને બદલે 'આરાધના સહિત અનેક ફિલ્મના શૂટિંગ 'છોટા કાશ્મીર' તરીકે ઓળખાતા વિસ્તારમાં થયા છે. લીલોછમ વિસ્તાર ધરાવતું 'છોટા કાશ્મીર' કયા શહેરમાં છે?

અ) મૈસૂર
બ) ચંદીગઢ
ક) સિમલા
ડ) મુંબઈ

### નોંધી રાખો

આપણા પરિચયમાં આવતી દરેક વ્યક્તિને સમજવા માટે હંમેશાં ભાષાની આવશ્યકતા નથી હોતી. અનેકવાર વ્યક્તિના વર્તન પરથી પણ એની ઓળખાણ થતી હોય છે.

### માઈન્ડ ગેમ

વિદ્યાભ્યાસ સાથે સંબંધ ધરાવતી અનેકવિધ શાખાઓ ઉપલબ્ધ છે. Cartography તરીકે જાણીતી શાખા શેના અભ્યાસ સાથે સંબંધ ધરાવે છે એ કહી શકશો?

અ) વાહન બ) પ્રવાસ
ક) નકશો ડ) જમીન

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નિશિત | અણીદાર |
| નિશીથ | રાત્રી |
| નિશ્ચય | સંકલ્પ |
| નિશ્ચલ | સ્થિર |
| નિષેધ | મનાઈ |

ગુજરાત મોરી મોરી રે: અમદાવાદ

ઓળખાણ પડી: રાજકોટ

માઈન્ડ ગેમ: વંશવેલો

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: હિરાકુંડ બંધ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ

# વીક એન્ડ

## પ્રાચીન મસાલા જીવન રક્ષક




## જીવન ભક્ષક?

**તાજેતરમાં જ બે બ્રાન્ડેડ કંપની એમ.ડી.એચ. અને એવરેસ્ટ ગ્રુપના અમુક મસાલા પર હોંગકોંગની સરકારે પ્રતિબંધ મૂકી દીધો જેમાં ઈથિલિન ઑક્સાઈડ જેવા જંતુનાશક દ્રવ્યનું પ્રમાણ જરૂર કરતાં વધુ જોવા મળ્યું જે શરીર માટે હાનિકારક સાબિત થઇ શકે. ભારત સરકારે પણ આ રસાયણના ફરજિયાત ટેસ્ટિંગ માટે આદેશ આપ્યો છે ત્યારે પ્રશ્ન એ થાય કે મસાલા જાળવવાની આપણી પ્રાચીન કુદરતી પદ્ધતિ પર આધુનિક સંશોધન કરી અમલમાં મૂકી શકાય?**

કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
મુકેશ પંડ્યા



ભારતીય ખાણીપીણીમાં મસાલાનું એક આગવું સ્થાન છે. મસાલા ભોજનનો સ્વાદ તો વધારે છે સાથે સાથે વિવિધ શરીરને નીરોગી રાખવામાં પણ ખૂબ જ મદદરૂપ થાય છે. કોરોનાના કપરા કાળમાં પણ અન્ય દેશોની સરખામણીમાં ભારતની પ્રજાને સ્વાસ્થ્યની દષ્ટિએ ઓછું નુકસાન થયું તેની પાછળ આપણી વૈદકીય મસાલામુક્ત ભોજન પ્રણાલીનો પણ મોટો હાથ છે. રસોડામાં પડેલો મસાલાનો ડબ્બો સમય આવ્યે ઔષધિનો ખજાનો બની જાય છે . કંઈક વાગ્યું હોય અને શરીરમાંથી લોહી વહેવા લાગ્યું હોય તો હળદર દાબી દેવાથી લોહી નીકળતું બંધ થઈ જાય છે. ઉધરસ કે કફ સતાવતા હોય તો હળદર ફાકી જવાથી કે દૂધમાં ભેળવીને પીવાથી ફાયદો થાય છે. શરદી તાવમાં મરી-મીકાનો ઉકાળો પીવાથી લાભ થાય છે તો પેટમાં દુખતું હોય ત્યારે અજમો -જીરુ ચાવી જવાથી રાહત થાય છે અનેક જાતના મસાલા કોઈને કોઈ સ્વાસ્થ્ય વર્ધક ગુણ અચુક ધરાવતા હોય છે. પણ આવા જીવન રક્ષક મસાલા ભક્ષક બની જાય ત્યારે?

તાજેતરમાં જ ભારતની બે મસાલા કંપની એમ. ડી.એચ અને એવરેસ્ટ ગ્રુપના અમુક મસાલા પર હોંગકોંગ- સિંગાપુરની સરકારે પ્રતિબંધ મૂકી દીધો છે.

વાત એમ છે કે હોંગકોંગના સેન્ટર ફોર ફૂડ સેફ્ટી (સીએફએસ) એ નમૂનાઓનું પરીક્ષણ કરતા એમડીએચ કંપનીના કરી મસાલા પાઉડર,મદ્રાસ કરી પાઉડર અને સાંભાર મસાલા પાઉડરમા તેમ જ એવરેસ્ટ કંપનીના ફિશ કરી મસાલા પાઉડરમાં ઇથિલિન ઓક્સાઈડ નામના રસાયણનું પ્રમાણ જરૂર કરતાં વધું મળી આવ્યું છે. આ મસાલાઓમાં જંતુનાશક તરીકે આ રસાયણનો ઉપયોગ થાય છે મસાલા લાંબો સમય સુધી ટકી રહે તે માટે જાતજાતના પ્રિઝરવેટિવ તેમાં ભેળવવામાં આવે તો છે, પરંતુ જો તેનું પ્રમાણ જોઈએ એના કરતાં વધી જાય તો ક્યારેક જીવલેણ સાબિત થઇ શકે. ઉપરોક્ત કેસમાં જે ઇથિલિન ઓકસાઇડ વપરાયો છે તેનું પ્રમાણ વધી જતા તે શરીરમાં વિવિધ રોગોને નોતરી શકે છે. સ્તન કેન્સર કે પેટના કેન્સરને આમંત્રણ આપી શકે છે. મગજની નર્વસ સિસ્ટમ પણ ખોરવી શકે છે. આ બાબતે વપરાશકર્તાઓએ જાગૃત થવું જરૂરી છે. ખાવાપીવાની વસ્તુઓમાં બેદરકારી પાલવે નહીં.

અનેક ઉત્પાદકો વિવિધ બ્લેન્ડસના મસાલા આપણને રેડી ફોર્મમાં બનાવીને આપે છે. સવારની ચાથી માંડીને પાંવભાજી, સાંભાર, પાણીપુરી, ચાટ અને રાત્રે પીવાતા દૂધેમાં વપરાતા મસાલા પણ હવે રેડી મેડ મળે છે . નોકરી-વ્યવસાય કરતી મહિલાઓ માટે તો આ વ્યવસ્થા લાભકારક બની ગઈ છે. એમાંય બ્રાન્ડેડ મસાલા મળી જાય તો તેઓ આંખ મીચીને ખરીદી લે છે અને ફ્રિજમાં લાવી મૂકી દે છે. આ મસાલામાં કેવાં રસાયણો ભેળવવામાં આવે છે, કેટલા પ્રમાણમાં ભેળવવામાં આવે છે તે જોવામાં કોઈને રસ કે ફુરસદ હોતી નથી. આવા સંજોગોમાં ઉત્પાદકોએ જાગૃત રહીને ફોમ્યુલા પ્રમાણે રસાયણો વપરાય છે કે તેમાં વધઘટ થાય છે તેનું સઘન ચેકિંગ કરતા રહેવું જોઈએ. ખાદ્ય પદાર્થની ગુણવત્તા ચકાસતી ભારતની એફ એસ એસ એ આઈ જેવી સંસ્થાઓએ પણ કડક ધારા ધોરણ દાખવી માલનું સ્ટાન્ડર્ડ જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ જેથી દેશ કે વિદેશમાં આપણી ઇમેજ ખરડાય નહીં. ગ્રાહકોએ પણ થોડો સમય કાઢી ખાસ કરીને ખાવા પીવાની બાબતમાં રેડી પેકેટ પર લખેલી વિગતોથી વાકેફ રહેવું જોઈએ. કારણ કે કંઈ અજુગતું થાય તો ભોગવવાનું તો ગ્રાહકને માથે જ આવે છે. અગાઉના સમયમાં લોકો પોતાનો ખાવાપીવાનો સામાન કાળજીપૂર્વક બારે માસ માટે ભરી લેતા હતા એ દિવસો (જુઓ પાનું ૮) ▶▶

---

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

## ઘેરા બ્લુ પાણી અને રંગીન જિલાટોનું ગામ રોઝીઝ...













કોઈ ગામનું નામ જ રોઝીઝ હોય, તો તેને જોયા વિના પણ તે થોડું તો સુંદર હશે જ એ વિચાર આવ્યા વિના ન રહે. રોજ ક્યાંયથી પણ ફરીને લા એસ્કાલા પાછાં જવાનું તો જાણે હવે રૂટિન જ બની ગયું હતું. રોજ સાંજે હોટલના રેસ્ટોરાંમાં કોઈ અલગ ફ્લેવરનું પાયેયા ખાવા મળતું. સવાર પડ્યે લા એસ્કાલાનાં બીચ અને આકાશ વચ્ચેના નાટકીય રંગો સાથે મોર્નિંગ વોક માટે નીકળવાનું, ફરી પાછું હોટલ આવીને તાજાં બનેલાં ક્રોસોં અને કોફી સાથે બ્રેકફાસ્ટ બુફેમાં બીજું શું ખાવા જેવું છે તેની ચર્ચા વચ્ચે સતત તે દિવસે ક્યાં ફરવાનું છે તેની વાતો પણ થતી જ. હજી સુધી સંતોષકારક બીચ ડે કરવા નથી મળ્યો તેની પણ ફરિયાદના સૂરમાં વાત થતી. છતાંય આખા રિજનમાં જોવાલાયક એટલું બધું છે કે દરિયે ચાલવા મળી જતું એ ચાલી જતું હતું. હજી દરિયા કિનારે લાઉન્જ પર પડ્યા રહેવાની ઇચ્છા કોઈના મનમાં જાગી ન હતી. રોઝીઝ પહોંચતાની સાથે જ એ બદલાઈ ગયું. ત્યાં પહોંચીને જ્યાં દરિયો દેખાય ત્યાં બેસી જવાની ઇચ્છા થતી હતી.

રોઝીઝ આમ તો લા એસ્કાલાથી માંડ ૩૫-૪૦ મિનિટની ડ્રાઇવ હતી, પણ ત્યાં પહોંચવામાં ઘણાં ખડકો અને ટેકરીઓ પાર કરવા પડ્યાં. અંતે ત્યાં પહોંચ્યાં તો લાગ્યું કે અહીં બીચ પર જઇએ એવું કોઇએ કદી વિચારવું જ નહીં પડતું હોય, આખું ગામ જ જાણે બીચ પર વસેલું હતું. ભાગ્યે જ એવી કોઈ ઇમારત દેખાતી હતી જેને બીચનો વ્યુ ન હોય. એવામાં બીચ નજીક જ એક સર્કલ પર અમને ઉતારીને કુમાર પાર્કિંગ કરવા ગયો. ત્યાં પ્રોમોનાડની બીજી તરફ જ સ્થાનિક સુવિનિયરની દુકાનો હતી. આ રિજન કલા અને ડિઝાઇન બાબતે ઘણું જાણીતું છે જ. અમે તેની ખાતરી કરવા ત્યાંથી થોડી લોકલ જ્વેલરી લીધી. પાસે સન હેટ્સથી માંડીને નાનકડી આર્ટ ગેલેરી અને સ્થાનિક એમ્બ્રોઇડરીની દુકાનો તો હતી જ. પ્રોમોનાડની શરૂઆતમાં જ એક શિલ્પ હતું. જે પણ આ વિસ્તારમાં એક-બે દિવસ વિતાવી ચૂક્યું હોય તે દૂરથી જ ઓળખી જાય કે આ સાલ્વાડોર ડાલીની પ્રતિમા હતી. પોતાની આગવી છટામાં, મૂછો, હેટ અને છડી સાથે સ્ટાઇલથી ઊભેલા ડાલીના પૂતળા પાસે ફોટા પડાવવા માટે પણ ભીડ જામેલી હતી. વળી અમે જ્યારે ત્યાં પહોંચ્યાં ત્યારે સૂરજ બરાબર પૂતળાની પાછળ હતો. એવામાં અમે ફોટાની માથાકૂટમાં પડ્યા વિના દરિયા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. રોઝિઝમાં દરિયો એટલો ચોખ્ખો અને પારદર્શક છે કે કિનારેથી જ તળિયું દેખાય. અહીં સ્કૂબા ડાઇવિંગ કે ડીપ સી ડાઇવિંગ માટેની બોટ્સ પણ દર થોડી મિનિટોએ નીકળતી હતી. તે દિવસે રજાના કારણે કે પછી આમ જ આ રિજનનો સૌથી આકર્ષક બીચ હોવાના કારણે રોઝીઝમાં બાકી ક્યાંય ન હતી એવી ભીડ જોવા મળી રહી હતી. પ્રોમોનાડ પર ઘણો સમય વિતાવી અમે એક બેન્ચ પકડી. આકાશ સાવ ચોખ્ખું હતું. એવામાં દરિયો અને આકાશ જાણે એક જ ઘેરા બ્લુ રંગનાં હોય તેવું લાગતું હતું. એ બેન્ચ પર અમે ઘણો સમય વિતાવ્યો. થોડી વાર નજીકમાં પાણીમાં પગ પણ બોળી આવ્યાં. તડકો જરા આકરો થઈ ગયો હતો. એ સમયે નજીકમાં જ બે જિલાટોની દુકાન સાવ બાજુબાજુમાં દેખાઈ. સ્પેનિશ ઉચ્ચારોમાં જિલાટોને 'હેલાડો' કહે છે. તે સાંભળીને પણ મજા આવતી. આ હેલાડો ટૂરિસ્ટી છે કે ઓથેન્ટિક તે જાણવા માટેની પણ એક ટ્રિક હાથ લાગી હતી. જો જિલાટોના ટેકરા ઉપર સુધી દેખાય તે રીતે લોકોને આકર્ષવા માટે રાખવામાં આવ્યા હોય, તો તે ટૂરિસ્ટ ટ્રેપ છે. ખરો જિલાટો તેના પેનમાં ફ્લેટ હોય છે અને શક્ય હોય તો તેનાં પેન ઢાંકેલાં રાખવામાં આવે છે. અમે આ વાત ટેસ્ટ કરવા માટે બંને દુકાનોએથી જિલાટો ખાધો. કશો ખાસ ફરક ન લાગ્યો. ગરમીને દોષ દેવો કે ઓછા અનુભવને, અંતે તો ડબલ જિલાટો ખાવાનું બહાનું જ હાથ લાગ્યું હોય એમ થયું.

હજી દિલ ખોલીને પાણીમાં પડ્યાં ન હતાં. તેના માટે રોઝીઝના રિસોર્ટવાળા વિસ્તારમાં આવ્યાં. અહીં બીચ લાઉન્જ રેન્ટ કરી, ટોવેલ્સ અને બીચ વેર સાથે લાવેલાં. થોડી મિનિટોમાં સજ્જ થઈને અમે રેતીમાં બસીને મોજાંની રાહ જોવા લાગ્યાં. ગરમી આકરી હતી, પણ પાણી ઠંડકવાળું હતું. એક વાર ત્યાં પાણીમાં ઘૂસ્યા પછી તો બીજું કશું દેખાતું ન હતું. અહીં તો સમય ક્યાં વીતી ગયો ખબર જ ન પડી. ડબલ જિલાટોમાં જમવાનું ભુલાઇ ગયું હતું, અને દરિયામાં ધમાલ કર્યા પછી સાંજ પડ્યે ભૂખ લાગી હતી. હજી ડિનરને તો ઘણી વાર હતી, પણ નજીકમાં જ એક ઇન્ડિયન રેસ્ટોરાં છે તેના વિષે પૂરતી માહિતી હતી. હવે ત્યાંથી કંઈક તો ખાવું જ પડે. એક વાર ત્યાં પહોંચ્યાં, તો ત્યાંનાં લોકોની ભાવના અને આગતા સ્વાગતામાં અમને જાણે વધુ ભૂખ લાગી ગઈ. હવે ફૂલ ભાણું જ જમી લીધું. એકદમ મળતાવડો અને વાતોડિયો પંજાબી પરિવાર પોતાની આખી લાઇફ સ્ટોરી કહેવા લાગ્યો. એ લોકો કઈ રીતે ગેરકાયદે યુરોપમાં ઘૂસ્યાં, કયા દેશથી ક્યાં ગયાં, અંતે અહીં કઈ રીતે સેટ થયાં, દરેક વાત માંડીને કહી અને સાથે ગરમાગરમ તાજાં પરોઠાં ખવડાવ્યાં. જલસા થઈ ગયા. ઘણા ઉત્સાહમાં તેમણે આખા વિસ્તારની વાતો કરી દીધી. અહીં લોકો ખાસ યુકેથી શિયાળામાં સસ્તા ભાવે ડેસ્ટિનેશન વેડિંગ કરવા આવે છેથી માંડીને તેમને ઇંગ્લેન્ડને બદલે યુરોપમાં સ્થાયી થવાનું વધુ મજાનું લાગ્યું, તે બધી વાતો ભાઇઓ માંડીને કરવા લાગેલા. અમે હવે જ્યાં સુધી છીએ ત્યાં સુધી રોજ ત્યાં જવાની ઇચ્છા થાય તેવું હતું. એમણે તો એ પણ કહી દીધું કે સ્પેનમાં વેજિટેરિયન સ્વાદિષ્ટ ખાવાનું મળવાનું મુશ્કેલ છે. ફરી આવો ત્યારે પહેલેથી કોલ કરી દેજો શું ખાવું છે. મેનુ પર છે કે નહીં તેની ચિંતા ના કરતા. છેલ્લા બે દશકમાં યુરોપમાં આવી વાત કદી કોઈ ઇન્ડિયન રેસ્ટોરાંમાં નહોતી સાંભળી. રોઝીઝમાં ઓલરેડી અમે દરિયાના રંગો અને જિલાટોના રંગોથી અંજાઈ ગયાં હતાં. સારું ભારતીય ભાણું મળ્યું એમાં તો આ દિવસ આખી ટ્રિપનો બેસ્ટ દિવસ લાગવા માંડ્યો હતો. પછી એમ લાગ્યું કે અમે આ ગામની સાઇટ પર તો ખાસ ધ્યાન આપ્યું જ નહીં. અંતે એક ટૂરિસ્ટ ટોય ટ્રેન સાથે એ પણ કરવા મળી ગયું. તેમાં રોઝીઝનો સિટાડેલ અને કથિડ્રાલ પણ જોવા મળી ગયાં. રાતના હોટલ પર ડિનરમાં કોઈને ખાસ રસ ન પડ્યો. આખા દિવસના જલસાની અનુભૂતિ લાંબા સમય સુધી સાથે ચાલી હતી. હજી કડાકસ જોવાનું બાકી હતું. ■

---

મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી



## તમે સાવ નક્કામા છો... ભોળા છો... તમને કંઈ ખબર ન પડે...!

દરેક પરિણીત પુરુષે આ શબ્દો એની વિવાહિત જિંદગીમાં એકવાર તો સાંભળ્યા જ હોય. હમણાં તો ઘણા ગુજરાતીઓના ઘરે આ વાક્ય બોલાયું અને તેનું એપી સેન્ટર સુરત જાણવા મળ્યું છે.

વાતમાં જાજુ મોણ ન નાખતા પેપર ફોડી દઉં છું કે સુરતમાં લોકસભાની એક બેઠક બિનહરીફ જાહેર થઈ. કહેવાય છે કે કરોડોનો વહીવટ થયો. એ.. મુખ્ય પક્ષના ઉમેદવારે તો પેટ ભરીને ખાધા,એનો હક છે.કારણ કે એ મુખ્ય પક્ષમાં હતો, પરંતુ નાના નાના પક્ષવાળાઓએ પણ વહેતી ગંગામાં ધુબાકા મારી લીધા.

અમારા ચુનિયાના ઘરે તે દિવસની મગજમારી ચાલુ થઈ ગઈ છે. એમાં પણ ત્રણ દિવસ પહેલાં સેન્સેક્સની સાથે સાથે ચુનિયાનું એકાઉન્ટ પણ પડ્યું. જે શેર લીધા હતા એ જ આખલાના માથા સાથે ભટકાણા. તે દિવસે સોનામાં ૨૦૦ રૂપિયા ઓછા થયા હતા. અને ભાભીએ શેર નહીં સોનું લેવા માટે ધમ પછાડા કર્યા હતા, પરંતુ ચુનિયાએ સમજાવ્યું હતું કે આ શેરમાંથી જે કંઈ કમાઈએ એમાંથી સવા શેર સોનું લઈશું. આખલાની પૂઠે કો'કે બીડી અડાડી ને આખલો સડેડાટ નીચે આવ્યો.અને એ આખલાનીચે અમારો ચુનિયો પણ નીચે પછડાયો. ખલાસ!

ભાભી એ ડબલ મારો શરૂ કર્યો : સોનું ના લીધું તો ના લીધું, પણ શેર શું કામ લીધા? તમને લગ્ન વખતે લખેલા લવ લેટરમાં પણ શેર લખતા આવડતા ન હતા.મને તો તે દિવસની ખબર પડી ગઈ હતી કે આને શેર સાથે કાંઈ લેવાદેવા નથી તેમ છતાં મારા લમણે લખાણા. મને એમ હતું કે સુધરી જશો, પરંતુ તમે શેર બજારના રવાડે ચડ્યા.અરે, નહીં સોનુ, નહી શેર એ.. ખાલી સુરતમાં અપક્ષ તરીકે ફોર્મ ભર્યું હોત તો પણ ૧૦૦ ૨૦૦ gm સોનું ચપટી વગાડતા લઈ શક્યા હોત !

અપક્ષ તરીકે ફોર્મ ભર્યું હોત તો મારી બહેનપણીઓ વચ્ચે બે- ત્રણ દિવસ તો વટથી કહેત કે મારા ઈ સંસદ સભ્ય બનવાના છે. અને પાછું ખેંચી લીધું હોત તો પાંચ વર્ષની ગ્રાન્ટ જેટલા રૂપિયા કમાયા હોત.

જો કે આ વાતનું ચુનિયાને પણ પારાવાર દુઃખ તો થયું જ. ખરેખર ગળામાં બગસરાનો પાંચ તોલાનો ચેન પહેરવા કરતાં જો અપક્ષ તરીકે ઊભો રહ્યો હોત તો બગસરાની જગ્યાએ સસરાનો પાંચ તોલાનો સોનાનો ચેન પેરત. મેં કહ્યું કે રૂપિયા તને મળે પછી સસરા થોડા કરાવી દે ? તો એ મને કહે એની દીકરી મારા ઘરે જે છે એને તમે ઓળખતા નથી. મને તો ખાલી આંકડાની ખબર પડે.બાકી વહીવટ તો એ જ કરી લે.એના હાથમાં ગયા પછી હાથ ખર્ચીના રોજના રૂપિયા ૧૦૦ થી વિશેષ મને કશું ન મળે.

જો કે પછી ભાભીએ મન મનાવ્યું છે અને દરેક લોકોને એ કહેતા ફરે છે : 'મારા ઈ બહુ ભોળા છે.'

મને આ વિધાન ઉપર વાંધો હતો એટલે મેં તો કીધું કે 'ભાભી, આ ભોળો કઈ રીતે?' તો મને કહે : 'હું એને મૂરખ થોડા કહી શકું?'

આમ મૂરખનું સુધારેલું વર્ઝન એટલે ભોળા ખરેખર ઘણા એવા શબ્દો છે જેનો અર્થ ભોળા થાય છે. ઘણીવાર ઘરવાળી એવું કહે કે 'તમારે તો ખરીદી કરવા જવું જ નહીં તમને બધા છેતરી જાય છે.તમે બહુ ભોળા છો.' અહીં ભોળપણનો અર્થ બુદ્ધિ વગરના અથવા તો મંદબુદ્ધિ એવો પણ થઈ શકે. કોઈ કામમાં કૌશલ્યની જરૂર હોય તો તરત જ કહેશે કે એને ના કહેતા આ એનું કામ નહીં એ બહુ ભોળા છે. ' અહીં ભોળપણનો અર્થ ડફર એવો કરી શકો.

આ તો તમારી ઘરવાળી તમારા વિશે સુવિચાર છે તે મેં તમને કહ્યું ,પરંતુ ક્યારેક પતિદેવ જાતે જ એમ કહે કે મને એ બધું ન સમજાય હું ભોળો છું' તો સમજવું કે આ શખસ મહા ચબરાક,ચાલુ, ગામ આખાને વેચી અને ચણા ખાઈ જાય એવો કાટ માણસ છે.

એવું જ એક હીટ વાક્ય છે 'તમને કાંઈ ખબર ન પડે..' આ વાક્યનો પ્રયોગ ત્યારે જ થાય જ્યારે પત્ની પોતાનું કામ પોતાની રીતે કઢાવવા માગતી હોય, હજી તમે પડોશમાં રહેતી સુંદર પડોશણ માટે તમારી કાર્યદક્ષતા દેખાડવા તત્પર થતા હોય અને આજુબાજુ જોઈ અને ખાતરી પણ કરી લીધી હોય કે કોઈ તમારી વાતમાં વચ્ચે પડશે નહીં. ખાલી જગ્યામાં જ શોર્ટ મારવાનો છે. બરાબર તમે તેના કોઈ કામ માટે હા પાડવા જતા હો ત્યાં તમારી અર્ધાંગિની તમારું આખું અંગ દાબી તમારું બાવડું પકડી તમને એક બાજુ કરી અને એ સુંદર પાડોસણ (જો કે તમારી પત્ની માટે તે ચિબાવલી, નખરાળી) સામે આવી અને કહે 'એને રહેવા દે, તારું કામ નહીં થાય, આમાં એને કાંઈ ખબર ન પડે! '. આપણું બાવડું એવું દબાવ્યું હોય કે આંગળાની છાપ આપણા બાવળા ઉપર પડી ગઈ હોય એટલે આપણે એમ પણ ન કહી શકીએ કે ના ના એવું નથી,મારાથી કામ થશે.' પરંતુ પત્નીની પકડની તાકાત સામે આપણા શબ્દો બહાર ના નીકળે.

આવા તો ઘણાં વાક્યો છે, જે તમારી સામે ઉપયોગ થતો હશે, પરંતુ દરેક વખતે શબ્દનો અર્થ ફરી જતો હોય. ચાલો , મારી ઘરવાળી પણ મને બોલાવે છે ચાર વાર રાડ પાડી છે હવે જવાબ નહીં દઉં તો જમવાનું કામવાળી ને આપી દેશે, પણ મને નહીં જમવા દે.!

જોયું, ફોન કરીએ ને એની માને તરત કીધું : બહુ મીંઢા છે. આવાં કેટલાં વાક્યો માટે ભલે તમે જવાબદાર ન હો , છતાં માર્કેટમાં ફરતા હોય તો મને લખી અને જણાવજો. ■

### વિચારવાયુ

*'અમારે ઘરમાં એનું જ ચાલે'*
*આ વાક્ય બોલનારનું જ ખરેખર ચાલતું હોય છે.*

ભાત ભાત કે લોગ

feedback@bombaysamachar.com
જવલંત નાયક

# ટ્રોલ-ટ્રોલિંગ ને ટ્રોલ ફેસ

## કોઈકની નસ ખેંચતી વખતે વિવેકબુદ્ધિ અચૂક વાપરો



પ્રાચી નિગમ.

આ નામ ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર ઠીક ઠીક ચર્ચાયું. એ ય પાછું સારી ને ખરાબ એમ બંને રીતે. જો કે એનાથી પ્રાચીએ મેળવેલી સિદ્ધિ જરાય ઓછી અંકાય એમ નથી. તાજેતરમાં ઉત્તર પ્રદેશ રાજ્યના દસમા ધોરણની બોર્ડ એક્ઝામ્સનાં પરિણામ જાહેર થયાં. એમાં પ્રાચી નિગમ નામની તરુણી ૯૮ ટકાથી વધુ માર્ક્સ લાવીને આખા રાજ્યમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઇ. રિઝલ્ટ્સ જાહેર થયા એ ક્ષણો સ્વાભાવિક રીતે જ પ્રાચી અને એના પરિવાર માટે અત્યંત હર્ષ અને ગૌરવની નીવડી હશે, પણ પછી શું થયું. પ્રાચીની સિદ્ધિના સમાચાર એના ફોટોઝ સહિત સોશિયલ મીડિયામાં વાઈરલ થયા અને મોટી સંખ્યામાં લોકો પ્રાચીની ઠેકડી ઉડાડવા માંડ્યા. એ માટે કારણભૂત બન્યો પ્રાચીનો ચહેરો. બિચારી છોકરીને ચહેરા ઉપર એ પ્રકારની રુંવાટી છે, કે જાણે કોઈ તરુણને દાઢી-મૂછ ફૂટ્યા હોય. ખાસ કરીને મૂછ તો ફોટોમાં ખાસ્સી સ્પષ્ટ બનીને ઊપસી આવે છે. સો વ્હોટ? એ છોકરીએ દિવસ-રાત મહેનત કરીને અભ્યાસમાં જે સિદ્ધિ મેળવી એની ચર્ચા થવી જોઈએ, એના બદલે સોશિયલ મીડિયા યુઝર્સ એની ખિલ્લી ઉડાવવા માંડ્યા. કોઈકે ફોટો પડાવતા પહેલાં વેક્સિંગ કરાવી લેવાની સૂચના આપી તો કેટલાકે વળી ફોટોશોપ દ્વારા એડિટ કરેલા ફોટા વાપરવાની સલાહ આપી. અમુક પરગજુ સ્વભાવના યુઝર્સે તો વગર માગ્યે પ્રાચીના ફોટોને ફોટોશોપ દ્વારા ક્લિન-શેવ કરીને રિ-પોસ્ટ કર્યો! અને બીજા કેટલાક વળી પ્રાચીને 'પોલીસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ'ને (એક ખાસ પ્રકારની ગાયનેક કન્ડિશન) કારણે ચહેરા પર રુંવાટી ઊગતી હોવાની ચર્ચા જાહેરમાં કરવા માંડ્યા. બિચારી છોકરી! પોતાની સિદ્ધિને ઉજવે કે સોશિયલ મીડિયા ટ્રોલિંગ પર રડવા બેસે?! એના કુમળા મન પર શું વીત્યું હશે?

અહીં મુદ્દો એ છે કે સોશિયલ મીડિયામાં આ રીતે કોઈ નિર્દોષ-નાદાન છોકરીની ખિલ્લી ઉડાવીને લોકોને શું મળતું હશે પિશાચી આનંદ? ટેકનિકલ ભાષામાં આવા લોકોને ટ્રોલ (Troll) તરીકે ઓળખવામાં આવે છે. સીધીસાદી ગુજરાતીમાં એમને 'નસ ખેંચું' કહી શકાય. આવા લોકો સમાજમાં પરાપૂર્વ કાળથી છે, પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે આવા 'નસ ખેંચુ'ઓને મોકળું મેદાન આપી દીધું છે. કોઈને ઓળખ્યા-જાણ્યા વિના કે રૂબરૂ વાતચીત વિના સાવ અમથા જ ઉતારી પાડવા એ દુનિયાનું સૌથી સહેલું કામ છે.

'ટ્રોલ' શબ્દની વ્યુત્પત્તિ અને ઈન્ટરનેટ યુગમાં એનો વિકાસ રસપ્રદ છે. ગુજરાતી ભાષા જે રીતે શૌરસેની પ્રાકૃત ભાષામાંથી ઊતરી આવી છે, એ જ પ્રમાણે ઉત્તરીય જર્મનીની ભાષાઓ ઓલ્ડ સ્કેન્ડિનેવિયન લેન્ગ્વેજ ઉપરથી ઊતરીઆવી છે. સ્કેન્ડિનેવિયન લોકકથાઓમાં ટ્રોલ શબ્દ ખલનાયક માટે વપરાતો. એવો ખલનાયક જે ઓછી બુદ્ધિનો, ઝગડાળુ, અસામાજિક વૃત્તિઓવાળો અને વિશાળ કદનો હોય. આવા ટ્રોલનું મુખ્ય કામ વટેમાર્ગુઓને કનડવાનું.

પોતાના વિશાળ કદ અને રાક્ષસી વૃત્તિને કારણે એમને giant demon તરીકે પણ ઓળખવામાં આવતા. સોળમી-સત્તરમી સદીના અમુક રેફરન્સમાં વળી હલકી માનસિકતા ધરાવતા, બેડોળ વહેંતિયા, એટલે કે ઠીંગણા (ugly dwarf) માટે પણ'ટ્રોલ' શબ્દ વપરાતો. આમ જુઓ તો પહેલેથી જ ટ્રોલ શબ્દની અર્થછાયા નેગેટિવ અસર ધરાવે છે. પણ 'ટ્રોલિંગ' શબ્દ માછલી પકડવાની કેટલીક ટેકનિક્સ માટે પણ વપરાય છે. આ ઉપરાંત કશુંક ખેંચી જવા - તાણી જવાની ક્રિયા દર્શાવવા માટે પણ ટ્રોલિંગ શબ્દ વપરાય છે. જો કે ઈન્ટરનેટના આગમન પછી ટ્રોલ અને ટ્રોલિંગ જેવા શબ્દો ઓનલાઈન ટાંટિયાખેંચ પ્રવૃત્તિ માટે જ વપરાતા રહ્યા છે.



આજની તારીખે ઈન્ટરનેટ ટ્રોલિંગનો ઈશ્યુ એ હદે સેન્સિટિવ બની ચૂક્યો છે, કે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા 'એન્ટી-ટ્રોલિંગ ટેકનિક્સ' ઉપર કામ થઇ રહ્યું છે. તમે જો ફેસબુક પર કોઈકના એકાઉન્ટને બ્લોક કરો, અને એના કારણ તરીકે 'હેરેસમેન્ટ' એટલે કે હેરાનગતિને જ વાબદાર ગણાવો તો 'ફેસબુક' તરફથી આ વાતને ગંભીરતાપૂર્વક હેન્ડલ કરવામાં આવે છે. જો 'ફેસબુક' ને તમારા દાવામાં સચ્ચાઈ જણાય તો પેલું ટ્રોલિંગ એકાઉન્ટ સસ્પેન્ડ પણ થઇ શકે છે..

સિક્કાની બીજી બાજુ જુઓ તો ટ્રોલ્સને કારણે સોશિયલ મીડિયા પર અમુક પ્રકારના ફાયદા પણ થઇ રહ્યા છે, એ સ્વીકારવું જોઈએ. મજાની વાત એ છે કે ઘણીવાર સ્વ-પ્રસિદ્ધિ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો દુરુપયોગ કરનારા સાચા-ખોટા સેલિબ્રિટીઝને કન્ટ્રોલમાં રાખવા માટે ટ્રોલ્સ બહુ ઉપયોગી સાબિત થાય છે. ખાસ કરીને સાહિત્ય અને રાજકારણ બાબતે. (કેટલાક જાણભેદુઓ સાહિત્ય અને રાજકારણને એક જ સિક્કાની બે બાજુઓ સમાન ગણે છે, પણ એ આખો જુદી ચર્ચાનો વિષય છે.) અત્યારે એવો સમય ચાલી રહ્યો છે કે જો તમે તમારી લોકપ્રિયતા વટાવી ખાવાના ચક્કરમાં કોઈક વાતને ખોટી ડંફાસ મારી બેસો કે ખોટી માહિતી રજૂ કરો તો સોશિયલ મીડિયાની ટ્રોલ મંડળી તમારો ઉધડો લઇ નાખે. ઠેર ઠેરથી શોધી કાઢેલી લિંક્સ તેમજ સ્ક્રીન શોટ્સના ધાડેધાડાથી તમારું કમેન્ટ સેક્શન ઉભરાવા માંડે. એ જ પ્રમાણે કોઈ રાજકીય નેતા કે મીડિયા હાઉસ દ્વારા ખોટો દાવો કરવામાં આવે કે પછી ભૂલભરેલી માહિતી આપવામાં આવે તો સોશિયલ મીડિયા પર લોકો બરાબરની ટાંગ ખેંચે છે. આ વાંચીને તમને આવા એકાદ-બે બનાવો ચોક્કસ યાદ આવી જ ગયા હશે એટલે આપણે એનાં ઉદાહરણોની ચર્ચામાં ઊંડા નથી ઊતરવું. અમુક વખતે 'ક્રાંતિકારી' અને 'આતંકવાદી' વચ્ચે પાતળી ભેદરેખા હોય છે એમ 'ગુડ ટ્રોલ' અને 'બેડ ટ્રોલ' વચ્ચેની ભેદરેખા પણ અત્યંત પાતળી છે.

-અને છેલ્લે વાત 'ટ્રોલફેસ'ની. કહેવાય છે કે ટોળાને ચહેરો નથી હોતો, પણ સોશિયલ મીડિયા પર ટ્રોલ કરનારા લોકોની ઓળખ સમો એક ચહેરો લગભગ દોઢેક દશકથી પ્રચલિત છે. કાર્લોસ રેમિરેઝ નામના આર્ટિસ્ટે ૨૦૦૮માં પોતાનું બનાવેલું એક ડ્રોઈંગ ઈન્ટરનેટ પર પોસ્ટ કરેલું, જે પછીથી 'ટ્રોલ ફેસ' તરીકે જાણીતું બન્યું. આખી મોં-ફાડ ખોલીને વિચિત્ર પ્રકારનું હાસ્ય વેરતી માનવ ખોપરીના આ ચિત્રને 'ટ્રોલ ફેસ' તરીકે ઓળખવામાં આવે છે.

શરૂઆતમાં આપણે જેની વાત કરી એ પ્રાચી નિગમ જેવા નિર્દોષ અને આશાસ્પદ લોકોને જ્યારે વિનાકારણ, થોડી મોજમસ્તી માટે થઈને ટ્રોલ કરવામાં આવે ત્યારે ટ્રોલિંગ ખરા અર્થમાં એક ઝેરીલું દૂષણ હોવાનો અહેસાસ થાય છે. બીજી તરફ નિર્દોષ ટાંટિયાખેંચ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને જીવંત રાખે છે (અને ક્યારેક કીટનાશક તરીકે કામ કરે છે) એ પણ એટલી જ સાચી વાત છે. જો તમે ઇચ્છતા હોવ કે સોશિયલ મીડિયાની મજા ટકી રહે ને સાથે કોઈ નિર્દોષ વ્યક્તિ એનો ભોગ ન બને તો કોઈની નસ ખેંચતા પહેલાં વિવેકબુદ્ધિને અચૂક કામે લગાડવી. ■

ઊડતી વાત

feedback@bombaysamachar.com
ભરત વૈષ્ણવ

# મહિલાના 'હાથ' લગાવ્યા પછી એ પુરુષની થઈ કેવી મોકાણ?



'હેલ્લો, મિસ્ટર તરુણકુમાર, અભિનંદન!'

અમે તરુણકુમારને ફૂલોનો ગુલદસ્તો અને સાથે મોસંબી - સફરજન આપ્યા. 'આભાર, મહાશય આપ કોણ? આપનો પરિચય?'

તરુણકુમાર અવઢવમાં હતા.અમને શંકાની દ્રષ્ટિએ જોઇ રહ્યા હતા. આમ પણ અમે શંકાસ્પદ વ્યક્તિ છીએ. અખબારી આલમમાં તમે કઇ સંસ્થાનું પ્રતિનિધિત્વ કરો છો એના પર તમારી રેપ્યુટેશન-આબરુ અંકાતી હોય છે.

અલગ અલગ ચેનલોમાં તો દરેક ચેનલની વૅલ્યુ કે ન્યુશન્સ વૅલ્યુ હોય છે. 'બખડજંતર' ચેનલની ઓફિસ જે કોમ્પલેકસમાં છે તે બિલ્ડિંગમાં ત્રીજી શોપમાં બાબુલાલ બબૂચકને ઓળખતું ન હોય તો દિલ્હીમાં કોણ ભોજિયો બાબુલાલ કે 'બખડજંતર'ને ઓળખતો હોય?

આપણી પ્રજા કેમેરો જોઇને ગમે તેવાને ઇન્ટરવ્યૂ આપવા તૈયાર થઇ જાય છે. 'ખોંખારા' જેવું કોઇ પણ ઢંગધડા નગરનું નામ ધરાવતું પોર્ટલને ય 'ખાસ' ઈન્ટરવ્યૂ આપવા તૈયાર થઈ જાય. 'તરુણકુમારજી, અમે 'બખડજંતર' ટીવી ચેનલ તરફથી તમારો ઈન્ટરવ્યૂ લેવા આવ્યા છીએ. હું ચીફ રિપોર્ટર ગિરધરલાલ ગરબડિયા અને રાજુ રદી ઓલ ઇન વન મેન આર્મી છે. રાજુ રદી કેમેરામેન કમ એવરિથિંગ છે' અમે તરુણકુમારને જણાવ્યું.

તરુણકુમારના પત્ની ચા અને ખારી મુકી ગયા. તરુણકુમારે ચા લેવા સ્ત્રી સહજ હાથ લાંબો કર્યો. 'તરુણકુમારજી, તમને નવું જીવન મળ્યું કહેવાય. તમે સાઇકલ લઇને ટ્રેનના પાટા ઓળંગતા હતા અને ફૂલ સ્પીડે આવતી ટ્રેન તમારા પર ફરી વળતા તમારા હાથનો બટેટાની માફક છૂંદો થઇ ગયો. તમને હાથ ન હોય તો તમે પેઇન્ટિંગ કેવી રીતે કરી શકો? હાથ વગર જીવન જીવવું લગ્ન થયા પછી પુરુષ માટે જીવવા જેવું દુષ્કર છે'

અમે તરુણકુમાર માટે આનંદની સંવેદના પ્રગટ કરી. 'શોલે' ફિલ્મમાં ગબ્બર ઠાકુર, 'મુજે તેરે હાથ દે દે' કહીને ઠાકુરના હાથ છીનવે છે એમ અહીં ગબ્બરની ભૂમિકા ટ્રેને ભજવી. અરે ભાઇ સાહેબ, 'તમારા ભાઇને લગાડેલા નવા હાથે તો મોકાણ સર્જી છે. અમારી વાટ લાગી ગઇ છે!' તરુણકુમારની પત્ની રાજરાણીએ અમને કહ્યું. નમસ્તે,ભાભી સાહેબા. 'અમને કાંઇ સમજણ પડી નહીં!' અને પતંગના દોરાની માફક ગૂંચવાઈ ગયા!

'મેરે પતિ સારે દિન હાથની આંગળીઓમાં નેલ પોલિશ જ કરે છે. નેલ પોલિશ લગાવે છે. નખ પર ફૂંક મારી એ પોલિશ સૂકવે છે. પછી નેલ પોલિશ રિમુવર લગાવે છે અને પાછો લવન્ડર શેડનો નેલ પોલિશ કરે છે. આટલી વાર તો હું પણ નેલ પોલિશ લગાડતી નથી. નેલ કટરથી વારંવાર નેલ ફાઇલિંગ કરે છે!' રાજરાણીએ નખ-દાર ફરિયાદ કરી. 'ઓહ નો!' અમે આશ્ચર્ય વ્યક્ત કર્યું.. 'ઇટસ, ઇમ્પોસિબલ!' ફરિયાદ સાંભળીને અમે હકકાબકકા રહી ગયા.

'તરુણકુમારજી પગના અંગૂઠાથી મહિલાની માફક ફર્શ ખોતરવાની કોશિશ કરે છે.' રાજરાણીની બીજી ફરિયાદ!

'કુછ તો કેમિકલ લોચો છે!.' રાજરાણીની ફરિયાદ સાંભળીને અમે કહ્યું.

'તરુણકુમારજી કારણ વગર ચહેરા પર બંને હાથ લઇ જઇ ગાલ પર શરમના શેરડા પડતા હોય તેમ કોઇ મહિલાની જેમ શરમાવાની નજાકતપૂર્ણ આભિજાત્ય સભર અદા કરે છે!' રાજરાણીએ ત્રીજી ફરિયાદ દર્જ કરી.

વોટ? શું કહો છો? ભાભીજી!.અમે સજજડ થઇ ગયા.

'તરુણકુમારજી બંને હાથે વેકસિંગ કરાવે છે!.આઇ બ્રો કરાવે છે. કપાળે જાત જાતની બિંદી લગાવે છે.સિંદૂરથી સેંથો પૂરે છે. આખો દિવસ કેશગૂંફન કરે છે. વાળમાં હેર બેન્ડ લગાવે છે. ક્યારેક ચોટી કરી રીબન લગાવે છે, ક્યારેક પોની લે છે, ક્યારેક અંબોડો લે છે.' રાજરાણીએ ચોથી-પાંચમી ફરિયાદ એક સાથે કરી. 'એમ?' આટલું બોલતાં અમારું મોં ખુલ્લું જ રહી ગયુ.

'અરે, કયાં બોલું ભાઇ સાહેબ? કહેને મેં ભી શર્મ આતી હૈ! મેરે વોર્ડરોબ સે ટોપ, કુર્તી, સલવાર ઠઠાડે છે.કલાકો સુધી અરીસા સામે ઉભા રહી અનિમેષ નજરે ખુદને નિહાળીને 'મેં ભી ખૂબસૂરત હૂં' એમ કહી પોતાના પર જ વારી જાય છે!' રાજરાણીની છઠ્ઠી ફરિયાદ.

'ના હોય. કોઇ મર્દ આવી હરકત ન કરે...' અમે પ્રતિભાવ આપ્યો.

'બાકી બધુ તો સમજ્યા પણ હોઠ પરની રુવાંટી દૂર કરાવી લિપસ્ટિક લગાડે છે. લિપસ્ટિકને ફાઇનલ ટચ આપતી વખતે મહિલા હોઠ વાંકાચૂંકા કરે તેવી હરકત કરે છે. પછી શરમના માર્યા પાણીપાણી થવાનો અભિનય કરે છે!.' રાજરાણી સાતમી ફરિયાદ કરતા રીતસર રડી પડી.

'ભાભી રડો નહીં. ઈશ્વર સૌ સારાવાના કરશે.' અમે આશ્વાસન આપ્યું.

'તરુણકુમારજી વારંવાર કોઇને હાથમાં તાળી મારે છે. તાળી આપ્યા પછી નાની છોકરીની જેમ ઉછળકૂદ કરે છે.' રાજરાણીએ આઠમી ફરિયાદ કરી.

'તમે તાત્કાલાક કોઈ સાઈક્રિયાટ્રિસ્ટને કન્સલ્ટ કરો.' અમે એડવાઇઝ આપી.

તમારા ભાઇ, 'મારી બહેનપણીના પતિને જોઇ નિર્લજ્જતાની હદ વટાવી જાય છે. ગોરી હૈ કલાઇયા,તું લાદે મુજે હરી હરી ચુડિયા જેવાં શૃગાંરિક ગીતો ગાય છે!' રાજરાણીએ ન કહેવાય ન સહેવાય એવી કરમની કઠણાઇ કહી.

'ભાભીજી, તમારા ખાવિંદ કે શૌહર આવું કેમ કરે છે એની તપાસ કરી?' રાજુ રદીના ખોળિયામાં રહેલો પત્રકારનો આત્મા આખરે ઊછળી પડયો.

'એમને અકસ્માત થયા પછી એમના હાથ કપાઈ ગયેલ. એમના હાથ ટ્રાન્સપ્લાન્ટ કરવાના હતા. કોઇ મર્દાના હાથ ન મળ્યા. એટલે જનાના હાથ ઇમ્પ્લાન્ટ કરવા પડયા..બસ,ત્યારથી આ મોંકાણ ઉભી થઇ છે!' રાજરાણીએ રહસ્યોદઘાટન કર્યું! ગણપતિનું મસ્તિક ઇમ્પ્લાન્ટ કરતી સમયે કોઇ અપ્સરાનું મસ્તિક મળ્યું હોત તો ગણેશ ભગવાન ગજાનનને બદલે અપ્સરાનન કહેવાતા હોત!

(નોંધ : આ લેખ હાસ્ય નિષ્પન્ન કરવાના નિર્દોષ હેતુસર લખવામા આવ્યો છે.. કોઇએ બંધબેસતી પાઘડી કે કેપ પહેરવી નહીં.) ■

નિસર્ગનો નિનાદ

feedback@bombaysamachar.com
ધર્મેન્દ્ર ત્રિવેદી

# છે માછલી પણ કહેવાય દરિયાઈ ઘોડા







**પ્રવાસ** કરવા માટે ગતિની જરૂરિયાતને સમજીને માનવે કદાચ સૌ પ્રથમ જંગલી ઘોડાઓને નાથ્યા હશે. ઘોડાને આપણે આજે પાલતું જાનવર સમજીએ છીએ, પરંતુ હકીકતે આજે પણ ચીનના મંગોલિયામાં, અને વિશ્વની થોડા સ્થળો પર ઘોડા જંગલી અવસ્થામાં વસી રહ્યાં છે. ઘોડાની શરીર રચનાનો આધાર જે તે વિસ્તારની આબોહવા અને તે સપાટ મેદાનોમાં છે, કે પહાડોમાં છે, કે પછી દરિયામાં છે તેના પર નિર્ધારિત રહે છે. ઓ તેરી... જમીન પહાડો તો સમજ્યા જાણે, પણ દરિયામાં ઘોડો ? ના હોય લ્યા... તો ચાલો મને એક વાત સમજાવો કે રામદેવ પીર જેના પર બેઠા હતાં તે લાકડાનો ઘોડો જો ઊડી શકતો હોય તો દરિયામાં ઘોડા છે તે વાત પણ આપણે માનવી જ રહી ને? હા રામદેવજીના જીવનચરિત્રના ભાગ જેવી આ દૈવી ઘટના તેમની દિવ્યતાનો અહેસાસ કરાવે છે, જ્યારે હું આજે જે ઘોડાની વાત લઈને આવ્યો છું તે કંઈ કલ્પના માત્ર નથી... હા દોસ્તો દરિયામાં પણ સાચુકલા ઘોડા હોય છે.

જે લોકો પર્યાવરણ અને પ્રકૃતિ સાથે જોડાયેલા છે તે સૌ જરૂર સમજી ગયા હશે કે હું જેની વાત કરું છું તે દરિયાઈ ઘોડો એટલે કે સી હોર્સ છે. પરંતુ અહી મજાની વાત એ છે કે દરિયાઈ ઘોડો એ પૃથ્વી પરના ઘોડા જેવુ સસ્તન વર્ગનું પાણી નથી, પરંતુ દરિયાની કરોડો અબજો જાતિઓની માછલીઓ જેવી એક માછલી છે. ફરક માત્ર એટલો છે કે આ માછલી સાવ ટચૂકડી અને અનોખી છે. તેનું નામ સી હોર્સ એટલે કે દરિયાઈ ઘોડો એટલા માટે પડ્યું છે કે તેના મોંનો આકાર ઘોડાના મોં જેવો જ છે. દરિયાની માછલીઓ પાણીમાં આડી તરતી હોય છે, જ્યારે દરિયાઈ ઘોડો પાણીમાં ઊભો તરે છે. દરિયાની અંદરની જમીનમાં જે ઉથલપાથલો થઈ અને કાંઠા પાસે છીછરી જગ્યાઓનું નિર્માણ થયું, તે જગ્યાઓમાં ઊગતા ઘાંસમાં રહેવા માટે દરિયાની એક માછલી પાઈપ ફિશે પોતાના શરીરમાં પરિવર્તનો લાવતાં દરિયાઈ ઘોડાની જાતનો વિકાસ થયો. દરિયાઈ ઘાંસ પાણીમાં સીધું ઊભું રહેતું હોવાથી આ માછલીઓએ પોતાની શરીર રચના અને તરવાની પ્રક્રિયામાં પણ ઊભા તરવાની કળા વિકસાવી હતી.

વૈજ્ઞાનિકોના સંશોધનો મુજબ દરિયામાં કુલ મળીને દરિયાઈ ઘોડાની પચાસ જેટલી જાતો-પ્રજાતિઓ અસ્તિત્વમાં છે. આમાંની નાનામાં નાની જાતિ આશરે માંડ અડધો ઈંચની અને મોટામાં મોટી જાતિ આશરે ચૌદ ઈંચના કદની હોય છે. આમ જોવા જાવ તો આ માછલી અંગે ઘણી બાબતો અત્યંત રસપ્રદ છે, પરંતુ તેમાંની સૌથી વધુ મજા પડે એવી થોડી બાબતો આજે જાણીશું. સૌ પ્રથમ મુદ્દો આવે છે ભૂખ. ભૂખ તો સબ કો લગતી હૈ, પરંતુ આ માછલી ટચૂકડી હોવા છતાં અત્યંત ભૂખાળવી હોય છે. તેનું મોં સૂંઢ જેવુ હોય છે અને તેને દાંત હોતા નથી. અધુરામાં પૂરું કુદરતે તેમને હોજરી આપી નથી. અરે ? હા અને એટલે જ તે ખોરાક ખાય ત્યાર બાદ તેના શરીરમાંથી પસાર થઈને નિકાલ થઈ જાય છે. આ કારણે તેમણે દિવસમાં ઓછામાં ઓછા ત્રીસેક વખત ખોરાક લેવો પડે છે, જેથી શરીરને જોઈએ તેટલા પ્રમાણમાં ઉર્જા મળી રહે. તેના ખોરાકમાં તેના કદને અનુરૂપ હોય તેવી ઝીંગાઓની અનેક પ્રજાતિઓનો સમાવેશ થાય છે. પરંતુ તેની વિચિત્ર શરીર રચનાને કારણે તે કોઈની પાછળ પડીને શિકાર કરવાને બદલે એક જગ્યા પર સ્થિર બેસીને નજીકથી પસાર થતા શિકારને ઓચિંતા ઝડપીને ઓહિયા કરી જાય છે.

દો હંસોના જોડાની માફક દરિયાઈ ઘોડા પણ એક જ જીવનસાથી સાથે ઘર માંડે છે. હવે દરિયામાં નેટફલિકસ, પ્રાઈમ કે હોટસ્ટાર પર અનુપમા જોઈને સમય પસાર કરી શકાતો નથી, એટલે આ યુગલો દિવસનો ઘણો ખરો વખત એકબીજાની પૂંછડી પકડીને ફેરફુદરડી ફરે, એકબીજાને રંગો બદલી બદલીને મોહિત કર્યા કરતાં હોય છે. પરંતુ પ્રજનન સમયે તેમનું આ નૃત્ય આઠેક કલાક પણ ચાલી શકે છે. ગર્ભાધાન મતલબ કે ઈંડાઓનું ફલન થયા બાદ માદા દરિયાઈ ઘોડી નરના પેટના ભાગે આવેલા કાંગારું જેવા એક પાઉચમાં ઈંડા મૂકી દે છે. નર દરિયાઈ ઘોડો આ ઈંડાઓને અમુક અઠવાડિયાઓ કે કયારેક મહિનાઓ સુધી સેવે છે. જ્યારે બચ્ચા તૈયાર થઈ જાય ત્યારે પોતાનું પેટ સંકોચીને ઘાંસના જંગલ જેવા વિસ્તારમાં રમતા મૂકી દે છે. તેથી જ ક્યારેક આડી લાઈને ચડી ગયેલું દરિયાઈ ઘોડું બાપનો ઠપકો સાંભળે છે કે ક્યાં યે દિન દેખને કે લીએ તુઝે તઈણ મહિને પેટ મેં પાલા થા?

મોં સિવાય તેના શરીરમાં ધડ અને નીચે પૂંછડી હોય છે. આ પૂંછડી તેમના જીવનનું અગત્યનું અંગ છે. છીછરા દરિયાના હળવા હિલોળા લેતા પાણીમાં પોતાની જગ્યા પર ટકી રહેવા તથા છુપાવા, શિકાર કરવા અથવા તો પછી ઈલુ ઈલુ કરવામાં આ પૂંછડી સૌથી મહત્વનો ભાગ ભજવે છે. હવે સમજીએ કે આ ઘોડો, ઘોડી અને ઘોડું પોતાનો શિકાર કરવા, કે શિકાર થવામાંથી બચવા શું કરતાં હશે. તેનો શિકાર કરવા આવતી બીજી માછલીઓ અને કારચલાઓથી બચવા માટે તેઓ છદ્માવરણ એટલે કે કેમોફલેજનો ઉપયોગ કરે છે. ઓકટોપસની માફક સી હોર્સ પાસે પણ આસપાસના વાતાવરણમાં ભળી જવા માટે રંગ બદલવાનો મહારથ હાંસલ છે. બીજો મુદ્દો એ છે કે તેની આંખો તેના ચપટા માથાની બંને બાજુ હોવાથી તેની બંને આંખો અલગ અલગ દિશામાં ચારે બાજુના દશ્યો જોવાની શક્તિ ધરાવે છે.

પાણીમાં તરવા માટે તેના કાનની જગ્યા નજીક બે સાવ નાની નાની પાંખો હોય છે, પરંતુ તેનાથી તે થોડું અંતર કાપી શકે પરંતુ પાણીમાં ઉપર નીચે જવા માટે તેમના શરીરમાં હવા ભરેલું એક ગોલબ્લેડર નામનું અંગ હોય છે, જેની મદદથી તેઓ પાણીમાં ઉપર નીચે જવાની ગતિ નિયંત્રિત કરી શકે છે. અંતે હવે એક કલ્પના કરીએ તેમની વિચિત્રતાની. અગાઉ કહ્યું તેમ નાનામાં નાનું દરિયાઈ ઘોડું ૦.૬ ઈંચનું હોય છે... મતલબ કે ચોખાના એક દાણા જેટલું... ચલ મેરા ઘોડા ટીક ટીક ટીક... ■

## કવર સ્ટોરી (સાતમા પાનાનું ચાલુ)

અત્રે યાદ આવે છે.

### મસાલા ભરવાની ને જાળવવાની પ્રાચીન પદ્ધતિ ભૂલાતી જાય છે.

આજની પ્રજા આજનું ખરીદીને આજે ખાઈ જનારી બની ગઇ છે. પરંતુ એક સમય એવો હતો જયારે સિઝનના તાજા મસાલા અને અનાજ સુધ્ધાં બારે માસ માટે ભરી લેવામાં આવતા . વર્ષ સુધી બગડે નહીં એ માટે તેમાં અન્ય ચીજો ભેળવવામાં આવતી, પરંતુ એ કુદરતી અને બિન હાનિકારક હતી. આજની જેમ રસાયણોનો વપરાશ તો બિલકુલ થતો નહોતો.

ઉદાહરણ તરીકે મરચાનો પાઉડર ભરવો હોય તો કાચની બરણીમાં ભરી તેમાં હિંગના ગાંગડા કે લવિંગના ટુકડા મૂકી દેવામાં આવતા . સ્હેજ મીંઠુ પણ ભેળવવામાં આવતું આવા પદાર્થો જંતુનાશકનું કામ કરતા હતા . વળી બરણીના ઢાંકણા પર કપડું બાંધી દેવામાં આવતું જેથી મસાલાને ભેજથી બચાવી શકાય અને જીવાણુઓની વૃદ્ધિ અટકે.

આ મસાલાઓને ખાદ્યતેલથી મોઈ લેવાની (ભેળવવાની) પ્રથા પણ હતી જેથી તેમના રંગ, સ્વાદ અને આયુષ્યમાં પણ વધારો થતો હતો. વળી દરેક મસાલાને તડકે બરાબર સૂકવી પછી જાત નિરીક્ષણ હેઠળ હાથેથી ખાંડવામાં આવતા. ઘઉં જેવા અનાજને પણ તેલ સાથે મોઈ લેવામાં આવતા. પારાની ગોળીઓ પણ મૂકવામા આવતી જેનાથી અનાજમાં ક્યારેય સડો ન થાય. ઘઉંને એરંડિયામાં મોઈને ભરતા દાદી કે નાનીને તો તમે જોયા જ હશે. ચોખાને જેંતુમુક્ત રાખવા ડબ્બામાં નીચે લીમડાના પાન પાથરવામાં આવતા. ઘી ને સુગંધયુક્ત અને જંતુમુક્ત રાખવા તેમાં તમાલ પત્ર ભેળવવામાં આવતું. બધી પદ્ધતિઓમાં એક સામાન્ય તત્ત્વ એ હતું કે ખાદ્યપદાર્થો લાંબો સમય જળવાય તે માટે તેમાં નખાતા પદાર્થો કુદરતી હતા. કોઈ રસાયણનો ઉપયોગ થતો નહોતો. એ સમયમાં લોકોને ભાતભાતની નવી બીમારીઓ થતી નહીં.

આજે આપણે રસાયણોના અતિરેકથી નવી નવી બીમારીઓને પણ આમંત્રણ આપી રહ્યા છીએ એ પણ ગંભીરતાપૂર્વક વિચારવું રહ્યું. જાત જાતના કૃત્રિમ પ્રિઝર્વેટિવ વાપરવાથી મસાલાની આવરદા કદાચ વધતી હશે પણ મનુષ્યના આયુષ્ય પર તો અવળી અસર થતી નથી ને તેનો ખ્યાલ ઉત્પાદકોથી માંડીને વેપારીઓ અને ગ્રાહકોએ પણ રાખવો જ રહ્યો. ■

## ટૂંકી વાર્તા (નવમા પાનાનું ચાલુ)

રે'તું. સમય ક્યાં વીતે છે તેની ખબરે પડતી નૈ. હું કામમાંથી માંડ પરવાર્યો. કુસુમે મંગાવેલી કુંતીની દવા, ચાનું પડીકું પ્યૂન પાસે મંગાવી લેવાનું મેં વિચાર્યું. પણ મનમાં સંદેહ જાગ્યો. વધેલા પૈસા પાછા ન આપે. કે ઓછા આપે તો મારાથી કશું કે'વાય નહીં. અરે તે કદાચ પૈસા ઉછીના માંગે તો ના કે'તા મો મચકોડે તેના કરતાં જાતે જવું સારું. આમ વિચારતા ટેબલ સરખું ગોઠવ્યું. કેમ કે કુસુમે છેલ્લી ટંક ચાલે તેટલી દવા, ચહાં હોવાનું ભારપૂર્વક જણાવ્યું'તું. તેમાં લગીરે ચૂક ના પડે તેનું મારે ખાસ ધ્યાન આપવાનું હતું. મે ટેબલના ખાનામાંથી થેલી કાઢી. ઢીલી પડેલી બૂટની દોરીને કસીને બાંધી હું ઊભો થયો. સવારથી અત્યાર સુધી કેટલીય વાર ખિસ્સામાં હાથ નાખી પાકીટ સલામત હોવાની ખાતરી કરી લેતો હતો. કેમ કે કુસુમે બસો રૂપિયા જીવની જેમ સાચવવાની સલાહ આપી હતી.

હું જુવો ઓફિસની બા'ર નીકળું તે પે'લા ચંદ્રશેખર મને શોધતો આવ્યો. મે તેને ઉત્સાહથી આવકારી મારી સામે બેસાડ્યો. અને પાણીની બોટલ તેની સામે ધરી. તે અધ્ધરથી પાણી પીતો'તો. ત્યારે તેના ઊંચા નીચા થતાં હૈડિયાને જોતાં તે કેટલો તરસ્યો હશે. તેનો અંદાજ લગાવતો રહ્યો. લગભગ પૂરી બોટલ ગટગટાવી ગયો. અને થેંકયું કે'તા બોટલને બંધ કરીને એક બાજુ મૂકી. તે ખુરશીમાં ઘણો સંકોચાઈને બેઠો હતો. તેના મોંઢા પર કોઈ દુવિધા છવાયેલી લાગી. હું કૈ પૂછું તે પે'લા તેણે અવરાભર્યા સવારે કહ્યું

સર! બંને બાળકોને તમારી દુઆથી એડમિશન મળી ગયું. ઘણા સારા સમાચાર છે. હા, પણ...

કેમ અટક્યા ભાઈ? તેને ગૂંચવાયેલો જોઈ મેં પૂછ્યું. સર! સ્કૂલ ફીમાં ટુ હંડરેડ કમ છે

એક ક્ષણ મારી છાતી પર વીજળી ત્રાટકી. મને ચંદ્રશેખર માટે સાચે જ અનુકંપા જાગી'તી. કેમકે મારાં સંતાનો માટે મારે ઘણીવાર આવી કફોડી સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. એક જ દિવસનો સવાલ છે. કાલે તો તે પૈસા પાછા આપવાનું કે'છે. જોખમ ઉઠાવવામાં કશો વાંધો ના લાગ્યો. કશો સંકોચ રાખ્યા વગર મે જિગરના ટુકડા જેવી સો સો ની બે નોટો તેના હાથમાં મૂકી. તે ગદગદ થતો ગયો હું કૃતાર્થભરી નજરે તેને જતો જોઈ રહ્યો. ■

ટૂંકી વાર્તા

# કૃતાર્થભરી નજરે

feedback@bombaysamachar.com
રમણ નડિયાદી

હું હળવેથી પડસાળની જાળીનું બારણું ઉઘાડીને બહાર આવ્યો. ભીંતને ટેકવીને મૂકેલી સાઈકલને ત્યાંથી ખસેડી માર્ગની કોરે ઊભી રાખી અને સીટ નીચે દબાવી રાખેલો ગાભો કાઢીને ખખડી ગયેલી સાઈકલને લૂછવા લાગ્યો. આંગણામાં લચી પડેલી મોગરાની વેલ પરથી ખરેલાં ફૂલો નીચે ઓટલા પર પડ્યાં હતાં. તેમાંથી થોડાં ફૂલો વીણીને કુસુમ મારી પાસે આવી. બે-પાંચ ફૂલો મારા ખિસ્સામાં મૂકયાં. સાઈકલની સીટ



પર આંગળી ફેરવતાં કહ્યું. સાંજે ઓફિસેથી ઘરે આવતાં કુંતીની દવા, અઢીસો ગ્રામ ચ્હાની પત્તી લાવવાનું ભૂલતા નૈ. બેઉ વસ્તુઓ એક ટંક પૂરતી જ છે. અવઢવની મારી બે'ક પળ અટકીને મારી સામે નજર મેળવી ઝુકાવી દુગ્ધાયેલા અવાજે તે ફરીથી કહેવા લાગી.

લોકોનું કરજ ચૂકવતા પગારમાંથી વધેલા છેલ્લા બસો રૂપિયા તમારા પાકીટમાં મૂક્યા છે. તે જીવની જેમ જાળવજો.

અને સાફ કર્યા વગરના ફાનસના કાચ જેવો તેનો ચહેરો થઈ ગયો. પણ ચાંદલો તો જ્યોતની જેમ ચમકતો હતો. તેણે ઉકળાટ ઠાલવ્યો.

દર પે'લી તારીખે મને જે પગાર આપો છો તે ઘરમાં મે'માનની જેમ જ ટકે છે. પછી આખો મૈનો મારે ઝૂઝવું પડે છે. પે'લા તો છોકરાની જીદ ફોસલાવી પટાવીને વાળી લેવાતી'તી. અવે તેઓ છેક કોલેજના પગથિયે પહોંચ્યા છે. એટલે સમજાવવાનું કઠણ બન્યું છે. દને દને વધતી જરૂરિયાત પોષાતી ન હોવાથી તેમના સ્વભાવમાં નારાજગી વરતાવા લાગી છે. પણ સદૈવ કામમાં ડૂબી રહેતી તમારી નજર તે ક્યાં જુએ છે?

કુસુમની વાતમાં કોઈ મનમેખ નો'તો. કેમકે હું તો કોશેટોની જેમ મને દવધ્યામાંથી બા'ર નીકળી શક'તો નો'તો. ઘરમાં સુખાકારી વધારવાની કોશીશમાં પરોવાયેલો રે'તો હોવાથી તેની વિટંબણા ઝાઝી સ્પર્શતી નહીં. પણ આજે કુસુમનો વિષાદી સૂર તેની આંખોની ભીનાશે મારા રૂવે રૂવે બળતરાં જગાવી'તી. સાઈકલ પર મૂકેલા તેના હાથની તગતગી નશો પર આંગળી ફેરવતાં મેં તેને સાંત્વના આપતાં કહ્યું.

તું મન આળું ન કર. આ મોંઘવારીના નીભાડે આપણી જેમ અનેક લોક સીઝાય છે. તેથી હામ હાર્યા વગર આપદાનો સામનો કરતાં રહીએ તેમાં જ આપણું કલ્યાણ રહેલું છે. તું જોજે દુખની ઝાય લાંબી નૈ ટકે. કાલે સુખની શીળી છાયા આપણા શિરે હશે તે જ ગનીમત.

ઓફિસે પહોંચવાનો સમય થવા આવ્યો હતો. એટલે હું સાઈકલ પર સવાર થયો અને મેં જોરથી પેડલ માર્યું. સાઈકલ ચાલવા લાગી. ધડામ કરતી બંધ થયેલી ઘરની જાળીનો અવાજ મારી પીઠે વાગ્યો. હું સોસાયટીને પાર કરી બા'ર નીકળ્યો. મુખ્ય માર્ગની ધારે આવેલી શેરા તલાવડીમાં થયેલા પોયણા કુસુમના મુખની જેમ કરમાયેલા હતા. આજે મારું મન કચરાવે ચડ્યું'તું.

એક જ પગારમાંથી પાંચ જણનું ભરણપોષણ કરવું ઘણું જ અઘરું પડતું હતું. વારંવાર તેમની સગવડ સાચવવામાં હું સરિયામ નિષ્ફળ જતો હતો. તેથી એક નૈતિક ફરજ ચૂક્યાની પીડા લક્કડખોદની જેમ મને કોચી રહી હતી. હું ધીમે ધીમે તેઓનાથી દૂર થતો જતો હોવાની લાગણી તીવ્ર બનતી જતી હતી છતાં સ્વસ્થ હોવાનો આડંકર કર્યે રાખતો હતો. અરે! માંદગીયે પણ બારેમાસ બેસવા માટે મારા ઘરની જ ડાળી પસંદ કરી!

અને મંદિરના ઘંટનો રણકાર સાંભળી મારા હોઠે વ્યંગ હાસ્ય ઊભરી આવ્યું. પે'લા તો હું ખીજવાટથી ભગવાનને પૂછતો હતો મને વેલાતો જોવામાં તને શી મજા પડે છે?

પણ તે ક્યારે કોઈને ઉત્તર આપે છે? મેં તો તેનું નામ લેવાનું જ છોડી દીધું! નોકરીની શરૂઆતની આવક સૈ'યારા કુટુંબની સંભાળમાં ગઈ. તેમાંથી અલગ થઈને જુદું મકાન બનાવ્યું. તેમાં કે'વા પૂરતું રાચરચીલું વસાવ્યું. સામાજિક વે'વાર ઘરની જવાબદારી આમ દેવાના અંધારિયા કૂવામાં તરવાયેલી મારી સઘળી આશા ધરબી દીધી'તી. તોય હું તરી ના શક્યો! અને ઉજળા દિવસ માટે હું વલખાં મારતો રહ્યો.

ક્યારેક હું કુસુમ સાથે સાઈકલ પર નીકળતો ત્યારે કેટલાક હિતેચ્છુ કે'તા કે પૈસા બચાવ્યા વગર સારું સાધન વસાવો. બેન્કના પગારદાર આ ઠાઠીયા પર શોભતા નથી.

ચૂપ રે'વામાં જ ડા'પણ સમજી હું સાઈકલ પૂરા વેગથી હંકારી મૂકતો'તો. છતાં મારી અંદર તો ધાંધલી મચી'તી. દોસ્ત! બીજાની જેમ રોફભેર વાહન પર નીકળવાની મનેય મંશા થાય છે. પણ...ત્રણ સાંધતા તેર તૂટતાં હોય ત્યાં હલકું પાતળું વાહન પરવડે? પારકા કે'તે ઠીક છે ખુદ મારા ઘરનાયોને જ હવે સાઈકલની શરમ આવતી હતી. હજુ ગઈકાલ સુધી તો આ જ સાઈકલ પર તેઓને મેં પૂરા શે'રની સેર કરાવી'તી. અરે! ઘરની જરૂરિયાતની વસ્તુય આ જ સાઈકલ પર લાવી બે પૈસા બચાવ્યા'તા. પણ ચમક દમકના યુગમાં માનવીની કિંમત નથી તો બિચારી આ સાઈકલના કોણ શરીગત?

હું નહણક નઘરોળ બન્યો હોત તો મારે કૈ ઝંઝટ રે'ત? બનિયાન કે મોજા જેવી નજેવી ચીજ માટે મારે વલવલવું પડત? પણ આજનું વેંઠેલું કાલે મજરે આવશે તેવી આશાથી સીંચાતો હું સુખના ફૂલને ખીલવાની રાહ જોતો રહ્યો હતો. અને દશમા ધોરણમાં ભણતો વિશ્વેશ પરીક્ષા ઉલવી નવરો પડ્યો'તો. છેલ્લાં ત્રણ વર્ષથી નૈ સંતોષાયેલી ટી.વી. ગેઈમ માટે તેણે રીતસર મોરચો માંડ્યો. વાછરડા જેવું તેનું ભોળું મોં ગુસ્સાથી તમતમી ઊઠ્યું હતું. તેની બદામી આંખોમાં જાણે નફરતના થોર ફૂટી નીકળ્યા'તા. તે જોઈ હું ફફડી ઊઠ્યો. બાજુની સોસાયટીનો નવમા ધોરણમાં ભણતો છોકરો નઈ જેવી વાતમાં પંખે લટકી ગયો'તો. અજુગતું પગલું ભરતા નૈ અચકાનારી આ પેઢીને પલોટવી અઘરી હતી. અને વિશ્વેશ ઝડપથી મોટો થય ગયો હોય એવું મને લાગ્યું. હરણની રાન જેવા ભરાયેલા તેના ખભા પર હાથ મૂકીને મેં તેને સમજાવ્યો પણ વિશ્વેશે પકડેલી જીદ આગળ મારી એકેય કારી ન ફાવી. અંતે ચાલીસ રૂપિયાના ભાડેથી બે કલાક માટે ગેઈમ લાવી આપવી પડી. મને ઘણું વસમું લાગ્યું'તું.

હજુ ત્રણ મૈના પે'લાજ બંને દીકરીઓને મોંઘા ડ્રેસ, છોગામાં અને જીન્સની પેન્ટ લાવી આપ્યું'તું. છતાં, તેમણે નવા કપડાં માટે આડાઈ શરૂ કરી. હું તેમણે સવાસલું કરતો. બેટા, તમે અમારી આરત સમજવા સે'જ કોશિશ કરો. તમારા વિકાસમાં અમે હીર સિંચ્યું છે. એથી અમારા અભરખામાં દેવતા નથુ મૂક્યો. બીજી સ્ત્રીઓની તુલનામાં તમારી મમ્મીને જોઈને તમને થડૂકોય નથી લાગતો? અરે! આપણું જીવન ઉજાળવામાં તેણે કશી માણા રાખી છે? પણ.

મારા ઘરને આંગણે નાનો ક્યારો હતો. તેમાં થતાં જાતજાતનાં ફૂલોથી તે સતત મહેકતો રહેતો હતો. પે'લાતો કુસુમ તેમાંથી ફૂલો વીણીને મજાની વેણી બનાવીને તેને અંબોડે સોહાવતી હતી. પણ ઘરમાં ધીમે ધીમે પૈસાની અછત સર્જાતા તેનો શોખ રુંધાય ગયો. તે બાબતે મેં તેને ટકોર કરી તો તેણે એવું કહ્યું.

વલવલતા હૈયે માથું શણગારતા મને ફૂલોનો ભાર લાગે છે. અમારા લગ્નની સિલ્વર જ્યુબલી આવતી હતી. તેથી હું કુસુમની વર્ષો જૂની ઝંખના જૂમરવાળી બુટ્ટી અને કાનની હેર આપી પૂરી કરવાના વેંતમાં હતો. પણ, ગયા મૈ'ને પે'લવેલુક મામેરું ભરવામાં પગાર તણાઈ ગયો. વળી ભત્રીજીનું ઘડિયું લગ્ન લેવાયું. જીવલેણ અકસ્માતમાંથી ઊગરેલા ભાઈના છોકરાની પડખે રે'વું પડ્યું. અરે! યુનિયનના આદેશને સન્માનતાં સલીંગ ત્રણ દિવસ સુધી હડતાલ પર જવું પડ્યું. અને પગારના દિવસે મેં કપાતા મરઘાનો તડફડાટ અનુભવ્યો'તો.

રાતરાણીના પગની ઠેસે સાંજની કુંડી દૂર ફેંકાઈ ગઈ. અને આભના ચંદરવા પર ભોજિયા તારલા ઝબૂકવા લાગ્યા હતા. અને હું બાગના એક અંધારીયા ખૂણે બેસી રહ્યો હતો. કેમકે આજે ચિંતનનો જન્મદિવસ હતો. મેં તેને જીન્સની પેન્ટ, શર્ટ લાવી આપવાનું કહ્યું હતું. પણ હું તેની જોગવાઈ કરી શક્યો નો'તો. છોકરાની નજરમાંથી ખોટો પડી કાયમ ઊતરી જવાનો વિચાર જ હૈયે વલૂરો પાડતો હતો. મને ખબર છે કે ચિંતનની આતુરતા ભરી મીટ માર્ગ પર જ મંડાય હશે. બે દિવસ પે'લાજ તેના ટાબરિયા મિત્રોને નવા કપડાં લાવવાની વાત હોંશે હોંશે કરતો હતો. તે મને ખાલી હાથે જોતા તેની શી વલે થશે? તેની ચિંતામાં કાંપતો ઘરે ગયો. બધાની આંખોમાં જબૂકેલી વાદળી વરસી પડી. કુસુમે ભીના અવાજે કહ્યું:

તમે આવવામાં મોડું કર્યું. ઐ બધાના જીવ અધ્ધર થઈ ગયા'તા પારેવા જેવો ચિંતન કેકથી રીઝયો પણ મારું અંતર તળવાયું'તું.

તે'વારના ઉઘરાના માંડ પત્યા ત્યાં તો સાંજે નવા મંદિર અર્થે લખાણી માટે આવેલા. હું ન મળતા પાંછા ગયેલા તે સેવકોને સામેથી આવતા જોઈ મે સાઈકલની ઝડપ વધારી. મારા બેટા, આ નવરાધૂપ ભગવાનના નામે વેપલો માંડ્યો છે. તેમને અગ્યાર એકવીસ રૂપિયાથી તો ધરાવો જ થતો નથી! ઐ તાણુ તોસ્યું જીવતાય ઘવા વળતી નથી. અને દાન પુણ્ય......ધરમ......!

બા'રનો તાપ, અંદરના સ્તાપમાં શેકાતો હું ઓફિસ કમ્પાઉન્ડમાં પહોંચ્યો. મેં સાઈકલને સ્ટેન્ડ કરીને તાળું માર્યું. અને માથું ઓળી સરખું કર્યું. મોં પરથી પસીનો લૂછ્યો. મોંઘવારીની જેમ તરસેય મારું ગળું પકડાયું'તું. શર્ટના ખિસ્સામાં રહેલાં ફૂલો શ્વાશને મહેકવતા'તા. કુસુમ નજર સામે તાદ્રશ્ય ગઈ. સ્કૂટર અને હોન્ડાની હારમાં મારી સાઈકલ ગરીબડી લાગતી'તી. મારા બાળકોની આ જ સ્થિતિ હતી. બેગ લઈને ઓફિસના પગથિયે ચડ્યો.

ગુડ મોર્નિંગ સર

મોર્નિંગ કે'તા મેં પાછળ ફરીને જોયું એક અજાણી વ્યક્તિએ સંકોચાતા અવાજે ચંદ્રશેખર ગુપ્ત તરીકે પોતાની ઓળખ આપી અને મૂંઝાયેલા ચહેરે એક ચબરખી મારી સામે ધરી. તેમાં સેંટ આન્ના સ્કૂલનું નામ લખ્યું'તું. ચંદ્રશેખર તેનું સરનામું પૂછવા આવ્યો'તો. તે સે'લાયથી સ્કૂલમાં પો'ચી શકે તેવો સરળ માર્ગ મે તેને જાણકારીયે નૈ હોય ઠંડીમાં ધ્રૂજતો હોવાથી તેને ચા પીવડાવીને વિદાય કર્યો. લગભગ સાડા પાંચ ફૂટની ઊંચાઈ કસાયેલું હાડ સે'જ શ્યામવાન અને વાંકોડિયા વાળ તેના દેખાવને આકર્ષક બનાવતા હતા. અને મને સારું કામ કર્યાના સંતોષથી કૈ શાતા વળી. નોકરિયાતની દશા જ બૂરી હોય છે. ગમે તેટલી અગવડ વેઠીને મને ક મને માંડ રાગે પડ્યા હોય ત્યાં બદલીની નોબત વાગે ફરી પાછું એકડે એકથી ઘૂંટવાનું. બિચારો આ ચંદ્રશેખર છેક મહારાષ્ટ્રથી અહીં ફેંકાયો. ગમે તેવા હોંશિયાર માણસનેય હાલાકી પાંગળો બનાવી દે છે.

ઓફિસની શરૂઆતમાં તો ઘણું જ કાર

(જુઓ પાનું ૮) ▶▶

સ્થાપત્યનું વાઈ-ફાઈ

# સ્ટેઈનવે ટાવર - ન્યૂયોર્ક

feedback@bombaysamachar.com
હેમંત વાળા





**વિશ્વમાં** અમુક સ્થાનોએ જ જમીનની કિંમત એટલી વધી ગઈ છે કે ત્યાં આર્થિક બાબતોનો સરવાળો કરવા માટે બહુમાળી મકાન બનાવવાનો જ વિકલ્પ બાકી રહે છે. બહુમાળી મકાનની બાંધણી માટે વિવિધ પ્રકારના પ્રયોગો થઈ ચૂક્યા છે. મોટાભાગના સફળ પણ થયા છે. સફળ થયેલા પ્રયોગોના આધારે બહુમાળી મકાનોની એક શૈલી પ્રચલિત થઈ. સ્ટેઈનવે ટાવર આ બધી શૈલીથી ક્યાંક અલગ છે.

બહુમાળી મકાનો માટે આ એક નવી દિશા છે. એમ માનવામાં આવે છે કે બહુમાળી મકાનો માટે એનો જમીનનો વિસ્તાર વિશાળ હોવો જોઈએ જેથી મકાનની સ્પ્રિંગ ઇફેક્ટ ઓછી થાય. પણ અહીં તો આશરે ૨૮ મીટરની પહોળાઈમાં ૪૩૫ મીટર જેટલો ૮૨ માળનો રહેણાકીય ટાવર બનાવાયો છે. વિવિધ માન્યતાઓને કારણે આ ટાવરમાં ૯૧ માળ એમ દર્શાવાયું છે. માળને નંબર આપવામાં કેટલીક સંખ્યાઓને બાકાત રાખવામાં આવી છે.

ટાવરની સંકડાશ જોતા એક વાર એમ જણાય કે તેને બે મકાનની વચ્ચે વધેલી જગ્યામાં બનાવી દેવાયો છે. શોપ સ્થપતિ દ્વારા ડિઝાઇન કરાયેલ, આશરે પહોળાઈ અને ઊંચાઈ વચ્ચે ૧:૨૪ ગુણોત્તર વાળો આ ટાવર અંશતઃ ૯૬ વર્ષ જૂના સ્ટેઈનવે હોલ ઉપર ટેકવાયો છે. મેનહટનના સેન્ટ્રલ પાર્કની મુખ્ય અક્ષના સંદર્ભમાં સાથે આ ટાવરની ગોઠવણ મેળ ખાય છે.

આશરે ૬૦ જેટલા રહેણાકીય આવાસ ઉપરાંત અહીં નીચેના માળે વ્યાપાર તથા મનોરંજનના સ્થાન નિર્ધારિત કરાયા છે. ઊંચાઈને કારણે ટાવરની અગાસીનો પણ આવો જ ઉપયોગ થાય તે સ્વાભાવિક છે. જોકે અગાસીના ઉપયોગમાં જુદા જ પ્રકારની મર્યાદા રહેલી હોય.

ટાવરના જાહેર ક્ષેત્રમાં મુલાકાતીઓને આકર્ષવા માટે અહીં વિકાસના ચિત્રનું કાયમી પ્રદર્શન પણ રાખવાની તૈયારી છે. સમગ્ર ટાવરની રચનામાં વચ્ચેના ભાગમાં લિફ્ટ - દાદર જેવી સામાન્ય સવલતો ગોઠવાઈ છે. પછી આજુબાજુ બંને તરફ જે જગ્યા બચે તેમાં આવાસ ગોઠવાયા છે. મોટા આવાસમાં આ બંને જગ્યાને પરસ્પર જોડી દઈ મોટા આવાસની રચના કરાય છે. આવાસની રચનામાં આમ કંઈ વિશેષતા નથી, માત્ર સગવડતાનો સમાવેશ છે. એક રીતે જોવા જઈએ તો સમગ્ર ટાવર પણ વિવિધ સગવડતાના સમાવેશ માટે જ છે. ન્યૂયોર્ક શહેરના કેન્દ્રનું સૌથી આકર્ષક દ્રશ્ય કદાચ આ ટાવરમાંથી મળે છે. અને તેથી જ અહીંના સૌથી ઉપરના માળના આવાસની કિંમત ૭૦ મિલિયન ડૉલર અર્થાત ૪૦૦ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. જોકે ઘણા માટે આ એક નાનકડી રકમ હોઈ શકે. અહીંયા રહેવાથી જે ગૌરવ પ્રાપ્ત થાય તેની સામે આ રકમ ઘણા લોકો માટે સામાન્ય બની રહે. ૬૫૦ ચોરસ મીટરનું આ વિશાળ આવાસ બે માળનું બનાવાયું છે અને તેમાં એક અલાયદી વધારાની વિસ્તૃત બાલકનીનું આયોજન રખાયું છે.

આવા મકાન પર પવનનો માર વધુ આવે. એમ કહેવાય છે કે જ્યારે પવનની ગતિની માત્રા વધુ હોય ત્યારે આ ટાવર ૯૦ સેન્ટીમીટર જેટલો ઝૂલે છે. અગત્યની વાત એ છે કે આવા ટાવરની રચનામાં માળખાકીય મજબૂતી માટે તકનીકી જ્ઞાન ચરમ કક્ષાનું હોવું જોઈએ. ગણતરીઓ થઈ જ હશે, અને ટાવરનું બાંધકામ ૨૦૨૧માં પૂર્ણ થઈ ગયું હોવાથી તે ગણતરી મહદ અંશે સાચી પણ હશે. પ્રશ્ન સામાજિક સ્વીકૃતિનો પણ છે. બની શકે કે કહેવાતો ૯૦ સેન્ટીમીટરનો ઝૂલાવ મકાનની મજબૂતી માટે પ્રશ્નો ઊભા ન પણ કરે, પરંતુ તેમાં રહેનાર વ્યક્તિ તો અસલામતી અનુભવે જ.

પ્રશ્ન એ થાય કે આવી અસલામતી જન્માવે તેવી રચના કરવા પાછળ કઈ પ્રેરણા હશે. એમ પણ કહી શકાય કે જ્યારે બહુમાળી ટાવરના કોઈ એક માળનો વિસ્તાર જો નાનો હોય તો તેમાં રહેનાર માનવી વધુ એકલતા અનુભવે અને તે પ્રકારની માનસિકતાથી પીડાય. ઇજનેરી દ્રષ્ટિએ આ ટાવર એક સફળતા ગણાય, પણ માનવતાની દ્રષ્ટિએ કેટલાક પ્રશ્નો રહી જાય. બની શકે કે કેટલાક લોકોને આ જગ્યાનો મોહ હોય - આ સ્થાને રહેવું હોય, છતાં પણ આગળ જતાં તેમને એવી લાગણી તો ન જ થવી જોઈએ કે ક્યાંક ખોટો નિર્ણય લેવાઈ ગયો.

આ ટાવરની અનુભૂતિ વિશ્વના બીજા બધા જ ટાવર કરતાં ભિન્ન રહેવાની જ. આ ટાવર એક રીતે બહુમાળી મકાનની નજાકતતા દર્શાવે છે. તે ઉપરાંત આ ટાવરની બહારની સપાટી પર લગાવેલ ટેરા-કોટા ટાઇલ્સનો રંગ પણ જુદા જુદા સમયે જુદી જુદી પ્રકાશ વ્યવસ્થામાં જુદો જુદો જણાય છે. આનાથી કંઇક વિવિધતાની અનુભૂતિ થાય. પણ તેની સામે ટાવરનું જે પાતળાપણું છે, તેની અસર વધુ ત્વરિત, વધુ જલદ તથા વધુ સમય સુધી રહેનારી બની રહે.

સ્થાપત્યકીય અને તકનીકી બાબતો સાથે આ ટાવર બાંધકામના ક્ષેત્રમાં પણ એક સીમાચિહ્ન સમાન છે. જ્યાં જમીન પ્રમાણમાં ઓછી હોય ત્યાં બહુમાળી મકાનના બાંધકામમાં તકલીફ તો રહે જ.

બાંધકામ ચાલુ હતું ત્યારે એક સમયે અહીં કે સ્કેફોલ્ડિંગ પડી જતા અકસ્માત પણ થયો હતો. પણ તે બધા સાથે જે રીતે બાંધકામ સંપન્ન કરવામાં આવ્યું તે પ્રશંસનીય છે. માલ-સામાન ઉપર લઈ જવા સાથે જે અગત્યનો પડકાર હોય છે તે ઊંચાઈ પર કામ કરતા શ્રમિકોની સલામતીનો ગણાય. તેમને સલામતી હોવા સાથે સલામતીનો ભાવ પણ કાયમી રહે તેવી વ્યવસ્થા જરૂરી બની રહે. જ્યારે મકાન પાતળું હોય ત્યારે આ સિદ્ધ કરવું મુશ્કેલ બની રહે.

ઇચ્છિત વ્યાપારી નફો મેળવવા માટેની આ રચના છે. સ્થાપત્ય તો કદાચ પછીનો વિષય છે. કિંમતી જમીનના ટુકડામાંથી શક્ય એટલું પ્રાપ્ત કરી લેવું એ આ ટાવરનો મુખ્ય ઉદ્દેશ જણાય છે. આ માટે ક્યાંક માનવની મનોસ્થિતિને નજર અંદાજ કરાયું હોય તેમ લાગે છે.

ઝાકળની પ્યાલી

# હુસ્ન મેં ઔર ઇશ્ક મેં જબ રાબિતા કાયમ હુઆ, ગમ બના દિલ કે લિયે ઔર દિલ બના મેરે લિયે

feedback@bombaysamachar.com
ડૉ. એસ. એસ. રાહી

ઉર્દૂ ગઝલ અને નઝમના અદ્ભુત અને અપૂર્વ શાયર તરીકે 'સાહિર' લુધિયાન્વીનું નામ શાયરીના ચાહકોએ અચૂક સાંભળ્યું જ હોય. 'સાહિર' સાહેબનાં ફિલ્મી ગીતો અને ગઝલો આજના દૌરમાં શ્રોતાઓનાં દિલોના તાર ઝણઝણાવી તેની જાદુગરી ફેલાવી રહ્યા છે. તે વિશે હવે પછી નજીકના સમયમાં વાત કરીશું, પરંતુ આજે 'સાહિર' ઉપનામ ધરાવતા બીજા એક શાયરનો પરિચય મેળવીશું. 'સાહિર' અરબી ભાષાનો શબ્દ છે. જાદુગર એવો તેનો અર્થ થાય છે. 'સાહિર'નું મૂળ નામ પંડિત અમરનાથ મદન છે. તેઓ કાશ્મીરી બ્રાહ્મણ હતા. ૨૬ માર્ચ ૧૮૬૩ના રોજ તેમનો જન્મ થયો હતો. ઇ. સ. ૧૯૪૫માં તેઓ મૃત્યુ પામ્યા હતા. આ શાયર દિલ્હીના રઇસ રાયબહાદુર પંડિત જાનકીદાસના સુપુત્ર હતા. તેમના પૂર્વજ પંડિત દીનાનાથજી પંજાબના મહારાજા રણજિતસિંહના દીવાન હતા અને તેમના મોટા કાકા અંગ્રેજ સરકારની ફોજમાં સૂબેદાર હતા.

પંડિત અમરનાથે મહેસૂલ ખાતામાં મામલતદાર તરીકે નોકરી સ્વીકારી હતી. તેમણે આ હોદ્દો પ્રમાણિકતા અને સન્માન સાથે શોભાવ્યો હતો. ત્યાંથી નિવૃત્ત થયા પછી તેમણે જિંદગીના પાછલાં વર્ષો દિલ્હીમાં સાહિત્ય-સેવામાં ગાળ્યા હતા. શાયરો અને સર્જકોને ખૂબ જ ચાહતા. આ શાયર તેમના મિત્રો-શાયરોની શાયરને દાદ આપતા હતા. આ માટે તેઓ દર મહિને તેમના નિવાસસ્થાનમાં ચર્ચા-ગોષ્ઠીનું આયોજન કરતા હતા. તેમાં શાયરો પણ ઉમળકા સમેત ભાગ લેતા હતા. વળી તેઓ દર વર્ષે ધામધુમથી મુશાયરો યોજતા હતા. તેમાં તેઓ પ્રતિષ્ઠિત શાયરોને આમંત્રણ આપતા હતા. ઉર્દૂ ભાષા-સાહિત્યના વિશ્વમાં આ શાયરનું નામ આદર સાથે લેવાતું હતું. હસમુખો સ્વભાવ ધરાવતા આ શાયર મિલનસાર અને સરળ ઇન્સાન હતા.

શરૂઆતમાં તેઓ ફારસી ભાષામાં કાવ્યો લખતા હતા. પણ ત્યાર પછી સાથી શાયરોના આગ્રહને વશ થઇ ૨૨ વર્ષની ઉંમરે તેમણે ઉર્દૂમાં લખવાનું શરૂ કર્યું હતું. 'કુફ્રેઇશ્ક' શીર્ષક ધરાવતો તેમનો ગઝલસંગ્રહ ૧૯૩૭માં પ્રકાશિત થયો હતો. તેમની રચનાઓમાં દર્શન અને અધ્યાત્મનો સમન્વય સધાયેલો જોવા મળે છે. તેમની શાયરીમાં ફારસી ભાષાના શબ્દો સાહજિક રીતે વણાઇ ગયા છે.


અનુભૂતિમાંથી પ્રગટેલા અન શાયરના અંદાજ-મિજાજ ધરાવતા તેમના કેટલાક શેરનો હવે રસાસ્વાદ કરીએ.

** હુસ્ન કો ઇશ્ક સે બેપરદા બના દેતે હૈ;*
*વો જો પિન્દારે-ખુદી દિલ સે મિટા દેતે હૈ.*

જે લોકો હૃદયમાંથી સ્વમાનનું હુંપદ દૂર કરે છે તેવા લોકો જ પ્રેમ અને સૌંદર્ય વચ્ચેનો પરદો હટાવી દેતા હોય છે.

** જુનૂને-ઇશ્ક મેં કબ તન-બદન કા હોશ રહતા હૈ*
*બઢા જબ જોશે-સૌદા હમને સર કો દર્દે-સર જાના.*

આ પ્રેમના ઉન્માદમાં તન-બદનની કયા કોઇ શુદ્ધિ (સભાનતા) રહેતી હોય છે? જયારે (અમારા દિમાગમાં) વિકારનો ઊભરો આવ્યો તો અમોએ એમ માની લીધું કે હવે મુસીબત દૂર થઇ ગઇ છે.



** હુસ્ન મેં ઔર ઇશ્ક મે જબ રાબિતા કાયમ હુઆ,*
*ગમ બના દિલ કે લિયે ઔર દિલ બના મેરે લિયે*

સૌંદર્ય અને પ્રેમ વચ્ચે જયારે હંમેશ માટેનો સંબંધ બંધાઇ ગયો ત્યારે દુઃખ હૃદય માટે બન્યું અને હૃદય મારા માટે બન્યું.

** પા લિયા આપ કો અબ કોઇ તમન્ના ન રહી,*
*બે તલબ મુઝ કો જો મિલના થા મિલા આપ સે આપ.*

તમને પામવાની ઇચ્છા હતી તે ખતમ થઇ ગઇ. તમને હવે (મેં) મેળવી લીધાં તેથી હવે કોઇ ઇચ્છા બાકી રહી નથી. મને જે કાંઇ મળવાનું હતું તે માગ્યા સિવાય (કેવું!) આપમેળે જ મળી ગયું! જો ઇન્સાન તમન્ના સેવે તો તેને બધું મળી જતું હોય છે. તે માટે તેને આમતેમ વલખાં મારવાની જરૂર પડતી નથી. પ્રસ્તુત શેર દ્વારા શાયરે કેવો મજાનો સંદેશો વ્હેતો મૂક્યો છે!

** વો ભી આલમ થા કે તૂ-હી-થા ઔર કોઇ ન થા,*
*અબ યહ કૈફિયત હૈ મૈં-હી-મૈં કા હૈ સૌદા મુઝે.*

એક વખત એવી પરિસ્થિતિ હતી કે (બધે) તું જ હતો અને અન્ય બીજું કોઇ હતું જ નહીં. હવે મને એવો નશો ચઢયો છે કે હવે તો બધે જ હું અને માત્ર હું જ છું, એવા પ્રકારનું ગાંડપણ મારા માથે સવાર થઇ ગયું છે. માણસ જયારે સ્વમાં, પોતાની જાતમાં ડૂબકી મારે છે ત્યારે આવા પ્રકારનો એહસાસ થતો હોય છે.

** એક જઝબા થા અઝલ સે ગોરાયે-દિલ મેં નિહાં,*
*ઇશ્ક કો ઇસ હુસ્ન કે બાઝાર ને રુસ્વા કિયા.*

અનાદિ કાળથી હૃદયના ખૂણામાં એક લાગણી છુપાઇને પડી હતી. તે એ કે પ્રેમને આ સૌંદર્ય રૂપના બજારે જ બદનામ કર્યો છે. પ્યાર-મોહબ્બત જેવા નિર્દોષ ભાવ કયારેય બદનામ થતા નથી, પરંતુ સૌંદર્યના હાટડાએ પ્રેમને બદનામ કરેલ છે. અહીં શાયરનો આક્રોશ બાખૂબી રજૂ થયો છે.

** કહાં દેરો-હરમ મેં જલવયે સાકી-ઓ-મય બાકી?*
*ચલેં મયખાને મેં ઔર બૈઅતે-પીરેમુગાં કર લે.*

આ મંદિર અને મસ્જિદમાં સાકી (પીવડાવનાર) અને સુરા કયાંથી જોવા મળશે. તેના ઉપાય માટે ચાલ સુરાલયમાં જઇએ અને સુરાલયના સંચાલકની કંઠી બાંધી લઇએ ત્યાં આપણું કામ થઇ જશે. આ શે'રમાં શરાબખાનાનો માહૌલ કાવ્યતત્ત્વ સમેત ઊભો કરાયો છે તે વાચકો જોઇ શકશે.

** હમ હૈં ઔર બેખુદી-ઓ-બે ખબરી,*
*અબ ન હિન્દી, ન પારસાઇ હૈ*

હવે અમે છીએ અને (અમારી સાથે) અભાન અવસ્થા અને અણજાણપણું છે હવે તો મસ્તી (રંગીની) નથી અને સંયમ પણ નથી.

** તમન્નાયેં બર આઇ અપની તર્કે-મુદઆ હો કર,*
*દુવા દિલ બેતમન્ના અબ, રહા મતલબ સે કયા મતલબ?*

પોતાની અભિલાષાનો ત્યાગ કરીને તમન્નાઓ ફળીભૂત તો થઇ, પરંતુ હૃદય હવે ઇચ્છા વિહોણું બની ગયું છે. હવે મતલબ (અર્થ) સાથે પણ કોઇ મતલબ રહ્યો નથી. અભિલાષાઓ સાથે જીવતો માણસ જયારે તેનો ત્યાગ કરે ત્યાર પછી તેના વગર તે સારી રીતે જીવી શકે ખરો? આ સવાલ અહીં છોડવામાં આવ્યો છે.

** પરદા પડા હુઆ થા ગફલત કા ચશ્મે-દિલ પર,*
*આંખે ખૂલી તો દેખા આલમ મેં તૂ-હી-તુ હૈ.*

ગફલત શબ્દના આળસ, બેદરકારી, ભૂલ, અસાવધાની, બેશુદ્ધિ જેવા ઘણા અર્થ છે. હૃદયની દ્રષ્ટિ પર બેદરકારીનો પડદો પડી ગયો હતો. હવે જયારે આંખો ઉઘડી ગઇ તો સમજાયું કે સમસ્ત વિશ્વમાં (કણ કણમાં) તું જ તો સર્વવ્યાપી છે. ઇશ્વરને સમજવા અને પામવા માટે હૃદયની આંખો ઉઘાડી રાખવી પડે છે. તે માટે પેલી બે આંખો કામ નથી લાગતી. શાયરે આવી ઝીણી વાત સૂફિયાના અંદાજમાં રજૂ કરી છે.

** ઐ પરીરૂ! તેરે દીવાને કા ઇમાં કયા હૈ,*
*ઇક નિગાહે-ગલત-અંદાઝ પે કુર્બા હોના.*

પરી જેવું મુખ ધરાવતી (રૂપસુંદરી)! તારી પાછળ પાગલ થયેલાઓ માટે શ્રદ્ધા માત્ર આ જ એ છે કે તારી અમસ્તી જ એક દ્રષ્ટિ પર કુરબાન થઇ જવું. પ્રેમમાં ફીદા થવાનો અજબ કીમિયો બતાવીને શાયરે કેવી કમાલ કરી છે!

** કતરા દરિયા હૈ અગર અપની હકીકત જાને,*
*પાયે જાતે હૈ જો હમ આપ કો પા જાતે હૈ.*

નદી જયારે સમુદ્રમાં મળે છે ત્યારે તે તેનું અસલ સ્વરૂપ ગુમાવી દેતી હોય છે. આમ, એક બિન્દુ જો પોતાના સામર્થ્યની હકીકત જાણે તો મૂળ તે નદી છે. આપણે ખોવાઇ જઇએ છીએ તે સાચું પણ સાથે સાથે આપણે તેને પામી જઇએ છીએ જીવનનું તત્ત્વજ્ઞાન અહીં ઉદાહરણ સાથે વ્યક્ત કરાયું છે.

** જિસ કો ખબર નહીં, ઉસે જોશો -ખરોશ હૈ,*
*જો પા ગયા હૈ રાઝ, વો ગુમ હૈ, ખમોશ હૈ*

જેમને વાતની કશી જ ખબર નથી, અજ્ઞાત છે એવા લોકોને (નકામો) આવેગ છે અને જુસ્સો છે. પણ જે લોકોને રહસ્યની જાણ થઇ ગઇ છે. એવા લોકો ખોવાયેલા છે તેમ ચુપ છે. એક સદી પહેલા લખાયેલો આ શે'ર આજના જમાનામાં પણ કેટલો બધો સુસંગત છે.

** ખાલી હાથ આયેંગે ઔર જાયેંગે ભી ખાલી હાથ*
*મુફત કી સૈર હૈ, કયા લેતે હૈ, કયા દેતે હૈ.*

બાળક (વ્યક્તિ) જન્મે છે ત્યારે બન્ને હાથ ખાલી લઇને આવે છે. વળી જાય છે ત્યારે પણ તે પોતાની સાથે કશું જ લઇને જતો નથી. આ જિંદગી એ તો મફતની મુસાફરી છે. તે કશું લેતી નથી અને કશું દેતી પણ નથી. જીવનની આ નક્કર હકીકત છે.

** ગુમ કર દિયા હૈ આલમે-હસ્તી મેં હોશ કો,*
*હર ઇક સે પૂછતા હૂં કિ 'સાહિર' કહાં હૈ આજ?*

આ વૈશ્વિક જીવનમાં મારી સભાન અવસ્થાને મેં ગુમ કરી દીધી છે. (એટલા માટે તો) મને જે કોઇ સામે મળે છે તેને હું પૂછી લઉં છું કે આજે 'સાહિર' કયાં છે?

** ઝિંદગી મેં હૈ મૌત કા નકશા,*
*જિસ કો હમ ઇન્તેઝાર કહતે હૈ.*

જીવનમાં જ મૃત્યુનો નકશો (ચિતરાયેલો) હોય છે, પણ આપણે સૌ તેને પ્રતીક્ષા જેવું રૂડું નામ આપીએ છીએ. જીવનની સાચી વાસ્તવિકતાને એક વ્યાખ્યામાં બાંધવાનો અહીં પ્રયાસ કરાયો છે, જે કાબિલે-દાદ છે.

ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણીઢંઢેરામાં ગુજરાત દ્વેષ દેખાડ્યો

# એકનાથ શિંદે ગુજરાતની સાથે મળીને વિકાસના રસ્તે આગળ વધવાની તરફેણમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હવે ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ઉદ્ધવ ઠાકરેએ લોકસભાની ચૂંટણીના બીજા તબક્કાની પુર્વસંધ્યાએ જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરામાં પોતાનો ગુજરાતદ્વેષ ફરી એક વખત વ્યક્ત કર્યો છે. બીજી તરફ શિવસેનાના મુખ્ય નેતા અને રાજ્યના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે મહારાષ્ટ્રના વિકાસની વાત કરે છે. ભાષા કે ધર્મને આધારે તેઓ કોઈ ભેદભાવ કરવામાં માનતા નથી. એકનાથ શિંદે રાજ્યના વિકાસમાં ગુજરાતની સાથે મળીને આગળ વધવાનો પ્રગતિશીલ વિચાર ધરાવી રહ્યા છે.

ઉદ્ધવ ઠાકરેએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં લખ્યું છે કે છેલ્લા બે વર્ષમાં રાજ્યના હકના પ્રોજેક્ટ ગુજરાત અને અન્ય રાજ્યોમાં લઈ જવાના બનાવ નોંધાઈ રહ્યા છે. દેશમાં ઈન્ડી આઘાડીની સરકાર સ્થાપિત થતાં જ મહારાષ્ટ્ર પરનો આ અન્યાય ખતમ કરી દેવામાં આવશે અને મહારાષ્ટ્રને ફરીથી પહેલા જેવો વૈભવ મેળવી આપવામાં આવશે.

મુંબઈમાંથી એક્સાઈઝ અને અન્ય ટેક્સના માધ્યમથી કેન્દ્ર સરકારની તિજોરીમાં દરવર્ષે લાખો કરોડો રૂપિયા જમા થાય છે. મુંબઈ દેશની

(જુઓ પાનું ૪) ▶▶

## બોરીવલી- કાંદિવલીમાં આવતા અઠવાડિયે ૨૪ કલાક પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના કાંદિવલીમાં પાઈપલાઈનને બદલવાનું કામ આવતા અઠવાડિયામાં ગુરુવાર, બીજી મેના હાથ ધરવામાં આવવાનું છે, જે શુક્રવાર, ત્રણ મેના રાત સુધી ચાલવાનું છે. તેથી ૨૪ કલાક માટે બોરીવલી અને કાંદિવલીમાં ગુરુવારથી શુક્રવાર દરમિયાન (જુઓ પાનું ૪) ▶▶

# મીરા-ભાઈંદરની ૨૮ બિલ્ડિંગના રહેવાસીઓનો જીવ અદ્ધરતાલ

## જોખમી થયેલી બિલ્ડિંગોને પાલિકાએ મોકલાવી નોટિસ

મુંબઈઃ મીરા-ભાઈંદર શહેરમાં ૨૮ બિલ્ડિંગને પાલિકા અતિજોખમી જાહેર કરી હોવાથી એમાં રહેતા રહેવાસીઓનો જીવ પર તલવાર લટકી રહી છે. આ રહેવાસીઓને પ્રશાસને નોટિસ મોકલાવી છે ત્યારે વરસાદ માથે હોવાથી હવે જવું ક્યાં એવો સવાલ થઇ રહ્યો છે. સ્ટ્રક્ચરલ ઓડિટ પાસે સોસાયટીઓએ પીઠ ફેરવી હોવાનું ધ્યાનમાં આવ્યું હોવાથી પાલિકાએ ગંભીર નોંધ લીધી છે. પાલિકા ક્ષેત્રમાં આવતી સોસાયટીઓએ તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચરલ ઓડિટ કરવું, નહીં તો કાર્યવાહી માટે તૈયાર રહેવું, એવો સંકેત પ્રશાસને આપ્યો છે.

મીરા-ભાઈંદરમાં માત્ર ૫૨૦ બિલ્ડિંગનો સ્ટ્રક્ચરલ ઓડિટનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. એ પૈકી ૨૮ બિલ્ડિંગ અતિજોખમી હોવાનું ધ્યાનમાં આવ્યું હોઇ તેમાંની ચાર બિલ્ડિંગને પાલિકાએ જમીનદોસ્ત કરી છે, જ્યારે અન્ય સાત બિલ્ડિંગને ખાલી કરવામાં આવી છે. હજી પણ ૧૭ બિલ્ડિંગમાં અનેક કુટુંબો પોતાનો જીવ મુઠ્ઠીમાં રાખીને રહે છે. આ બિલ્ડિંગ કોઇ પણ ઘડીએ ધરાશાયી થઇ જાય એવી સ્થિતિમાં છે. સી-૧ અતિજોખમી વર્ગમાં આવતી બિલ્ડિંગોને ખાલી કરવા માટે પાલિકાએ હવેથી કાર્યવાહી કરવાની શરૂઆત કરી છે. ■

### ૧૫મી મે ડેડલાઈન

મીરા-ભાઈંદર ક્ષેત્રની જોખમી બિલ્ડિંગોને નોટિસ બજાવવામાં આવી છે. સોસાયટીના પદાધિકારીઓએ પોતાનો ઓડિટ રિપોર્ટ ૧૫ મે સુધી આપી દેવો, એવી અપીલ અતિક્રમણ વિભાગના નાયબ કમિશનર રવિ પવારે કરી છે. દરમિયાન સમય પર આ અહેવાલ રજૂ કરવામાં નહીં આવે તો પાલિકા પોતાના ખર્ચે ઓડિટ કરશે અને તેનો ખર્ચ પ્રોપર્ટી ટેક્સ દ્વારા વસૂલ કરશે, એવો સંકેત પણ પવારે આપ્યો હતો. જોખમી બિલ્ડિંગોને વરસાદ પહેલાં ખાલી કરવામાં આવશે એવું પણ તેમણે જણાવ્યું હતું.■

## મહારાષ્ટ્રમાં એક પણ લઘુમતી ઉમેદવાર ન આપવાથી નસીમ ખાન નારાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની મહાવિકાસ આઘાડી (એમવીએ)એ આગામી લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાંથી એક પણ લઘુમતી સમુદાયના ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા ન હોવાથી રાજ્યના અનેક લઘુમતી સંગઠનો, કૉંગ્રેસના નેતાઓ, કાર્યકરો અને મહારાષ્ટ્ર તેમ જ મુંબઈનો લઘુમતી સમુદાય ભારે નારાજ છે.

મહારાષ્ટ્ર એક પ્રગતિશીલ રાજ્ય છે અને કૉંગ્રેસ પક્ષ દ્વારા દરેક જાતિ અને સમુદાયનું પ્રતિનિધિત્વ કરવામાં આવે તેવી અપેક્ષા છે. કૉંગ્રેસ પાર્ટીએ મહારાષ્ટ્રમાં ૨૦૧૯ સુધીની દરેક ચૂંટણીમાં લઘુમતી સમુદાયના ૧ કે ૨ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. ૨ મહિના પહેલા કૉંગ્રેસે ઉત્તર મધ્યમાંથી

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રની આઠ બેઠક પર ૫૩ ટકા મતદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં આયોજિત આઠ બેઠક પર સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૫૩ ટકા મતદાન થયું હતું. અધિકારીઓએ એવી માહિતી આપી હતી કે વિદર્ભની અકોલા, અમરાવતી, બુલઢાણા અને યવતમાળ-વાશિમ બેઠકો અને મરાઠવાડાની નાંદેડ, હિંગોલી અને પરભણી બેઠક પર શુક્રવારે મતદાન થયું હતું.

સાંજે પાંચ વાગ્યા સુધીમાં વર્ધા બેઠક પર ૫૬.૬૬ ટકા, અમરાવતીમાં ૫૪.૫૦ ટકા,

(જુઓ પાનું ૪) ▶▶

## પીયૂષ ગોયલ સામે પત્રકારોનો અસંતોષઃ નકારાત્મક સમાચાર છાપવા બદલ મહિલા પત્રકારને મળી ધમકી

### ‘ગોયલને માછલીની વાસ સહન થતી નથી’ એવા સમાચાર પ્રકાશિત થયા હતા

મુંબઈઃ ઉત્તર મુંબઈ લોકસભા મતદારક્ષેત્રના ભાજપના ઉમેદવાર પીયૂષ ગોયલ વિરુદ્ધ ‘ગોયલને માછલીની વાસ સહન થતી નથી’ એવા મથાળા સાથે સમાચાર પ્રકાશિત થયા બાદ અમુક અજ્ઞાત કાર્યકરોએ મરાઠી અખબાર નવાકાળની મહિલા પત્રકાર નેહા પુરવને ધમકી આપી હતી. કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલને બોરીવલી (જુઓ પાનું ૪) ▶▶

# ભિવંડીની હૉટેલમાંથી ત્રણ બૂકી પકડાયા

મુંબઈઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ક્રિકેટ મૅચ પર સટ્ટો લેનારા છત્તીસગઢના ત્રણ બૂકીને થાણે પોલીસે ભિવંડીની એક હૉટેલમાંથી પકડી પાડ્યા હતા.

પકડાયેલા ત્રણેય બૂકીની ઓળખ શાનુ લલિત બેરીવાલ (૩૧), રજત બાબુલાલ શર્મા (૩૦) અને વિજય સીતારામ દેવગન (૪૦) તરીકે થઈ હતી. આરોપીઓ વિરુદ્ધ ભિવંડીના કોનગાંવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

કોનગાંવ સ્થિત કે. એન. પાર્ક હૉટેલની રૂમમાં હાજર બૂકીઓ દ્વારા આઈપીએલની મૅચ પર બેટિંગ લેવામાં આવી રહી હોવાની માહિતી મળતાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને ખંડણી વિરોધી પથકનાં મહિલા ઈન્સ્પેક્ટર વનિતા પાટીલ, એપીઆઈ સુનીલ તારમળેની ટીમે ગુરુવારની રાતે હૉટેલની રૂમમાં રેઇડ કરી હતી. રૂમમાંથી ત્રણ જણને તાબામાં લેવાયા હતા. તેમની પાસેથી ૧૨ મોબાઈલ ફોન, એક ટૅબ અને એક લૅપટોપ જપ્ત કરવામાં આવ્યાં હતાં. આરોપીઓએ સટ્ટો લેવા માટે બનાવટી દસ્તાવેજોને આધારે સિમ કાર્ડ ખરીદ્યાં હોવાનું તપાસમાં જણાયું હતું. ■

## સૈયદનાના જંગમાં હાઈ કોર્ટના ચુકાદા સામે પિટિશનર અપીલ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દસ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ બોમ્બે હાઈ કોર્ટ દ્વારા સૈયદના મુફદ્દલ સૈફૂદીનને દાઉદી વહોરા સમુદાયના ધાર્મિક નેતા ‘દાઈ-અલ-મુતલક’ તરીકેના પદને માન્ય રાખીને તેમના (જુઓ પાનું ૪) ▶▶

## વોટને માટે પૈસાની ફરિયાદ અજિત પવારને ક્લીન ચિટ

મુંબઈઃ ચૂંટણી પંચે અજિત પવારને વોટના બદલામાં ભંડોળ આપવાની એનસીપી (એસપી)ની ફરિયાદ પર ક્લીન ચીટ આપી છે. બારામતી લોકસભા ક્ષેત્રમાં ભાષણ આપતી વખતે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ અજિત પવાર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. શરદ પવાર જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રનાં મતદાન કેન્દ્ર પર મતદારોને હાલાકી

# મતદાન અટકાવી અધિકારીઓ નાસ્તો કરવા બેઠા



મુંબઈઃ યવતમાળ-વાશીમ લોકસભા મતદારસંઘમાં શુક્રવારે મતદાન ચાલી રહ્યું હતું એ જ સમયે મતદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મતદાન ચાલી રહ્યું હતું એ જ સમયે કેન્દ્રના અધ્યક્ષ અને કર્મચારીઓએ નાસ્તો કરવા માટે મતદાનને થંભાવી દીધું હતું, જેને કારણે મતદારોએ ગરમીમાં ખાસ્સો સમય માટે ઊભું રહેવું પડ્યું હતું.

મતદાન એ રાષ્ટ્રીય કર્તવ્ય છે. મતદાન ચાલી રહ્યું હોય ત્યારે કોઇ પણ પ્રકારની અડચણ આવે નહીં એનું ધ્યાન રાખવું પડતું હોય છે. મતદાન રોકીને અધિકારી, કર્મચારીએ કોઇ પણ અન્ય કાર્ય કરવું ન જોઇએ. નાસ્તો કે પછી ભોજન સુદ્ધાં મતદાન રોક્યા વિના કરવું જોઇએ, એવી સૂચના આપવામાં આવી છે. જોકે હિરવી ખાતેની સ્કૂલના કેન્દ્ર પર રૂમ નંબર ચાર ખાતે મતદાન માટે નાગરિકો લાઈનમાં ઊભા હતા ત્યારે મતદાન રૂમના ચાર અધિકારી, કર્મચારીઓ નાસ્તો કરવા માટે સાથે બેઠા હતા. બપોરે બે વાગ્યે આવી પ્રવૃત્તિ ચાલી હતી અને અંદાજે ૨૦ મિનિટ સુધી મતદાન રોકવામાં આવ્યું હતું.

મતદારોએ બૂમાબૂમ શરૂ કરતાં અધિકારી અને કર્મચારીઓની પંગતનો વીડિયો અને ફોટો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. મતદાન કેન્દ્ર પર તહેનાત સુરક્ષારક્ષકોને પણ નાગરિકોએ જાણ કરીને ફરિયાદ કરી હતી. આ પ્રકરણે યવતમાળ ખાતે ચૂંટણી નિર્ણય અધિકારી તથા તહેસીલદાર યોગેશ દેશમુખને સવાલ કરવામાં આવ્યો હતો. જોકે તમામ બાબતોથી પરિચિત કરાયા બાદ દેશમુખે જણાવ્યું હતું કે બાદમાં અહીં મતદાન શાંતિપૂર્વક અને સરળ રીતે પાર પડ્યું હતું. દરમિયાન નાગરિકોએ અધિકારી અને કર્મચારીઓ પર કાર્યવાહી કરવાની માગણી કરી હતી. ■

# મુંબઈ, થાણે, પાલઘરમાં પાંચ દિવસ હીટવેવની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા બે-ત્રણ દિવસથી ફરી ગરમી અને ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે, ત્યારે હવામાન ખાતાએ ફરી ચિંતા કરાવે એવી આગાહી કરી છે. મુંબઈ સહિત થાણે અને પાલઘરમાં આગામી ચારથી પાંચ દિવસ ગરમીનું મોજું ફરી વળવાનો અંદાજો વ્યક્ત કર્યો છે.

મુંબઈમાં તાપમાનમાં હળવો ઘટાડો થયો હોવા છતાં ભેજને કારણે ઉકળાટ અને બફારો જણાઈ રહ્યો છે. આ દરમિયાન હવામાન ખાતાએ આગામી પાંચ દિવસ માટે મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરી, સિંધુદુર્ગ જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળવાની

(જુઓ પાનું ૪) ▶▶

## ભરતી-ઓટને ધ્યાનમાં રાખીને બે બ્રિજને જોડવાનો દેશમાં પહેલો સફળ પ્રયોગ

### ‘બો આર્ચ સ્ટ્રિંગ ગર્ડર’નું વહેલી સવારે સફળતાપૂર્વક જોડાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાએ દરિયામાં ભરતી અને ઓટને ધ્યાનમાં રાખીને દેશમાં આ પ્રકારનો પહેલો પ્રયોગ કરીને શુક્રવારે વહેલી સવારના ૩.૨૫ વાગે મુંબઈ કોસ્ટલ રોડને બાન્દ્ર-વરલી સી લિંક સાથે સફળતાપૂર્વક જોડ્યો હતો. કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં પહેલા ‘બો આર્ચ સ્ટ્રિંગ ગર્ડર’નું સફળતાપૂર્વક જોડાણ કરીને મુંબઈ મહાનગરપાલિકાના એન્જિનિયરોએ નોંધપાત્ર સીમાચિન્હ હાંસલ કર્યું છે.

શુક્રવારે વહેલી સવારના બે વાગ્યાની આસપાસ ગર્ડર લોન્ચિંગનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું અને ૩.૨૫ વાગે સફળતાપૂર્વક કામ પૂરું થયું હતું. ૧૦.૫૮ કિલોમીટર

(જુઓ પાનું ૪) ▶▶

## અતિક્રમણના મુદ્દે આખા ગામનો લોકસભા ચૂંટણીનો બહિષ્કાર

છત્રપતિ સંભાજી નગરઃ અતિક્રમણના મુદ્દે મહારાષ્ટ્રના પરભણી લોકસભા મતદાર સંઘના એક ગામડાના રહેવાસીઓએ શુક્રવારે ચૂંટણીનો બહિષ્કાર જાહેર કર્યો હતો. પરિણામે કલેક્ટર એ વિસ્તારની મુલાકાત લેવા તેમજ ગામવાસીઓને સમજાવવા આવી પહોંચ્યા હતા. મરાઠવાડા વિસ્તારના હિંગોલી, નાંદેડ અને પરભણીમાં શુક્રવારે સવારે મતદાનનો પ્રારંભ થયો હતો. પરભણી કલેક્ટર અને ચૂંટણી અધિકારી રઘુનાથ ગાવડે પરભણી શહેરથી સાત કિલોમીટરના અંતરે આવેલા બાલસા ખુર્દ ગામમાં પહોંચી ગયા હતા. ■

## ઉચ્ચ ગુણવત્તાના રસ્તા બનાવવા સુધરાઈના ઍન્જિનિયરોને આઈઆઈટી-બોમ્બે ટ્રેનિંગ આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સિમેન્ટ-કૉંક્રિટના રસ્તાની ગુણવત્તા જાળવી રાખવા માટે મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને પોતાના એન્જિનિયરોને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી)-બોમ્બેના નિષ્ણાતો પાસેથી પ્રશિક્ષણ અપાવવાની છે. શનિવારના પાલિકાએ પોતાના એન્જિનિયરો માટે એક દિવસની વર્કશોપનું આયોજન કર્યું છે.

ચોમાસામાં હળવા વરસાદમાં પણ મુંબઈના રસ્તા પર મોટા પ્રમાણમાં ખાડા પડી જતા હોય છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાએ રસ્તા પર પડતા ખાડાની કાયમી સ્વરૂપે ઉકેલ લાવવા માટે હજારો કરોડો રૂપિયાના ખર્ચે મુંબઈના રસ્તા સિમેન્ટ-કૉંક્રિટના બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. જોકે સિમેન્ટ કૉંક્રિટના રસ્તાના કામની પણ ગુણવત્તા જાળવી રાખવામાં પણ પ્રશાસન નિષ્ફળ ગયું છે. તેથી પાલિકાએ પોતાના એન્જિનિયરોને સારા રસ્તા બનાવવા અને તેની ગુણવત્તા જણાઈ રહે તે માટેની ટ્રેનિંગ આપવાનો નિર્ણય લીધો છે.

ઉચ્ચ ગુણવત્તાના સિમેન્ટ કૉંક્રિટના રસ્તાના કામ માટે સુધરાઈના ઍન્જિનિયરોને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી)-બોમ્બેના નિષ્ણાત પ્રશિક્ષણ આપવાના છે. પાલિકાના ૩૦૦ ઍન્જિનિયરોને શનિવાર, ૨૪ એપ્રિલના ટેક્નિકલ અને સાયન્ટિફીકલી પ્રશિક્ષણ આપવામાં આવવાનું છે.

રસ્તાના બાંધકામમાં અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો ? રસ્તા બાંધતા સમયે શું કરવું અને શું નહીં કરવું તેમ જ ફિલ્ડ પર કામ કરનારા અનુભવી એન્જિનિયરોની શંકાનું નિરાકરણ થાય તે માટે એક દિવસની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હોવાનું ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

પવઈમાં આવેલી આઈઆઈટી-મુંબઈએ શનિવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારના ૧૦ વાગ્યાથી બપોરના ચાર વાગ્યા સુધી વર્કશોપ રાખવામાં આવી છે. પાલિકા કમિશનર અને પ્રશાસકન ભૂષણ ગગરાણીની હાજરીમાં આ વર્કશોપ પ્રારંભ થશે. ■

## ખાડે ગયેલી એસટી પર લક્ષ્મીજીએ કૃપા વરસાવી

### એક દિવસમાં ₹ ૩૧.૧૧ કરોડની થઇ આવક

મુંબઈઃ રાજ્ય સહિત ગ્રામીણ ભાગોમાં ખાસ કરીને ગામેગામમાં પ્રવાસી વર્ગો માટે જીવાદોરી સમાન એસટીની ઓળખ છે. આને કારણે ઉનાળામાં એસટી દ્વારા વધુ પરિવહનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસીઓએ તેને પ્રતિસાદ આપ્યો હોવાથી બાવીસમી એપ્રિલના રોજ ૩૧.૧૧ કરોડની આવક મળ્યો છે. રાજ્યભરના પ્રવાસીઓએ આપેલા પ્રતિસાદને કારણે એસટી પર લક્ષ્મીજીની કૃપા વરસી છે. દિવાળીમાં મોટા ભાગના લોકો ગામ જતા હોય છે. આને કારણે એસટીએ સીઝનલ ભાડાવધારો કર્યો હતો. તમામ પ્રકારની બસોની ટિકિટદરોમાં ૧૦ ટકાનો વધારો કર્યો હતો. આને કારણે ભાઈબીજના દિવસે રાજ્યના તમામ માર્ગ પર બસો દોડતાં એક જ દિવસમાં કોર્પોરેશનને રૂ. ૩૧.૬૦ કરોડની મહેસૂલ મળી હતી. હવે ઉનાળામાં પણ એસટીમાં પ્રવાસ કરનારાઓની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. રાજ્યમાં ૩૧ પૈકી સાત ઝોનમાં ૧૦૦ ટકા પ્રવાસીની સંખ્યા છે. આમાં યવતમાળ, બુલઢાણા, અકોલા, જળગાંવ, ગઢચિરોલી, લાતુર અને ધુળેનો સમાવેશ થાય છે.■

## સલમાન ફાયરિંગ કેસમાં તપાસ છ રાજ્યમાં ફેલાઈ

### પંજાબથી પકડાયેલા બન્ને આરોપીને 30 એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબારના કેસની તપાસ છ રાજ્યમાં ફેલાઈ હોવાથી ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમ આ રાજ્યોમાં મોકલવામાં આવી રહી હોવાનું સૂત્રોનું કહેવું છે. ગોળીબાર કરનારા બન્ને શૂટરને શસ્ત્રો પૂરાં પાડવાના આરોપસર પંજાબથી પકડાયેલા બન્ને આરોપીને કોર્ટે ૩૦ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા (જુઓ પાનું ૪) ▶▶

## રવિ કિશનને રાહત

# અદાલતે ડીએનએ ટેસ્ટ કરાવવાની યુવતીની માગણી ફગાવી

મુંબઈઃ ભોજપુરી ફિલ્મોના અભિનેતા અને ભાજપના નેતા રવિ કિશન સામે એક ૨૫ વર્ષની યુવતીએ રવિ કિશન તેના પિતા હોવાનો દાવો કર્યો હતો, તેમ જ અદાલતમાં આ મામલે એક અરજી પણ યુવતીએ દાખલ કરી હતી. જોકે રવિ કિશન સામે દાખલ કરવામાં આવેલી આ અરજીને અદાલતે ફગાવી કાઢી હતી, જેથી રવિ કિશનને મોટી રાહત મળી છે. આ સાથે મહિલાએ ડીએનએ ટેસ્ટ કરાવાની પણ અરજી અદાલત સમક્ષ કરી હતી.

મુંબઈમાં રહેતી અપર્ણા સોનીએ અદાલતમાં નેતા-અભિનેતા રવિ કિશન તેમની દીકરી શિનોવાના પિતા હોવાનો આરોપ કર્યો હતો. આ કેસની સુનાવણીમાં અદાલતે કહ્યું હતું કે એવો કોઈ કેસ નથી જે સૂચવે છે કે અપર્ણા સોની અને રવિ કિશન વચ્ચે કોઈ સંબંધ હતા.

ગુરુવારની સુનાવણીમાં શિનોવાએ કહ્યું હતું કે તે રવિ કિશનને કાકા કહે છે, પણ તે તેના બાયોલોજિકલ પિતા છે. જોકે રવિ કિશનના વકીલે આ દરેક દાવાને નકારી કાઢ્યા હતા.

રવિ કિશનના વકીલે કહ્યું હતું કે રવિ કિશન અને અપર્ણા સોની વચ્ચે કોઈપણ સંબંધ નહોતો, જોકે રવિ કિશન અપર્ણાના સારા મિત્ર હોવાથી તેમણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સાથે કામ કર્યું છે, એવું પણ કહ્યું હતું. અપર્ણા સોનીની અરજીમાં અમુક ટેસ્ટ કરવાની પણ માગણી કરવામાં આવી હતી. આ સાથે રવિ કિશન શિનોવાના થોડા સમય સુધી તેમને આર્થિક રીતે સપોર્ટ પણ કરતાં હતા, પણ એક સમય બાદ તેમણે આ બધુ આપવાનું એકદમ જ બંધ કરી દીધું હતું. આ સાથે અપર્ણા સોનીએ રવિ કિશન પર તેની દીકરી શિનોવાનો અધિકાર છીનવાનો આરોપ કર્યો હતો.

રવિ કિશન પર લગાવવામાં આવેલા આ આરોપી સામે તેમની પત્ની પ્રીતિ શુક્લાએ અપર્ણા સોની અને શિનોવા સામે એફઆઇઆર દાખલ કરી હતી. પ્રીતિ શુક્લાની એફઆઇઆર બાદ પોલીસે અપર્ણા સોની, તેના પતિ રાજેશ સોની, પુત્રી શિનોવા, પુત્ર સૌનક સોની, સમાજવાદી પાર્ટીના નેતા વિવેક કુમાર પાંડે અને યુટ્યુબ ચેનલ ચલાવતા પત્રકાર ખુર્શીદ ખાન વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. ■

## અનમોલ બિશ્નોઈ સામે લૂકઆઉટ સર્ક્યુલર જારી

મુંબઈઃ અભિનેતા સલમાન ખાનના બાન્દ્રા સ્થિત નિવાસસ્થાન બહાર ૧૪ એપ્રિલની વહેલી સવારે ગોળીબાર કરવાના કેસમાં શુક્રવારે જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અનમોલ બિશ્નોઈ સામે લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યું હતું.

વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ આ કેસમાં પૂછપરછ માટે પોલીસ ટૂંક સમયમાં લૉરેન્સ બિશ્નોઈની કસ્ટડી લેશે. લૉરેન્સ બિશ્નોઈ હાલમાં ગુજરાતની (જુઓ પાનું ૪) ▶▶

# અટલ સેતુને વાહનચાલકોનો ઠંડો પ્રતિસાદ

મુંબઈઃ છેલ્લા ત્રણ મહિનામાં અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવાશેવા સી-બ્રિજ પરથી ૨૧ લાખ ૯૨ હજાર ૪૬૬ વાહનો પસાર થયા છે. આ બ્રિજને ટ્રાફિક માટે ખુલ્લો મૂકતી વખતે એમએમઆરડીએ એક દિવસમાં ૭૦,૦૦૦ વાહનો ચાલવાનો દાવો કર્યો હતો, પરંતુ વાસ્તવમાં દરરોજ માત્ર ૨૦ થી ૨૧ હજાર વાહનો જ પસાર થાય છે. મુંબઈથી નવી મુંબઈનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપવા માટે એમએમઆરડીએ દ્વારા બનાવવામાં આવેલો ૨૧.૮૦ કિમીનો દેશનો આ સૌથી સી-લાંબો બ્રિજ ૧૩ જાન્યુઆરીએ વાહનોની અવરજવર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જો કે આ બ્રિજ પર અપેક્ષિત સંખ્યામાં વાહનોની અવરજવર નથી. ઉદ્‌ઘાટન પછી એક મહિનામાં આઠ લાખ ૧૩ હજાર ૭૭૪ વાહનો એટલે કે દરરોજના ૨૭ હજાર વાહનો દોડતા હતા. પરંતુ હવે તેમાં ઘટાડો થયો છે. હાલમાં રોજના ૨૦ થી ૨૧ હજાર વાહનો દોડી રહ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૧ એપ્રિલ સુધીના ત્રણ મહિનામાં માત્ર ૨૧ લાખ ૯૨ હજાર ૪૬૬ વાહનો દોડ્યા હતા. અટલ સેતુ પર દરરોજના ૭૦,૦૦૦ વાહનો દોડવાની અપેક્ષા હોવા છતા આ આંકડો સરેરાશ ૨૧,૦૦૦થી આગળ વધ્યો નથી. ટોલ વધારે હોવાને કારણે અટલ સેતુ પર વાહનોની સંખ્યા ઓછી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઉપરાંત બંને છેડે પુલને જોડતો લિંક રોડ અધૂરો છે. ■

# પ્રારંભિક લાભ ગુમાવી સેન્સેકસે ૭૪,૦૦૦ની સપાટી તોડી, નિફ્ટી ૨૨,૫૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના મિશ્ર ટ્રેન્ડ વચ્ચે સપ્તાહના અંતિમ સત્રમાં બેન્કિંગ, ફાઇનાન્શિયલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોમાં પ્રોફિટ બુકિંગ શરૂ થતાં પ્રારંભિક લાભ ગુમાવી સેન્સેક્સ ૭૪,૦૦૦ની સપાટીની નીચે ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૫૦૦ની નીચે ગબડ્યો હતો. ઊંચા ગેપ સાથે ખૂલ્યા બાદ સત્રને અંતે સેન્સેક્સ ૬૦૯.૨૮ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૭૩,૭૩૦.૧૬ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો અને નિફ્ટી ૧૫૦.૪૦ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા ઘટીને ૨૨,૪૧૯.૯૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૦.૯૦ ટકા અને નિફ્ટી૫૦ ૧.૨૦ ટકા વધ્યો છે.

મિશ્ર વૈશ્વિક સંકેતો હોવા છતાં બજારની શરૂઆત સકારાત્મક ટોન સાથે થઈ હતી, પરંતુ શરૂઆતના કલાકોમાં પ્રોફિટ બુકિંગ સાથે તમામ સુધારો ધોવાઇ ગયો હતો અને દિવસના બાકીના સમયમાં નકારાત્મક ટ્રેન્ડ રહ્યો હતો. નિફ્ટી પર બજાજ ફાઈનાન્સ, બજાજ ફિનસર્વ, નેસ્લે ઈન્ડિયા, ઈન્ડસઈન્ડ બેંક, એમએન્ડએમ અને ટેક મહિન્દ્રા, ડિવિસ લેબ્સ, એલટીઆઈમિન્ડટ્રી, બજાજ ઓટો અને બીપીસીએલ લાભાર્થીઓ હતા.

કંપનીના પરિણામ બજારની અપેક્ષા સામે નબળા રહ્યાં હોવાની ચર્ચા વચ્ચે બજાજ ફાઇનાન્સ આઠ ટકાના કડાકા સાથે સેન્સેક્સનો ટોપ લૂઝર શેર બન્યો હતો. બજાજ ફિનસર્વના શેરમાં પણ ત્રણ ટકાનો કડાકો હતો. અન્ય ઘટવનારા મુખ્ય શેરોમાં ઇન્ડસઇન્ડ બેન્ક, નેસ્લે, કોટક મહિન્દ્રા બેન્ક અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્રનો સમાવેશ હતો. ટેક મહિન્દ્રા સાત ટકાના ઉછાળા સાથે સેન્સેકસનો ટોપ ગેઇનર શેર બન્યો હતો. અન્ય વધનારા ટોચના મુખ્ય શેરોમાં વિપ્રો, આઇટીસી, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાઇટન અને એક્સિસ બેન્કનો સમાવેશ હતો.

ઓટો, બેંક અને કેપિટલ ગુડ્સ સિવાયના ક્ષેત્રોમાં, તેલ અને ગેસ, હેલ્થકેર, રિયલ્ટી અને મીડિયા ૦.૩-એક ટકા ટકાના વધારા સાથે અને અન્ય તમામ ઇન્ડેક્સ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૮૦ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩૦ ટકાનો સુધારો જોવા મળ્યો હતો.

વ્યક્તિગત શેરોમાં, એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસિસ, આદિત્ય બિરલા ફેશન અને સેઇલમાં ૧૦૦ ટકાથી વધુ વોલ્યુમ ઉછાળો જોવા મળ્યો હતો. ટેક મહિન્દ્રા, જીએમઆર એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયામાં લાંબો બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે એલ એન્ડ ટી ટેક્નોલોજી સર્વિસિસ, બજાજ ફાઈનાન્સ અને બજાજ ફિનસર્વમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં ચાલુ રહેલી હલચલમાં સ્ટેનલેસ સ્ટીલ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીના વેપાર અને માર્કેટિંગમાં અગ્રણી કંપનીઓમાંની એક સાઈ સ્વામી મેટલ્સ એન્ડ એલોય લિમિટેડનો આઇપીઓ ૩૦ એપ્રિલે આવી રહ્યો છે. ઈશ્યુનું કદ રૂ. ૧૫ કરોડનું છે અને ઈશ્યુ કિંમત ઈક્વિટી શેર દીઠ રૂ. ૬૦ નક્કી થઇ છે. ઈસ્યુ ત્રીજી મેના રોજ બંધ થશે. લોટ સાઈઝ ૨,૦૦૦ ઈક્વિટી શેરની છે. શેર બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટ થવાના છે. ભંડોળનો ઉપયોગ વર્કિંગ કેપિટલ, સબસિડિયરી કંપનીઓમાં રોકાણ, મશીનરી ખરીદવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. બીએસઇ પર ૨૫૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જેમાં એજીસ લોજિસ્ટિક્સ, ભેલ, બાયોકોન, સીજી પાવર,




ચંબલ ફર્ટિલાઈઝર્સ, કોલગેટ પામોલિવ, કન્ટેનર કોર્પોરેશન, દીપક નાઈટ્રાઈટ, ડિક્સન ટેક્નોલોજી, આઈશર મોટર્સ, હેવેલ્સ ઈન્ડિયા, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, હુડકો, જેએસડબલ્યુ સ્ટીલ, કિર્લોસ્કર ઓઈલ, એમએમ ફોર્જિંગ્સ, સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ, મોતીલાલ ઓસવાલ, મુથૂટ ફાઈનાન્સ, એનએમડીસી, પુર્વંકારા, સેઇલ, એસબીઆઇ, ટાટા સ્ટીલ, વેદાંત, સહિતના શેરોનો સમવેશ હતો. બજારના નિષ્ણતે જણાવ્યું હતું કે, નિફ્ટી સમગ્ર સત્ર દરમિયાન વેચવાલીનું દબાણ હેઠળ રહ્યો હતો અને ઇન્ડેક્સ ૨૨૫૦૦ પોઇન્ટના નિર્ણાયક સ્તરની ઉપર ટકી શક્યો નથી. દૈનિક ચાર્ટ પર, બ્લેક ક્લાઊડ કવર પેટર્ન જોવા મળે છે, જે સંભવિત મંદીનું રિવર્સલ સૂચવે છે. તાત્કાલિક સપોર્ટ ૨૨૩૦૦ પોઇન્ટની સપાટી પર સ્થિત છે, જેની નીચે નિફ્ટી તેની ખોટ ૨૨૦૦૦ના સ્તર સુધી લંબાવી શકે છે. બીજી તરફ, ૨૨૫૦૦નું સ્તર નિફ્ટી માટે ટેકનિકલ પ્રતિકાર તરીકે કામ કરી શકે છે. પાંચ સત્રની એકધારી આગેકૂચ બાદ પ્રોફિટ બુકિંગ અને કરેકશન અનિવાર્ય અને તાર્કિક રહ્યું હતું પરંતુ, ખાસ કરીને અમેરિકાના ડેટાને કારણે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડો થવાની આશા પર પાણી ફરી વળ્યાં હોવાથી વૈશ્વિક ઇક્વિટી બજારોનું સેન્ટિમેન્ટ ખરડાઇ ગયું છે. અમેરિકાનો વિકાસદર બે વર્ષના સૌથી ધીમા વૃદ્ધિ દર સાથે લગભગ અડધો થઇ ગયા હોવાના અહેવાલે રોકાણકારોના માનસને ખરડી નાંખ્યું હતું. એ જ સાથે બેન્ક ઓફ જાપાને વ્યાજદરમાં અપેક્ષિત ફેરફાર ના કર્યા હોવાથી ડોલર સામે યેન ૩૪ વર્ષની નીચી સપાટીએ ગબડી ગયો હતો. સેન્સેક્સમાં ટેક મહિન્દ્રા ૭.૩૪ ટકા, વિપ્રો ૦.૭૯ ટકા, આઈટીસી ૦.૫૬ ટકા, ટાઈટન ૦.૩૩ ટકા અને એક્સિસ બેન્ક ૦.૨૪ ટકા વધ્યા હતા જ્યારે બજાજ ફાઈનાન્સ ૭.૭૩ ટકા, બજાજ ફિનસર્વ ૩.૫૫ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૩.૩૬ ટકા, નેસલે ઈન્ડિયા ૩.૦૮ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૪૫ ઘટ્યા હતા. કુલ બે કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

સતત પાંચ સેશનની તેજી બાદ શેરબજાર નેગેટીવ જોનમાં ગબડ્યું છે અને તેનું મુખ્ય કારણ એફઆઈઆઈની રૂ. ૩૪૦૮ કરોડની ચોખ્ખી વેચવાલી છે. બીએસઈ સેન્સેક્સ શુક્રવારે આગલા ૭૪,૩૩૯.૪૪ના પાછલા બંધ સામે ૬૦૯ પોઈન્ટ્સ (૦.૮૨ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૪,૫૦૯.૩૧ ખૂલી ઉપરમાં ૭૪,૫૧૫.૯૧ સુધી અને નીચામાં ૭૩,૬૧૬.૬૫ સુધી જઈને અંતે ૭૩,૭૩૦.૧૬ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સની છ કંપનીઓ વધી હતી જ્યારે ૨૪ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ. ૪૦૪.૦૪ લાખ કરોડ રહ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૬૭ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૪૪ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૬ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૧૬ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૧૫ ટકા અને બીએસઈ લાર્જકેપ ૦.૪૭ ટકા ઘટ્યા હતા જ્યારે બીએસઈ મીડ કેપ ૦.૮૩ ટકા અને બીએસઈ સ્મોલ કેપ ૦.૨૭ ટકા વધ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૩ ટકા જ્યારે એસએમઈ આઈપીઓ ૧.૨૮ ટકા વધ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૫૨ ટકા, સર્વિસિસ ૧.૩૪ ટકા, રિયલ્ટી ૦.૫૩ ટકા, હેલ્થકેર ૦.૪૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૨૯ ટકા, એનર્જી ૦.૨૮ ટકા, પાવર ૦.૧૩ ટકા, એફએમસીજી ૦.૧૦ ટકા, આઈટી ૦.૧૦ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રિશનરી ૦.૦૭ ટકા, કોમોડિટીઝ ૦.૦૧ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૦૧ ટકા વધ્યા હતા.

જ્યારે બેન્કેક્સ ૦.૭૦ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિસ ૦.૬૮ ટકા, ટેક ૦.૨૬ ટકા, ઓટો ૦.૨૫ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૨૧ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૧૫ ટકા, યુટિલિટીઝ ૦.૦૯ ટકા અને મેટલ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચરમાં કુલ રૂ.૨૫૨.૮૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૨૫૯ સોદામાં ૩,૩૭૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર અને ઈક્વિટી ફ્યુચર મળીને કુલ ૪૯,૬૬,૭૫૭ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

એફઆઈઆઈ (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) એ શુક્રવારે રૂ.૩,૪૦૮.૮૮ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી. જ્યારે ડીઆઈઆઈએ (સ્થાનિક સંસ્થાકીય રોકાણકાર) રૂ. ૪,૩૫૬.૮૩ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

## ડૉલર સામે રૂપિયો આઠ પૈસા તૂટ્યો

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે આઠ પૈસા તૂટીને ૮૩.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૨૮ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૩.૩૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૩૬ અને ઉપરમાં ૮૩.૩૦ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે આઠ પૈસા ઘટીને ૮૩.૩૬ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે મધ્ય પૂર્વનાં દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ વધવાની ચિંતા સપાટી પર આવવાની સાથે અમેરિકાનાં જીડીપી વૃદ્ધિ અત્યંત ધીમી પડી હોવાનાં નિર્દેશો સાથે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવમાં વધારાને કારણે ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું બીએનપી પારિબાસનાં એક વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે મધ્યપૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૧૦૫.૪૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૮ ટકા વધીને બેરલદીઠ ૮૯.૩૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૦૯.૨૮ પૉઈન્ટનું અને ૧૫૦.૪૦ પૉઈન્ટનું ગાબડું પડ્યું હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૨૩.૩૩ કરોડની ચોખ્ખી વેચવાલી જળવાઈ રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમેરિકાનાં જીડીપીમાં ઘટાડો થતાં સોનાની મંદીને બ્રેક ₹ ૩૫૪નો ઉછાળો, ચાંદી ₹ ૪૭૬ વધી

મુંબઈ: વર્ષ ૨૦૨૪નાં પહેલા ત્રિમાસિકગાળામાં અમેરિકાનો જીડીપી બે વર્ષની ધીમી ગતિએ વૃદ્ધિ પામતા ૧.૬ ટકાના સ્તરે રહ્યો હોવાથી ફેડરલ દ્વારા રેટ કટની ચિંતા ફરી સપાટી પર આવી હતી. અને વૈશ્વિક બજારમાં સોનામાં સલામતી માટેની માગ નબળી પડતાં ભાવમાં જોવા મળેલી મંદીને બ્રેક લાગતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવ વધી આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો આઠ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થતા હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૩થી ૩૫૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૭૬નો ઉછાળો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ




૧૦ ગ્રામદીઠ રૂ. ૩૫૩ વધીને રૂ. ૭૨,૧૫૮ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૫૪ વધીને રૂ. ૭૨,૪૪૮ના મથાળે રહ્યા હતા. જોકે, વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ સુસ્ત રહી હતી. વધુમાં આજે .૯૯૯ ટચ ચાંદીમાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૭૬ વધીને રૂ. ૮૧,૩૭૪ના મથાળે રહ્યા હતા. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૨૩૪૭.૧૫ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૩૩૫.૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના હાજરમાં ભાવ ૦.૧૬ ટકા વધીને ઔંસદીઠ ૨૭.૫૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે ગઈકાલે અમેરિકાનાં જીડીપીનાં ડેટાની જાહેરાત બાદ વૈશ્વિક સોનાના ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો, પરંતુ તે પૂર્વે સલામતી માટેની માગનો ટેકો દૂર થવાથી ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાથી વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ભાવઘટાડો જોવા મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

વધુમાં આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરનાં ડેટા તેમ જ રોજગારીનાં સાપ્તાહિક ડેટા પર સ્થિર થઈ છે. જોકે, ગઈકાલના નબળા જીડીપીનાં ડેટાની જાહેરાત બાદ હવે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાથી અથવા તો છેલ્લા ત્રિમાસિકગાળાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ધારણા ટ્રેડરો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે.

## વિશ્વ બજાર પાછળ ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે વર્તમાન કૅલૅન્ડર વર્ષ ૨૦૨૪ના પહેલા ત્રિમાસિકગાળાના અમેરિકાના જીડીપીનાં ડેટા અત્યંત નબળા આવતા ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકવામાં વધુ વિલંબ કરે તેવી ભીતિ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હતું. તેમ જ આજે પણ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં વિશ્વ બજારમાં કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારો આગળ ધપ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એક માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૬નો સુધારો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ વધીને રૂ. ૩૦૫૬, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૮૪૫ અને રૂ. ૮૩૮, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને રૂ. ૮૫૩, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૭૭૮ અને રૂ. ૧૬૨૩ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૮૮૯ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટો ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૨૫૮ અને બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૫૬૭, રૂ. ૫૪૦ અને રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૪૭ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં આગળ વધતી નરમાઈ, મથકો પર સુધારો

મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૩૫૫૫થી ૩૬૦૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ના ઘટાડા સાથે રૂ. ૩૬૭૨થી ૩૭૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૭૪૬થી ૩૮૫૨ના મથાળે ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યાં હતાં. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૦થી ૩૬૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૫૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પાંખાં કામકાજો વચ્ચે આયાતી તેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૨ રિંગિટ વધી આવ્યા હોવા છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં નિરસ કામકાજો વચ્ચે એકમાત્ર સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સાધારણ સુધારો આવ્યો હતો, આ સિવાય નિરસ માગે ક્રૂડ પામતેલમાં રૂ.૧૦નો અને આરબીડી પામોલિનમાં રૂ. બેનો પ્રતિ ૧૦ કિલો ઘટાડો આવ્યો હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૧૨થી ૯૧૩, ક્રૂડ પામતેલના રૂ. ૮૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૨૫, સોયા ડિગમના રૂ. ૮૭૫થી ૮૮૦, સન રિફાઈન્ડના રૂ. ૯૨૦, સન ક્રૂડના રૂ. ૮૬૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૮૫ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૨૦થી ૯૨૫માં અને રૂ. ૧૪૫૦માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૩૦માં થયાના અહેવાલ હતા.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૭૫,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૫૦થી ૪૬૨૫માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૫૦થી ૪૭૫૦માં થયા હતા, જ્યારે ઈન્દોર ખાતે હાજરમાં સોયા રિફાઈન્ડના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૦માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે રાજસ્થાન ખાતે ૨.૫૦ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૭૫થી ૫૪૦૦માં થયા હતા, જ્યારે એક્સ્પેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૯૯૫માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૦૫માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૧૫થી ૨૫૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વર્ષ ૨૦૨૩માં ભારતની સર્વિસીસ નિકાસ ૧૧.૪ ટકા વધી: અહેવાલ

નવી દિલ્હી: ગત કૅલૅન્ડર વર્ષ ૨૦૨૩માં વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા છતાં દેશની સર્વિસીસ ક્ષેત્રની નિકાસ ૧૧.૪ ટકા વધીને ૩૪૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ચીનના શિપમેન્ટ ૧૦.૧ ટકા ઘટીને ૩૮૧ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હોવાનું યુએનસીટીએડીએ એક અહેવાલમાં જણાવ્યું હતું.

ભારતીય સર્વિસીસ ક્ષેત્રમાં મુખ્યત્વે ટ્રાવેલ, ટ્રાન્સપોર્ટ, મેડિકલ અને હૉસ્પિટાલિટીનો સમાવેશ થાય છે. યુએનસીટીએડીએ તેનાં ત્રિમાસિક અહેવાલમાં જણાવ્યું હતું કે હાલનાં ડૉલરના મૂલ્યમાં વર્ષ ૨૦૨૩માં સર્વિસીસની વૈશ્વિક નિકાસ ૭.૯ ટ્રિલિયન ડૉલરની સપાટી પાર કરી ગઈ છે. ગત વર્ષ ૨૦૨૩માં સર્વિસીસના મુખ્ય વિકાસશીલ નિકાસકાર દેશોમાં ભારત, ચીન, સિંગાપોર, તુર્કી, થાઈલેન્ડ, મેક્સિકો અને સાઉદી અરૅબિયાનો સમાવેશ થતો હોવાનું અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત સાલ દેશની સર્વિસીસ આયાત સાધારણ ૦.૪ ટકા ઘટીને ૨૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વધુમાં અહેવાલમાં જણાવ્યાનુસાર વર્ષ ૨૦૨૩નાં ચોથા ત્રિમાસિકગાળામાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ રિસિપ્ટ્સમાં કોવિડ-૧૯ મહામારી પશ્ચાત્ નોંધપાત્ર વધારો થયો છે અને વર્ષાનુવર્ષ ધોરણે એશિયામાં ૭૦ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે.

ભારતીની સર્વિસીસ નિકાસ અંગે ટિપ્પણી કરતાં એક નિષ્ણાતે જણાવ્યું હતું કે હાલમાં પણ આઈટી અને આઈટીને લગતી સેવાઓ અને ટ્રાવેલમાં મજબૂત વલણ જોવા મળી રહ્યું છે. આ ઉપરાંત સરકારી પ્રોત્સાહક પગલાંઓનો લાભ એન્જિનિયરિંગ, આર્કિટેક્ચર, લીગલ અને એકાઉન્ટિંગ સેવા તથા રિસર્ચ અને મૅનૅજમૅન્ટ કન્સ્લ્ટીંગ સેવાઓને મળી રહ્યો છે.

ઐતિહાસિક રીતે ભારતની સેવાઓની નિકાસ મુખ્યત્વે ઉત્તર અમેરિકા અને યુરોપ વધુ કેન્દ્રિત રહી હતી, પરંતુ આ સિવાય એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવી ઉભરતી બજારોમાં વધુ તકો રહેલી છે.

## વિદેશી હૂંડિયામણની અનામતમાં વધુ ૨.૨૮ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈ: ગત ૧૨મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામતમાં ૫.૪૦૧ અબજ ડૉલરનો ઘટાડો જોવા મળ્યા બાદ ગત ૧૯મી એપ્રિલે પૂરા થયેલા સપ્તાહમાં વધુ ૨.૨૮ અબજ ડૉલરનો ઘટાડો નોંધાયો હતો અને અનામત ૬૪૦.૩૩૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે આ બે સપ્તાહ પૂર્વે અર્થાત્ ગત પાંચમી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૬૪૮.૫૬૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. તે પહેલા સપ્ટેમ્બર, ૨૦૨૧માં અનામત ૬૪૨.૪૫૩ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી અને આ વિક્રમ સપાટી ગત માર્ચ મહિનામાં પાર થઈ હતી. રિઝર્વ બૅન્કની આંકડાકીય માહિતી અનુસાર સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૭૯૩ અબજ ડૉલર ઘટીને ૫૬૦.૮૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સમીક્ષા હેઠળના સપ્તાહમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યૅન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૪.૩ કરોડ ડૉલર ઘટીને ૧૮.૦૩૪ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨૦ લાખ ડૉલર ઘટીને ૪.૬૩૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે એકમાત્ર સોનાની અનામત ૧.૦૧ અબજ ડૉલર વધીને ૫૬.૮૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ક્ષત્રિય સમાજ આંદોલનની ઈફેક્ટઃ રાજકોટ બેઠકના ૨૧૦ બૂથ સંવેદનશીલ જાહેર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં વધુ ૨૧૦ બૂથ સંવેદનશીલ જાહેર કરાયા છે. રાજકોટ શહેર અને જિલ્લામાં સંવેદનશીલ બૂથની સંખ્યા ૧૦૩૨ થઈ છે. બૂથ ઉપર વધુ પોલીસ પેરામિલેટરીનો સ્ટાફ તૈનાત કરાશે. તેમજ ૧૨ કંપનીની માગ કરવામાં આવી છે. અત્યાર સુધી ૮૨૨ એટલે કે ૩૦ ટકા જેટલા બૂથ સંવેદનશીલ હતા. હવે ૨૧૦ નો ઉમેરો કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં લોકો નિર્ભિક મતદાન કરી શકે તે માટે પેરા મિલેટરી ફોર્સ માઇક્રો ઓબ્ઝર્વેરની નિમણૂક કરવામાં આવશે. રાજકોટમાં ૨૧૦ બૂથ સંવેદનશીલ જાહેર કરાયા છે. જેમાં જિલ્લામાં સંવેદનશીલ બૂથની સંખ્યા ૧૦૩૨ થઈ છે. તેમજ ક્ષત્રિય આંદોલનને લઈ તમામ બૂથ પર બંદોબસ્ત રહેશે. તથા તમામ બૂથ પર પેરામિલેટરીનો સ્ટાફ તૈનાત કરાશે. જેમાં પેરામિલિટરીની ૧૨ કંપનીની માંગ કરાઈ છે. તથા માઈક્રો ઓબ્ઝર્વેરની પણ નિમણૂક કરાશે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિવાદાસ્પદ નિવેદન બાદ રાજકોટ સહિત રાજ્યભરમાં વિરોધ ફાટી નીકળ્યો છે. ક્ષત્રિય સમાજની માગણી મુજબ ભાજપ દ્વારા રુપાલાની ટિકિટ રદ કરવામાં ન આવતાં ક્ષત્રિય સમાજ આંદોલન પાર્ટ-ટુ શરૂ કર્યું છે. ■



**ભાવનગરમાં ભરઉનાળે કમોસમી વરસાદઃ** ભાવનગર શહેરમાં શુક્રવારે સવારે અચાનક વાતાવરણમાં પલટો આવતા અનેક વિસ્તારોમાં છાંટાથી લઈ ઝરમર વરસાદ વરસ્યો હતો. ભરઉનાળે કમોસમી વરસાદથી ગરમીમાં આંશિક રાહતનો અનુભવ લોકોને થયો હતો. જોકે ત્યારબાદ ભેજનું પ્રમાણ વધતા બફારો પણ વધ્યો હતો. (તસવીરઃ વિપુલ હિરાણી)

# પંચમહાલમાં બેઠકના કૉંગ્રેસના ડમી ઉમેદવાર ભાજપમાં જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત લોકસભા બેઠક બાદ પંચમહાલ કૉંગ્રેસમાં પણ જૂથવાદ વકર્યો છે. પ્રદેશ કૉંગ્રેસના ડેલીગેટ અને શહેરા વિધાનસભાના પૂર્વ ઉમેદવાર દુષ્યંતસિંહ ચૌહાણ અને તેમના પત્ની તથા ગોધરા વિધાનસભાના પૂર્વ ઉમેદવાર રશ્મિકાબેન ચૌહાણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. કૉંગ્રેસના લોકસભાના ડમી ઉમેદવાર દુષ્યંતસિંહ ચૌહાણના પત્નીની રશ્મિતા ચૌહાણ સહિતના કાર્યકરો સાથે કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાશે. કૉંગ્રેસે ગુલાબસિંહ ચૌહાણને ટિકિટ આપ્યાં બાદ દુષ્યંતસિંહ ચૌહાણ નારાજ હતા.

પંચમહાલના શહેરા તાલુકા કૉંગ્રેસ પ્રમુખ, અન્ય હોદ્દેદારો, સરપંચો અને કાર્યકરો સહિત ૩૦થી વધુ લોકોએ રાજીનામુ આપી દીધુ છે. આ તમામ કૉંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો આગામી લોકસભાની ચૂંટણી પ્રચાર માટે ભાજપના સ્ટાર પ્રચારક તેમજ કેન્દ્રીય ગૃહપ્રધાન શનિવારે ગોધરા શહેરમાં લુણાવાડા રોડ પર આવેલા ગ્રાઉન્ડ ખાતે પોતાની જાહેર સભાને સંબોધન કરનાર છે. પંચમહાલ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર રાજપાલસિંહ જાદવના ચૂંટણી પ્રચાર માટે અમિત શાહ ગોધરા ખાતે સભા ગજવશે, ત્યારે તેઓની ઉપસ્થિતિમાં કૉંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો કેસરિયા ધારણ કરીને ભાજપમાં જોડાશે. ■

# લીંબડીમાં ધર્મરથમાં ક્ષત્રિય સમાજ ઊમટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પુરુષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિશે અપમાનજનક ટિપ્પણી કરવા મામલે ક્ષત્રિય સમાજે રાજકોટ બેઠક પરથી રૂપાલાની ટિકિટ રદ કરવા માંગ કરી હતી. પરંતુ ટિકિટ રદ ન કરવામાં આવતા ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-૨ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના ધામા ખાતે આવેલા શક્તિમાતાના મંદિરથી ધર્મરથને પ્રસ્થાન કરાવવામાં આવ્યું છે. જે લીંબડી ખાતે આવી પહોંચતા મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો રથ સાથે રેલીમાં જોડાયા હતા. અને ભાજપ સામે પોતાનો રોષ વ્યક્ત કરી ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ભાજપનો ખુલ્લો વિરોધ કરવાની ચીમકી આપી હતી.

પુરુષોત્તમ રૂપાલાના વિવાદીત નિવેદનને લઇને ક્ષત્રિય સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આંદોલન પાર્ટ-૨ અંતર્ગત ધામાથી શરૂ થયેલો ધર્મરથ લીંબડી ખાતે આવી પહોચ્યો હતો. જ્યાં ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ધર્મરથ સાથે જોડાયા હતા. અને શહેરમાં ભવ્ય રેલી યોજી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ધર્મરથ સમગ્ર સુરેન્દ્રનગર જિલ્લામાં ત્રણ દિવસ ફરશે અને દરેક તાલુકામાં ક્ષત્રિય સમાજને ભાજપ વિરોધમાં મતદાન કરવા આહવાન કરશે. લીંબડી ખાતે પણ ધર્મરથ સાથે રેલી યોજાઇ હતી. જેમાં ક્ષત્રિય સમાજની મહિલા આગેવાનો પણ જોડાયા હતા. અને સ્થાનિક ક્ષત્રિય સમાજ દ્વારા પદ્મિનીબાનું સન્માન કરવામાં આવ્યું હતું.

થોડા દિવસો અગાઉ પદ્મિનિબાએ અન્નજળનો ત્યાગ કર્યા બાદ તેમની તબિયત લથડતા તે આંદોલનથી દુર હતા. લીંબડી ખાતેથી પદ્મિનીબા સહિતના ક્ષત્રિય સમાજના મહિલા આગેવાનો પણ ધર્મરથ સાથે જોડાયા હતા.

ક્ષત્રિય સમાજના એક આગેવાને જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલો છે અને ૨૩ લાખ ક્ષત્રિય સમાજના લોકોએ રૂપાલાની ટિકિટ રદ કરવા માંગ કરી હતી. પરંતુ ભાજપની શું મજબુરી છે તો એ માત્ર રૂપાલાની ટિકિટ રદ ન કરતા ભાજપને ક્ષત્રિય સમાજના મતની જરૂર ન હોય તેવું લાગી રહ્યું છે. ક્ષત્રિય સમાજને પણ હવે ભાજપની જરૂર નથી. અને હવે સમગ્ર રાજ્યની તમામ ૨૬ સીટો પર ભાજપનો ખુલ્લો વિરોધ કરવામાં આવશે. અને ભાજપના ઉમેદવારોના વિરોધમાં મતદાન કરવા ક્ષત્રિય સમાજને આહવાન કરવામાં આવ્યું હતું. ■

આ વખતે કદાચ લીડ ઘટે

# જૂનાગઢમાં ભાજપના કાર્યકરોમાં દહેશત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક પર ક્ષત્રિય સમાજ વિરુદ્ધ પુરુષોતમ રૂપાલાના વિધાનોનો પડઘો રાજયભરમાં છે તેમાં હવે ભાજપના ક્ષત્રિય નેતાઓ માનવા લાગ્યા છે કે પક્ષના ઉમેદવાર જીતી જાય તો લીડ તો ઘટશે. જૂનાગઢ મત વિસ્તાર સૂત્રાપાડા ખાતે યોજાયેલી ભાજપની સભામાં ક્ષત્રિય નેતા માનસિંહ પરમારે એવી હૈયાવરાળ ઠાલવી કે સત્તાની સામે મને પણ અનેક ફરિયાદો છે પણ અત્યારે આપણે વ્યકિતગત ફરિયાદો ભુલી જવાની છે.

ભાજપના ધારાસભ્ય ભગવાનજીભાઇ બારડે એવું વિધાન કર્યું હોવાનું માનવામાં આવે છે કે જૂનાગઢ લોકસભા બેઠક પર ભાજપની લીડ ઘટી શકે છે. આમ ભાજપના પેટમાં પણ ફફડાટ છે. ■

# લખતરમાં ભાજપના કાર્યાલયમાં ભારત માતા કી જય સામે જય ભવાનીના નારા સાથે વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલા જૂના જમાનાના રાજવીઓ અંગેના નિવેદન બાદ ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર-ઠેર ધરણાં, ભાજપ વિરુદ્ધ મતદાન કરવાના શપથ અને ભાજપના કાર્યક્રમમાં ઉગ્ર વિરોધપ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

દરમિયાન લખતરમાં ભાજપ કાર્યાલયના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ક્ષત્રિય યુવાનો પહોંચી ‘જય ભવાની....ભાજપ જવાની’ના નારા લગાવતાં પોલીસે અટકાયત કરી હતી.

પાટડી-દસાડા વિધાનસભા હેઠળ આવતા લખતર ખાતે તાલુકા ભાજપના લોકસભા ચૂંટણીના કાર્યાલયને સુરેન્દ્રનગર જીલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

કાર્યાલયમાં લોકાર્પણ કાર્યક્રમ દરમિયાન ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાનો દ્વારા અંદર ઘૂસી વિરોધ કરી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત કાર્યાલયની બહાર પણ રાજપૂત કરણીસેના તથા ક્ષત્રિય સમાજના આગેવાનોએ ‘રૂપાલા હાય હાય.. જય ભવાની...ભાજપ જવાની’ના નારા લગાવ્યા હતા. વિરોધ કરી રહેલા ક્ષત્રિય સમાજના યુવાનોની લખતર પોલીસે અટકાયત કરી હતી. ■

# ભાજપના વિરોધમાં ભાવનગરનું સોનગઢ ગામ સજ્જડ બંધ





(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના સોનગઢ ગામે ક્ષત્રિય સમાજના લોકોની આગેવાનીમાં વેપાર -ધંધા બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો .જેમાં તમામ સમાજના લોકોએ સમર્થન આપતા આખો દિવસ સોનગઢ ગામ સજ્જડ બંધ રહ્યું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના સોનગઢ ગામ ખાતે ક્ષત્રિય સમાજના લોકોની આગેવાનીમાં પુરુસોતમ રૂપાલા અને ભાજપના વિરોધમાં ગામ બંધ રાખવા નિર્ણય કરવામાં આવ્યો હતો. ક્ષત્રિય સમાજના લોકોને અન્ય સમાજના લોકોએ સમર્થન આપ્યું હતું અને વેપાર -ધંધા બંધ રાખવામાં આવ્યા હતા.

સોનગઢ ગામ બંધ રહ્યું હતું અને રૂપાલાના વિરોધમાં સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં ગામેગામ ધર્મ રથ કાઢી ભાજપનો વિરોધ કરવા ચીમકી આપવામાં આવી છે. ■

કચ્છ ટ્રક ઓનર્સ એસો.ના ભાગલા

# ભાજપના ધારાસભ્ય અને પૂર્વ પ્રધાન વચ્ચે બબાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા સરહદી જિલ્લા કચ્છના અંદાજે ૧૦ હજારથી વધુ ટ્રક માલિકોના કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન નામના સંગઠનની ભુજના કુકમા ગામ ખાતે યોજાયેલી બેઠકમાં બે મજબૂત જૂથ વચ્ચે નવા પ્રમુખની વરણીને લઈને પૂર્વાનુમાન મુજબ સર્જાયેલી બબાલના અંતે ભાગલા પડી ગયાં છે અને બંને જૂથે એસોસિએશનમાં પોત-પોતાના પ્રમુખની વરણી કરી હોવાની જાહેરાત કરી દીધી છે!.

છેલ્લાં સાત વર્ષથી પ્રમુખ તરીકે સંગઠનમાં એકચક્રી શાસન ચલાવતાં વાસણ ભાઈ આહીરના પુત્ર નવઘણ આહીરને એક જૂથે પોતાના પ્રમુખ તરીકે રિપીટ કર્યા છે. બીજી તરફ, પ્રતિસ્પર્ધી જૂથે અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિન્હ જાડેજાના ભત્રીજા બ્રિજરાજસિંહ પ્રહ્‌લાદસિંહ જાડેજાને સંગઠનના નવા પ્રમુખ તરીકે જાહેર કરી દીધા છે.

ગત ગુરુવારે બપોર બાદ કુકમા ખાતે યોજાયેલી ટ્રક ઓનર્સ એસોસિએશનની વિશાળ સભામાં અંજારના પૂર્વ ધારાસભ્ય વાસણભાઈ આહીરના પુત્ર નવઘણ આહીરના સમર્થકો અને અબડાસા બેઠકના વર્તમાન ધારાસભ્યના સમર્થકો સામસામે આવી ગયાં હતાં અને સ્ટેજ પર ચડી એક-બીજા સાથે ધક્કામુકી કરવા લાગ્યા હતા.

નવઘણ આહિરના સમર્થકોએ નવઘણની પ્રમુખ તરીકે પુનઃ વરણી કરાઈ હોવાનું બારોબાર જાહેર કરી ઝિંદાબાદના નારા પોકારતાં પ્રદ્યુમનસિન્હના પુત્ર અર્જુનસિંહ અને તેમના સમર્થકોએ બ્રિજરાજસિંહને સંગઠનના નવા પ્રમુખ તરીકે જાહેર કરી તેના ઝિંદાબાદના નારા પોકાર્યા હતાં. પ્રમુખપદે સામસામા દાવાઓના લીધે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી અને બબાલ મોટું સ્વરૂપ લે તે અગાઉ સભા સ્થળ પર હાજર પોલીસે દરમિયાનગીરી કરી મામલો બિચકવા દીધો નહોતો. સ્ટેજ પર હાજર અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ નવઘણ આહીર પાસે ધસી જઈને તેના હાથમાં રહેલું માઈક બળજબરીપૂર્વક ઝૂંટવી લીધું હતું. પ્રદ્યુમનસિંહે જણાવ્યું કે તેઓ એક ટ્રકમાલિક તરીકે બેઠકમાં ભાગ લેવા ગયાં હતાં. છેલ્લાં સાત વર્ષથી નવઘણ આહીર સંગઠન પર એકચક્રી રાજ કરે છે. નિયમ મુજબ દર ત્રણ વર્ષે સંગઠનની જનરલ મિટીંગ અને દર મહિને કારોબારીની મિટીંગ યોજવી પડે છે, પરંતુ સાત વર્ષમાં નવઘણે એકેય વખત આ મીટિંગો યોજી નથી. ટ્રકમાલિકોને કોઈ સમસ્યા હોય ને ફોન કરે તો પ્રમુખ કદી ફોન ઉપાડતો નથી.

આ બેઠકમાં ભાડૂતી માણસોની ફોજ લઈને આવી પોતાને પ્રમુખ તરીકે જાહેર કરાવી ઝિંદાબાદના નારા પોકારાવા એ હિટલરશાહી જ કહેવાય તેમ તેમણે ઉમેર્યું હતું.

હિટલરશાહીના આરોપ મુદ્દે ખુલાસો કરતાં નવઘણ આહીરે જણાવ્યું હતું કે જનરલ બેઠકમાં પ્રમુખની વરણી થવાની જ નહોતી. પ્રમુખ તરીકે મારું ઉદબોધન કરવા માઈક હાથમાં લીધું કે તુરંત પ્રદ્યુમનસિંહે આવીને માઈક છીનવી, મને ધક્કે ચડાવીને બોલવા દીધો નહોતો. સાત વર્ષના ગાળામાં નિયમ મુજબ જનરલ અને કારોબારી બેઠકો યોજી હોવાનું અને એસોસિએશનનો વહીવટ પોતાના સાથે અન્ય બારથી તેર હોદ્દેદારો કરતાં હોવાનું આહીરે જણાવ્યું હતું. ■

# ભરઉનાળે મચ્છુ નદીમાં પાણી છૂટયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મચ્છુ ૩ ડેમમાં મેઈન્ટેનન્સ કામગીરી હાથ ધરવાની થતી હોવાથી મચ્છુ ૩ ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલી પાણીને નદીમાં જવા દેવાની શરૂઆત કરાવમાં આવી હતી. ડેમ ઉલેચવાનું કામ ત્રણ દિવસ ચાલશે.

મોરબી શહેર નજીક આવેલા સિંચાઇના મહત્ત્વના એવા મચ્છુ ૩ ડેમમાં આગામી સપ્તાહથી દિવસમાં ડેમના દરવાજા તેમજ અન્ય રીપેરિંગ કામગીરી હાથ ધરાશે જેથી સિંચાઇ વિભાગની ટેકનિકલ ટીમ દ્વારા આ કામગીરીને ધ્યાને લઇ ડેમ ખાલી કરવાની જરૂરિયાત ઊભી થતાં શુક્રવાર સવારે ૮ વાગ્યે ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલીને પાણી છોડવામાં આવ્યું હતું અને જે આગામી ત્રણ દિવસ સુધી ચાલુ રહેશે. પાણી છોડવાના કારણે ડેમના હેઠવાસમાં આવતા મોરબી તાલુકાના ૧૩ ગામ અને માળિયા તાલુકાના આઠ ગામને એલર્ટ કરવામાં આવ્યા હતા અને લોકોને નદીના પટમાં ન જવા તાકીદ કરવામા આવી હતી.■

સૌરાષ્ટ્ર યુનિ.ની પરીક્ષામાં ગોટાળા

# જસાણી કોલેજમાં વધુ વિદ્યાર્થીઓ ફાળવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં અમુક વિદ્યાર્થીઓની હોલ ટિકિટ બબ્બે વખત જનરેટ કરવામાં આવી હતી. જ્યારે એક કોલેજમા એક્સટર્નલના વિદ્યાર્થીઓને જૂના કોર્સનું પેપર આપી દેવાયાનું સામે આવ્યું હતુ. આ ઉપરાંત સુરેન્દ્રનગરના રતનપર કોલેજનું કેન્દ્ર છેલ્લી ઘડીએ બદલાઈ ગયાનું સામે આવ્યા બાદ બારકોડ વિના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવી પડી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન જસાણી કોલેજમા ૪૫૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની હતી પરંતુ વધુ ૧૦૦ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જેથી છેલ્લી ઘડીએ ઓનલાઇન મળેલા પેપરની વધુ પ્રિન્ટ કરવામાં સમય વીતી ગયો હતો જેને કારણે વિદ્યાર્થીઓને પેપર પણ મોડું આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત અમુક વિદ્યાર્થીઓ હોલ ટિકિટ વિના પરીક્ષા આપવા બેઠા હતા. જેથી અમુક વિદ્યાર્થીઓએ લોબીમાં બેસી પરીક્ષા આપી હતી. જ્યારે એમ.એ. સેમેસ્ટર-૨ એક્સટર્નલમાં ઇન્ડિયન કલ્ચરનુ પેપર ઓનલાઇન મોકલેલું હતુ તે ન ખૂલતા હાથે લખેલું પેપર પરીક્ષાની ૨૦ મિનિટ બાદ આપવું પડ્યું હતું. આ ઉપરાંત એમ.કોમ. સેમેસ્ટર-૨ માં લીગલ આસપેક્ટસ ઓફ કોર્પોરેટનું પેપર હતું.

જોકે કોલેજમાં જે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તેઓ એક્સટર્નલના વર્ષ ૨૦૨૪ના વિદ્યાર્થીઓ હોવા છતાં તેઓને વર્ષ ૨૦૧૬ નું જૂનું પેપર આપી દેવામાં આવ્યું હતું. તેમજ સુરેન્દ્રનગરના રતનપરમાં આવેલી કોલેજમાં એમ.એ. સેમેસ્ટર-૨ માં એક્સટર્નલમાં સમાજશાસ્ત્રનું પેપર હતું.

વિદ્યાર્થીઓ આ કેન્દ્ર પર પરીક્ષા આપવા માટે પહોચ્યા હતા. તેઓને કહેવામાં આવ્યું કે તમારું પેપર અહીં નથી. જોકે બાદમાં બારકોડ વિના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી હતી. ■

# પાટડીમાં કેરીનો રસ પીધા બાદ ૩૦થી વધુની તબિયત લથડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના પાટડીમાં બરફના ગોળા અને કેરીનો રસ પીધા બાદ ૩૦થી વધુ લોકોને ઝાડા-ઊલટી થઈ હતી જેમાંથી ૧૫ થી ૧૭ દર્દીઓને પાટડી સરકારી દવાખાને અને અન્ય દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

સુરેન્દ્રનગરના પાટડીમાં આ વર્ષે આકરા ઉનાળાની શરૂઆત થતાં ચાર રસ્તા પર કેરીના રસ અને બરફના ગોળા ખુલી ગયા છે. નાના ભૂલકાઓથી માંડીને વૃદ્ધો સુધી, દરેક જણ ખુલ્લેઆમ આ બરફના ગોળા અને કેરીના રસની મજા માળી રહ્યા છે. દરમિયાન પાટડીમાં બરફના ગોળા અને કેરીનો રસ પીધા બાદ ૩૦થી વધુ લોકોને અચાનક ઝાડા-ઊલટી થવાથી પરિવારજનોમાં ભારે દોડધામ મચી ગઇ હતી. જેમાંથી ૧૫ થી ૧૭ દર્દીઓને પાટડી સરકારી દવાખાને અને અન્ય કેટલાક દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ■

# રાજકોટ ગ્રામ્ય પોલીસે બે બૂટલેગરને પાસામાં ધકેલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ ગ્રામ્ય પોલીસે બે બૂટલેગરને પાસામાં ધકેલ્યા હતા. પોલીસે એક વડોદરા અને બીજાને અમદાવાદની મધ્યસ્થ જેલમાં મોકલી દીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટમાં લોકસભાની ચૂંટણીને પગલે કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બનાવવાના હેતુસર બૂટલેગરો વિરુદ્ધ પાસાની કાર્યવાહી કરવા રાજકોટ રેન્જ આઈજી અશોક કુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડની સૂચનાથી કાર્યવાહી કરવામાં આવી છે.

વીરપુર પોલીસની ટીમે રામજી ઉર્ફે રામકુ બાવનજી મકવાણા (રહે. વાળાડુંગરા ગામ તા.જેતપુર)ની ગુનાહિત ઇતિહાસની માહિતી એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતા જિલ્લા કલેકટરે પાસા વોરંટ ઇશ્યૂ કરતા આ આરોપીને રાઉન્ડ અપ કરી પાસા વોરંટની બજવણી કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી દીધા હતા.

જ્યારે શાપર પોલીસની ટીમે દારૂનો મોટો જથ્થો બહારના રાજ્યમાંથી મંગાવી વેચાણ કરતા અગાઉ પકડાયેલ બૂટલેગર રોહીત રમેશ કાપડી (ઉં.વ.૨૧ રહે.હાલ વેરાવળ (શાપર) હાઉસિંગ બોર્ડ સોસાયટી શિવજીના મંદિર પાસે, મુળ ગામ-પાસ્તડી તા.ભાણવડ જી.દેવભુમી દ્વારકા)ની પાસા દરખાસ્ત તૈયાર કરી, જિલ્લા કલેકટરને મોકલતા, પાસા વોરંટ ઇશ્યૂ કરતા આ આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સોંપવા તજવીજ કરાઈ હતી. ■

# રાજયના ૩૫ માછીમારો પાકિસ્તાન જેલમાંથી ૩૦મીએ મુક્ત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરના એક સહિત રાજ્યના ૩૫ માછીમારો અને એક સિવિલિયનને પાકિસ્તાનની જેલમાંથી ૩૦ એપ્રિલે મુક્ત કરાશે. જેના પગલે માછીમારોના પરિવારજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. પોરબંદર બોટ એસોસિએશનના પૂર્વ પ્રમુખ અને માછીમાર અગ્રણી જીવનભાઈએ આપેલી માહિતી અનુસાર આગામી ૩૦ એપ્રિલે પાકિસ્તાનની વિવિધ જેલમાં કેદ ૩૫ ખલાસી અને એક સિવીલિયન મળી ૩૫ નાગરિકોને મુક્ત કરાશે.

આ તમામ નાગરિકોનો કબજો તા ૨જીના રોજ વાઘા બોર્ડર ખાતે ભારત સરકારને સોપવામાં આવશે. મુક્ત થનાર તમામ માછીમારોના નામ પણ પાક સરકારે જાહેર કર્યા હતા. જે મુજબ પોરબંદરનો વિજય મોહન નામનો ખલાસી પણ મુક્ત થશે. જેના પગલે માછીમારોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

જીવણભાઈએ જણાવ્યું હતું કે, મુક્ત થનાર તમામ માછીમારો છેલ્લા દોઢથી બે વર્ષથી પાકિસ્તાનની વિવિધ જેલમાં કેદ હતા. જેનું ફિશિંગ દરમિયાન પાકિસ્તાન મરીન દ્વારા અપહરણ કરાયું હતું. હાલમાં ૧૮૯ માછીમારો પાકિસ્તાનની વિવિધ જેલમાં છે.

જેમાંથી ૩૫ માછીમારો મુક્ત થયા બાદ પણ ૧૫૪ માછીમારો ત્યાંની જેલમાં રહેશે તેને પણ વહેલીતકે મુક્ત કરવા જોઈએ તેવી માંગ છે અને માછીમારોની રોજીરોટી સમાન અબજો રૂપિયાની ૧૨૦૦થી વધુ ફિશિંગ બોટો પણ પાકિસ્તાનના વિવિધ બંદરોએ સડી રહી છે. આ બોટો પણ પાકિસ્તાન સરકારે પરત કરવી જોઈએ તેવું પણ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે દિવાળીના તહેવાર પૂર્વે જ પાકિસ્તાન દ્વારા રાજ્યના ૮૦ માછીમારોને મુક્ત કરાયા હતા. એ અગાઉ પણ જૂન અને જુલાઈ ૨૦૨૩ દરમિયાન બે તબક્કામાં ૩૯૯ માછીમારોને મુક્ત કરાયા હતા. ■